સ્વાધ્યાય

વસંતપંચમી
વિ. સં. ૨૦૩૦

પુસ્તક ૧૧
અંક ૨

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

અપ્સરા–કાલેશ્વરીની નાળ (માલપુર પાસે)

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા

સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મેનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી, ૧૯૭૪.

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૩૦ — પુસ્તક ૧૧

જાન્યુઆરી, ૧૯૭૪ — અંક ૨

વીસમી સદીના ઈંગ્લેંડમાં ફિલસૂફીનો વિકાસ

સુનયના હ. દ્વિવેદિયા

આ લેખનો મુખ્ય હેતુ ગુજરાતના બુદ્ધિજીવીઓને ૧૯૦૦ પછીની અંગ્રેજ ફિલસૂફીનો પરિચય કરાવવાનો છે.

૧૯૦૦ પછીના લાંબા ગાળાની (તત્ત્વજ્ઞાનના વિષયના સંદર્ભમાં) સૂક્ષ્મ વીગતોમાં ઊતરવું અશક્ય છે. ચારપાંચ યુગપ્રવર્તક ફિલસૂફોના વિચારોને આવરી લઈ ઉપરનો હેતુ આપણે પાર પાડીશું. આ લેખમાં મેં બર્ટ્રાન્ડ રસેલ, જી. ઈ. મૂર, વિટજેન્સ્ટીન અને એ. જે. એયરને આધુનિક યુગના મુખ્ય પ્રતિનિધિ તરીકે લીધા છે.

આ સદીમાં ફિલસૂફીમાં જે 'ક્રાન્તિ' થઈ તે મુખ્યત્વે કરીને મૂર ને રસેલને આભારી છે. આ ક્રાન્તિ સમજવાને માટે આપણે પરંપરાગત પાશ્ચાત્ય ફિલસૂફી કઇ જાતની હતી તે ટૂંકમાં જોવું પડશે. પરંપરાવાદી ફિલસૂફોને મતે આ ભૌતિક દુનિયાથી પર સનાતન મૂલ્યોનો એક પ્રદેશ આવેલો છે. આ મૂલ્યો (सत्यम् शिवम् सुन्दरम्) તે તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર ને સૌન્દર્યશાસ્ત્રનાં પાયાનાં મૂલ્યો છે. 'સત્ય' ઉપરથી તર્કશાસ્ત્ર ઘડાયેલું છે, शिवम्ના મૂલ્ય પર નીતિશાસ્ત્ર રચાયેલું છે અને सुन्दरम्ના મૂલ્ય ઉપર સૌન્દર્યશાસ્ત્ર સ્થપાયેલું છે. આ વિશ્વમાં એક સુદૃઢ નૈતિક વ્યવસ્થા છે અને તેના આધારે ચોક્કસ ક્રિયાપ્રવૃત્તિઓની સત્યાસત્યતાનો નિર્ણય થઈ શકે છે. વળી એક આગવી સૌન્દર્યવ્યવસ્થા છે. તેના આધારે અમુક વસ્તુઓ સુન્દર કે અસુન્દર હોઈ શકે છે. તે જ પ્રમાણે એક પરમ સત્યને આધારે વિવિધ વિધાનોની સત્યાસત્યની સાબિતી મળી શકે છે. અર્થાત્ પરંપરાગત ફિલસૂફી નીતિવ્યવસ્થા, સૌન્દર્યવ્યવસ્થા અને ઋતની ત્રિપુટીમાં માને છે.

આ પાયાનાં મૂલ્યો ઈશ્વરપ્રણીત છે. ઈશ્વર અચૂકપણે અસ્તિત્વ ધરાવે છે અને મનુષ્ય એ ઈશ્વરનો સાક્ષાત્કાર આ ત્રણ મૂલ્યો દ્વારા કરી શકે છે. આથી તત્ત્વમીમાંસા મુખ્યત્વે આ મૂલ્યો અને ઈશ્વર વિષેનો અભ્યાસ છે.

૧૯૦૦માં આ વિચારોમાં આમૂલ પરિવર્તન આવ્યું. બર્ટ્રાન્ડ રસેલે પ્રતીકાત્મક તર્કશાસ્ત્રની મદદથી અને જી. ઈ. મૂરે પોતાની આગવી પ્રતિભાથી ઉપર દર્શાવેલા વિચારમાં ફેરફાર આણ્યો.

આ ક્રાન્તિ થવાનું બીજું પણ એક કારણ હતું. પ્રો. રાઈલના કથન મુજબ ૧૯૦૦ પહેલાંની ફિલસૂફી મુખ્યત્વે પાદરીઓ શીખવતા હતા. પાદરીઓ આદર્શવાદી હોય તેમાં શી નવાઈ? ધર્મ ને ફિલસૂફીને તેમણે જુદાં ગણ્યાં નહિ. પણ ૧૯૦૦ પછી ફિલસૂફીનું અધ્યાપન સામાન્ય રોજિંદું જીવન જીવતા માનવીઓ હસ્તક આવ્યું. આ પ્રાધ્યાપકો વિજ્ઞાનના પ્રાધ્યાપકો જોડે રોજ હળતા મળતા. આથી વિજ્ઞાનના પ્રાધ્યાપકોને ગળે ઊતરે તેવી ફિલસૂફી ઘડવાની તેમને ફરજ પડી. આમે ય અંગ્રેજ પ્રજા વ્યવહારપટુ અને શાણી ગણાય છે. તેમને કોઠાસૂઝ(Common sense)ની વિરુદ્ધ જાય એવી ફિલસૂફી પસંદ નહોતી.

આ બધાં ઘટકોને કારણે ઇંગ્લંડમાં લૉક, બર્કલી અને હ્યુમની જે અનુભવવાદી પરંપરા હતી તે પાછી સજીવન થવા પામી. લૉક, બર્કલી અને હ્યુમે ભારપૂર્વક કહ્યું હતું કે ગમે તેવી કલ્પનાની કે ગમે તેવા વિચારની આધારશિલા અનુભવ છે. દા. ત. આપણે સોનેરી પર્વતની કલ્પના કરીએ તોપણ આપણને સોનું અનુભવગમ્ય છે અને પર્વતનો પણ આપણને અનુભવ છે. પ્રાગાનુભવિક ખ્યાલોને લૉક, બર્કલી અને હ્યુમે નકાર્યા. ૧૯૦૦ના અરસામાં ખાસ કરીને હ્યુમની ફિલસૂફી પુનર્જીવન પામી. ફિલસૂફોને લાગ્યું કે કાન્ટ હ્યુમના સવાલોનો જવાબ આપી શક્યા નથી.

પ્રથમ આપણે જી. ઈ. મૂરની ફિલસૂફીની ઝાંખી કરીશું. મૂરે 'આદર્શવાદનું ખંડન' નામનો ૧૯૦૩માં જે લેખ લખ્યો તેનો જવાબ હજુ સુધી આદર્શવાદીઓ આપી શક્યા નથી. મૂરે આ લેખમાં બતાવ્યું કે બધી આદર્શવાદી ફિલસૂફીનું મૂળ વાક્ય આ છે: 'કોઈ પણ વસ્તુનું હાર્દ અથવા તત્ત્વ તેના અનુભવમાં છે'. મૂરે બતાવ્યું કે આદર્શવાદીઓના આ કથનમાં એક ગંભીર ક્ષતિ છે. આદર્શવાદીઓના મતે સંવેદનક્રિયા અને સંવેદ્ય વસ્તુ એ બેને એકબીજાથી છૂટાં પાડી શકાતાં નથી. પણ જ્યારે હું કોઈ ભૂરી વસ્તુ નિહાળું છું ત્યારે મારું મન ભૂરું નથી થઈ જતું. આપણે સંવેદનક્રિયા અને સંવેદ્ય વસ્તુને છૂટાં નથી પાડી શકતાં, કારણ કે ચેતના હવાની જેમ 'પારદર્શક' છે. (ચેતના ને હવા જ્યાં સુધી અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી આપણને તેનું ભાન હોતું નથી. હવા જ્યારે ઓછી થવા માંડે છે ત્યારે આપણને ગૂંગળામણ થાય છે.) આથી આપણે સંવેદનક્રિયા અને સંવેદ્ય વસ્તુને છૂટાં પાડી શકતાં નથી. પાછળથી રસેલે સંવેદ્ય વસ્તુને સંવેદન-પ્રદત્ત (Sense-datum) નામ આપ્યું. આમ મૂરે સંવેદનક્રિયા ને સંવેદ્ય વસ્તુને જુદાં ગણ્યાં.

મૂરે 'બધા સંબંધો અન્તર્ગત છે' એ આદર્શવાદી વિધાનનું ખંડન કર્યું. મૂરે આદર્શવાદી મન્તવ્યનો એવો અર્થ કર્યો કે બધા સંબંધો તેનાં પદોને જુદાં બનાવે છે. પણ મૂરે બતાવ્યું કે આ તદ્દન ખરું નથી. દા. ત. વસ્ત્રમાંથી સૂત્રના તાંતણાને કાઢી લઈએ તો તે 'તાંતણો' મટી જતો નથી અને તે વસ્ત્રમાં વણાઈ જવાથી તેના સૂત્ર સ્વરૂપને હાનિ પહોંચતી નથી. આથી બધા સંબંધો તેનાં પદોને જુદાં બનાવે છે તે સંપૂર્ણતયા સાચું નથી. રસેલે પણ મૂરના આ મન્તવ્યને પુષ્ટિ આપી જાહેર કર્યું કે ઇંગ્લંડમાં કોઈ સામાન્ય બનાવ બને તો તેનાથી ચીની ખેડૂતની જિંદગીમાં કશો ફેરફાર થતો નથી. ટેકનોલૉજીને લીધે દુનિયા વધુ ને વધુ સાંકડી બનતી જાય છે તે ખરું, પણ તેથી કોઈ પણ બનાવ દુનિયાને બીજે છેડે કશુંક પરિવર્તન આણે જ તેમ માનવું ભૂલભરેલું છે.

૧૯૨૫માં મૂરે 'કોઠાસૂઝનું પ્રતિપાદન' નામક લેખ લખ્યો. એમાં તેઓએ આપણી દઢ માન્યતાઓની એક સૂચિ આપી; જેમ કે 'મારે શરીર છે', હું અમુક વર્ષો પહેલાં જન્મ્યો હતો' ને 'પૃથ્વીના પૃષ્ઠ ઉપર હું વર્ષો સુધી રહ્યો અને હવે પછી પણ રહીશ', 'આ પૃથ્વી મારા જન્મ પહેલાં અસ્તિત્વમાં હતી, તેના પર અનેક જીવો વસ્યા છે.' આ બધાં વિધાનો સંપૂર્ણપૂણે ખરાં છે એમ હું કહી શકું છું એવો મૂરે દાવો કર્યો. આ વિધાનોનો અર્થ જરા પણ સંદિગ્ધ નથી. મૂરે કહ્યું કે બીજા વિદ્વાનો પણ મારા જેવી જ માન્યતાઓ ધરાવે છે, અને ધરાવશે. મૂરને અફસોસ એ વાતનો હતો કે ઘણા ફિલસૂફો આ કોઠાસૂઝી માન્યતાઓની વિરુદ્ધમાં પોતાની ફિલસૂફી ઘડે છે. તેમને મતે ભૌતિક વસ્તુઓ જેવી કોઈ ચીજો છે જ નહિ. સમય ખરેખર સત્ય નથી અને બીજાના મનનું અસ્તિત્વ છે જ નહીં. (એકમનવાદ). આ બધાં મન્તવ્યો કોઠાસૂઝની વિરુદ્ધ છે. પણ આદર્શવાદી તો ઉપર બતાવી તેવી કોઠાસૂઝી માન્યતાઓને પણ દઢપણે સ્વીકારે છે. આથી આદર્શવાદી ફિલસૂફની માન્યતાઓ પરસ્પરવિરોધી છે.

હવે આપણે 'મૂર અને રોજિંદો ભાષાવ્યવહાર'નો સંબંધ તપાસીએ. મૂર શું 'રોજિંદી ભાષા'નો ફિલસૂફ હતો? મૂરને ઘણા આધુનિક ફિલસૂફોએ–ખાસ કરીને નોરમન માલ્કમે–રોજિંદી ભાષાનો ફિલસૂફ કહ્યો છે. મૂરે માત્ર કોઠાસૂઝનું જ પ્રતિપાદન કર્યું છે એમ નથી, પણ તેણે રોજિંદી ભાષાને પણ પ્રતિષ્ઠા આપી છે એમ તે કહે છે.

આપણે માની લઈએ કે એવી ઘણી વસ્તુસ્થિતિ અસ્તિત્વ ધરાવે છે કે જ્યારે કોઈ કહે છે કે 'આ એક હાથ છે' ત્યારે સામાન્ય સૂઝ પ્રમાણે અને શબ્દોના રોજિંદા અર્થ પ્રમાણે તે માન્યતા ખરી હોય છે, પણ અન્ય ધોરણો મુજબ આ માન્યતા ખોટી પણ હોઈ શકે. અમુક ફિલસૂફો આ 'અન્ય ધોરણો'ને પસંદગી આપે પણ ખરા. મૂરનું મન્તવ્ય હતું કે આ ચર્ચામાં રોજિંદા વ્યવહારને અનુસરતો અને તે મુજબ માન્યતા ઘડતો ફિલસૂફ ખરો છે. અને આથી વિપરીત ધોરણો મુજબ માન્યતા ઘડતો ફિલસૂફ ખોટો છે. ભાષા તો જેમ વપરાતી હોય તેમ જ વપરાય. જ્યારે ફિલસૂફોનાં મન્તવ્યો આપણી રોજિંદી માન્યતાઓને અનુરૂપ હોવાં જ જોઈએ એમ મૂર કહે છે, ત્યારે તે રોજિંદી ભાષાનો ફિલસૂફ બની જાય છે એમ માલ્કમનું કહેવું છે. તેના શબ્દોમાં કહીએ તો ઘણા મહત્ત્વના ફિલસૂફોની ફિલસૂફી રોજિંદી ભાષાને અવગણે છે; જ્યારે મૂરની ફિલસૂફી આ રોજિંદી ભાષાને વખોડનારાઓને વખોડે છે.

પણ મૂરે કોઈ દિવસ એવું તો કહ્યું જ નથી કે રોજિંદી ભાષાનું સ્વરૂપ પૂર્ણ હોય છે. મૂર ઘણા જ ચોક્કસ સત્યશોધક હતા. આથી જો તે પોતાની જાતને રોજિંદી ભાષાના ફિલસૂફ તરીકે ઓળખવા માગતા હોત તો તેમણે નિઃશંકપણે તેમ કર્યું હોત. આથી નોરમન માલ્કમના મન્તવ્ય સાથે હું સંમત થતી નથી.

હવે આપણે બર્ટ્રાન્ડ રસેલની ફિલસૂફી તપાસીશું. મૂરે આદર્શવાદનું ખંડન કર્યું તેમ રસેલે એકતત્ત્વવાદ સામે અવાજ ઉઠાવ્યો. રસેલે ગણિત ને તર્કશાસ્ત્રની એકતા સાધી સંખ્યા-(ગાણિતિક એકમ)ને વર્ગ(તાર્કિક એકમ)માં પલટાવી તેમણે ગણિત અને તર્કશાસ્ત્રની એકતા પુરવાર કરી આપી. સંખ્યા તે વર્ગોનો પણ વર્ગ છે એવી વ્યાખ્યા આપી. 'પ્રિન્સિપિયા મેથેમેટિકા'-માં પ્રતીકાત્મક તર્કશાસ્ત્રનું નોટેશન એટલું સારું છે કે તેનો આજે પણ ઉપયોગ થાય છે. નવા

તર્કશાસ્ત્રમાં એરિસ્ટોટલ–પ્રણીત જૂનું તર્કશાસ્ત્ર ત્રણ કે ચાર પાનામાં સમાઈ શકે. પ્રિન્સિપિયા મેથેમેટિકામાં રસેલે ગણિત કયાં પૂરું થાય છે અને તર્કશાસ્ત્ર કયાંથી શરૂ થાય છે તે કોઇ બતાવી આપે એવો પડકાર ફેંકયો હતો. રસેલે કબૂલ કર્યું હતું કે એ પુસ્તક લખવા માટે તેમને એટલો બધો શ્રમ પડ્યો હતો કે ત્યાર પછી એમની બુદ્ધિ કદી પણ એટલા ઉચ્ચ સ્તર પર રહી શકી ન હતી.

આધુનિક તત્ત્વજ્ઞાન પ્રતીકાત્મક તર્કશાસ્ત્રની મદદથી ફિલસૂફીના પ્રશ્નો કેટલે અંશે ઉકેલી શકાય તે વિચારી રહ્યું છે. રસેલે એમની ફિલસૂફીને 'તાર્કિક અણુવાદ' એવું નામ આપ્યું હતું. આધુનિક તત્ત્વજ્ઞાનનો ઝોક તાર્કિક અણુવાદ તરફથી ભાષાકીય તત્ત્વજ્ઞાન તરફનો છે. રસેલનો મુખ્ય વિરોધ આદર્શવાદ અને એકતત્ત્વવાદ સામે હતો. બ્રેડલીએ એક પછી એક જગતના આભાસો (જેવા કે સ્થળ કાળ, કારણ સંબંધ) લઈ તે આભાસો જ છે એમ બતાવાવાનો પ્રયત્ન કર્યો હતો. આમાં ખાસ કરીને સંબંધનું કરેલું ખંડન રસેલને ઘણું ખૂંચ્યું કારણ કે તેનાથી ગણિતશાસ્ત્ર આપણને ચરમ સત્ય બતાવી શકતું નથી એમ પુરવાર થાય છે. કાન્ટ ગણિતશાસ્ત્ર બરાબર સમજ્યા નહોતા એવું રસેલને લાગતું હતું. આથી એમણે હેગેલના એકતત્ત્વવાદને છોડી અનેક તત્ત્વવાદનું સમર્થન કર્યું.

રસેલની ફિલસૂફીને 'તાર્કિક અણુવાદ' એવું નામ આપી શકાય. રસેલે તેના તાર્કિક અણુવાદને એક પૂર્ણ વિકસિત દાર્શનિક સિદ્ધાંતના રૂપમાં ૧૯૧૫માં લંડનમાં અપાયેલી એક વ્યાખ્યાનમાળામાં વિકસાવ્યો. રસેલે પોતે જ કહ્યું છે કે તાર્કિક અણુવાદની સ્થાપનાની સૂઝ–તેને ગણિતના દાર્શનિક અધ્યયનમાંથી સાંપડી હતી. તાર્કિક અણુવાદ તાર્કિક વિશ્લેષણને તત્ત્વાન્વેષણની પદ્ધતિ માને છે. વિશ્વનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન આ જાતના વિશ્લેષણથી આપણને થાય છે તેમ રસેલે દૃઢપણે માન્યું હતું.

તાર્કિક વિશ્લેષણ વૈજ્ઞાનિક વિશ્લેષણથી જુદું પડે છે. તે ન તો ભૌતિક કે રાસાયણિક વિશ્લેષણ છે કે ન મનોવૈજ્ઞાનિક. રસેલ વિધાનોનું વિશ્લેષણ કરે છે એટલે આવી જાતના વિશ્લેષણને તેઓ તાર્કિક વિશ્લેષણ કહે છે. વિધાનોનું એકમ તથ્ય દર્શાવતાં પદો છે. તથ્યની વ્યાખ્યા આવશ્યક નથી, ઉદાહરણ જ બસ છે. સોક્રેટીસનું મરણ એક તથ્ય છે. તથ્ય જ વિધાનોને સત્ય કે અસત્ય બનાવે છે. તર્કવાકય અને તથ્ય વચ્ચે સમરૂપતાનો સંબંધ છે. તર્કવાકયની અભિવ્યકિત સંકેતસૂચક વાકયો દ્વારા થાય છે. પ્રશ્નસૂચક, આજ્ઞાસૂચક ઇચ્છાસૂચક વગેરે વાકયોથી તર્કવાકય વ્યકત થતું નથી. તર્કવાકયમાં કોઈ વાત કહેવામાં આવે છે, કોઇ તથ્યને વ્યક્ત કરવામાં આવે છે અને આને લીધે તર્કવાકય સત્ય કે અસત્ય બને છે. આને શ્લિષ્ટ પ્રતીક (complex symbol)કહે છે, કારણ એની રચના પ્રતીકોના જોડાણથી થાય છે. રસેલ તર્કવાકયને શ્લિષ્ટ કહે છે, કારણ એનો અર્થ અંગભૂત તત્ત્વોના અર્થ પર આશ્રિત છે. રસેલને એવું ઘટકતત્ત્વ શોધી કાઢવું હતું કે જેનું વિશ્લેષણ ના થઈ શકે. આવા તાર્કિક અણુઓ, આદિ તત્ત્વોની ખોજ રસેલ વિશ્લેષણની મદદથી કરે છે. આ આદિ-તત્ત્વોથી વિશ્વનાં તત્ત્વોની ઝાંખી થાય છે.

આણ્વિક તથ્ય (atomic fact) એ એવું તથ્ય છે કે જેમાં એક વિશિષ્ટ વસ્તુનો ગુણ બતાવાય છે કે બેત્રણ વિશિષ્ટ વસ્તુઓનો સંબંધ બતાવવામાં આવે છે. ગુણોને રસેલ એક-પદીય સંબંધ ગણે છે.

રસેલ વિશિષ્ટ વસ્તુઓની વ્યાખ્યા ‘ આણુવિક તથ્યોનાં પદો ’ એવી રીતે આપે છે. વિશિષ્ટ વસ્તુનું ઉદાહરણ એક ‘ અશ્લિષ્ટ રંગીન વસ્તુ ’ છે. ‘ આ રક્ત છે. ’ એ આણુવિક (atomic) તર્કવાક્ય(વિધાન)નું ઉદાહરણ થયું. તર્ક વાક્યો આણ્વિક તથ્યોનું ચિત્રણ કરે છે. તાર્કિક દષ્ટિએ સંપૂર્ણ એ જ ભાષા કહેવાય જેમાં એક વિધાનનાં અંગો ને આણ્વિક તથ્યોનાં અંગો વચ્ચે એક–એક સંબંધ (one-one correspondence) હોય. (એક–એક સંબંધનું ઉદાહરણ–કોઈ એક પત્નીવાદી સમાજસંસ્થામાં પતિઓ ને પત્ની વચ્ચે એક–એક સંબંધ છે)

રસેલે એમ પણ માન્યું હતુ કે સંપૂર્ણ ભાષામાં કોઈ એક જ વિશિષ્ટ વસ્તુ માટે એક જ શબ્દ હોવો જોઈએ. આવી જાતની ભાષા પ્રથમ દષ્ટિએ તથ્યના તાર્કિક સ્વરૂપનો નિર્દેશ કરે છે.

આ અર્થની ‘ ચિત્રનિરૂપણ-પદ્ધતિ ’ની ઠીક ઠીક ટીકાઓ થઈ છે. આ ચિત્રનિરૂપણ-પદ્ધતિ દ્વારા નિષેધાત્મકતા કે સામાન્યતા બતાવી શકાય નહિ. વિધાનના પ્રત્યેક અંગને કંઈ તથ્યના પ્રત્યેક અંગ સાથે સરખાવી શકાય નહિ. ‘ ચિત્રનિરૂપણ ’ એ શબ્દ જ ભ્રામક છે. આપણે તેને સ્થાને ‘ સ્કેચ ’ કે ‘ કાર્ટૂન ’ શબ્દ યોજી શકીએ. જેમ કોઈ કાર્ટૂનિસ્ટ ડીગોલનું કાર્ટૂન તેના લાંબા નાકની મદદથી દોરે તેમ વિદ્વાનો તથ્યચિત્રણ કરે છે.

રસેલની આગવી તાર્કિક પ્રતિભા હોવા છતાં તેનો તાર્કિક અણુવાદ અલ્પાયુષ નીવડ્યો. તાર્કિક અણુવાદની પડતી થઈ, કારણ આખરે તો એ એક જાતનું પરાભૌતિક શાસ્ત્ર જ હતું. રસેલે માન્યું હતું કે પ્રિન્સિપિયા મેથેમેટિકામાં આવેલાં વિધાનોનું માળખું વિશ્વના માળખા સાથે મળતું આવે છે. આ તત્ત્વમીમાંસા નથી તો શું છે ?

તાર્કિક અણુવાદના ઘણા સમર્થકોને લાગ્યું કે તત્ત્વમીમાંસાનું જ ખંડન થવું જરૂરી છે. આથી તાર્કિક અણુવાદનું નિરસન અથવા નિર્મૂલન કરવાનું અનિવાર્ય થઈ પડ્યુ, એમાં ભૂલો હતી એટલા માટે નહિ પણ તે એક તત્ત્વમીમાંસા જ હતી એટલે.

હવે એવું માનવામાં આવ્યું કે ફિલસૂફી એટલે ભાષાની ગવેષણા. ફિલસૂફી એક સિદ્ધાંત નથી પણ એક ક્રિયા છે. અધિકાંશ તર્કવાક્ય અથવા પ્રકથન જે દાર્શનિક સમસ્યાઓ પર લખાયેલાં છે તે અસત્ય નથી પણ અર્થહીન છે. આથી ફિલસૂફોના સવાલોના જવાબો આપવા શક્ય નથી પણ આપણે તેની અર્થવિહીનતા જ બતાવવી ઘટે. ફિલસૂફીના સવાલોનો જન્મ આપણે આપણી ભાષાનું તાર્કિક માળખું સમજી શકતા નથી તેમાંથી થયેલો છે. સમગ્ર સત્ય વિધાનો સમગ્ર પ્રાકૃતિક વિજ્ઞાનમાં સમાયેલાં છે. ફિલસૂફીનો ઉપદેશ આપણા વિચારોની તાર્કિક સ્પષ્ટતા કરવાનો છે. ફિલસૂફીનું પુસ્તક સ્પષ્ટીકરણ કરતાં વાક્યોનું બનેલું હોવું જોઈએ. ફિલસૂફી તત્ત્વમીમાંસાનાં વિધાનોમાં પરિણમતી નથી પણ સ્પષ્ટીકરણ કરાયેલાં વિધાનોમાં પરિણમે છે.

ફિલસૂફોનું કર્તવ્ય જ્ઞાનની સીમાઓ નક્કી કરવાનું છે. બધાં વિધાનોનું મહત્ત્વ સરખું છે. આથી નૈતિક **વિધાનો** સંભવી શકે નહિ, વિધાનોથી ઉચ્ચતર સૃષ્ટિ ના વર્ણવી શકાય. નીતિશાસ્ત્ર વિધાનોનું બનેલું શાસ્ત્ર નથી. નીતિશાસ્ત્ર **transcendental** ઇન્દ્રિયાતીત છે. ફિલસૂફીની સાચી પદ્ધતિ આ છે:— જે કથી શકાય તેનું જ કથન કરવું; જેમ કે પ્રાકૃતિક શાસ્ત્રનાં વિધાનો. એટલે કે એવાં વિધાનો કે જેને ફિલસૂફી જોડે સંબંધ ન હોય, અને જો કોઈ તત્ત્વમીમાંસાનાં વિધાનો

વદે તો એને પુરવાર કરી આપવું જોઈએ કે એ સંકેતચિહ્નોનો અર્થ સમજતો નથી. વાચકને આ પદ્ધતિ ગમે પણ નહિ. એને લાગશે કે આપણે સાચી ફિલસૂફી શીખવતા નથી, પણ ખરું જોતાં આ જ પદ્ધતિ ફળદાયી છે.

આ બધાં મન્તવ્યો વિટ્‌જેન્સ્ટીન નામના ઑસ્ટ્રિયનની ફિલસૂફીનાં છે. (વિટ્‌જેન્સ્ટીને બર્ટ્રાન્ડ રસેલ પાસે ગણિત ને તર્કશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. ૧૯૧૪-૧૮ની લડાઈમાં તેણે ઑસ્ટ્રિયન સેનામાં કામ કર્યું હતું. તેણે ટ્રેક્ટેટસ નામનું જાણીતું પુસ્તક ૧૯૧૮માં પૂરું કર્યું. તે ૧૯૨૨માં અંગ્રેજી અનુવાદ સાથે ઇંગ્લંડમાં પ્રગટ થયું. તેના જીવનકાળ દરમિયાન તેનો એક જ લેખ પ્રગટ થયો હતો. તેનાં બીજાં બધાં પુસ્તકોનું પ્રકાશન મરણોત્તર છે. ૧૯૨૦ થી ૧૯૨૬ સુધીમાં તેણે ઑસ્ટ્રિયામાં જુદી જુદી શાળાઓમાં કામ કરેલું. ૧૯૨૭માં તેણે ‘ વિયેના સર્કલ ’ના ફિલસૂફો જોડે ચર્ચાવિચારણા કરી. ૧૯૨૯માં તે કેમ્બ્રિજ પાછો આવ્યો અને ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી ટ્રીનીટી કૉલેજમાં ફેલો રહ્યો. ૧૯૩૯માં તે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે નીમાયો. ૧૯૪૭માં તેણે આ હોદ્દાનું રાજીનામું આપ્યું. ૧૯૫૧માં તેનું અવસાન થયું).

વિટ્‌જેન્સ્ટીન તેના પ્રાથમિક કાળની ફિલસૂફીમાં બર્ટ્રાન્ડ રસેલના અનુયાયી રહ્યા, પણ પાછળથી રસેલથી તેમના વિચાર જુદા પડ્યા. મેં આ લેખમાં રસેલ અને વિટ્‌જેન્સ્ટીનનો પ્રારંભિક કાળ અભ્યાસના હેતુસર સાથે લીધા છે, કારણ તાર્કિક અણુવાદ ને તેની ફળશ્રુતિ એમાં સમાઈ જાય છે.

આમ તાર્કિક અણુવાદ, તાર્કિક ભાવવાદમાં પરિણમ્યો. ‘તાર્કિક ભાવવાદ’ એ નામ ફીગલે ૧૯૩૧માં વિયેનામાંથી ઉદ્‌ભવેલી ફિલસૂફીને આપ્યું. વિયેના સર્કલનો ઉદ્‌ભવ ૧૯૨૦માં વિયેનામાં થયો. પહેલાં તો તે એક સ્ટડી સર્કલના રૂપમાં હતો. મોરિટ્‌ઝ શ્લિક તેનો પ્રણેતા હતો. કાર્નેપ વાઈસમેન વગેરે આ સર્કલના પ્રથમ પુરસ્કર્તાઓ હતા. ઇંગ્લંડના એ. જે. એયર આ ચળવળ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. વિયેના સર્કલના ઘણાખરા સભાસદો ધંધાદારી ફિલસૂફો ન હતા. તેમનો મુખ્ય રસ વૈજ્ઞાનિક ફિલસૂફીમાં હતો. તત્ત્વમીમાંસા પ્રત્યે તેમની અભિરુચિ ન હતી. નવા પ્રતીકાત્મક તર્કશાસ્ત્રના વિકાસથી તેમને ઘણું પ્રોત્સાહન મળ્યું હતું.

વિયેના સર્કલે તેની પ્રવૃત્તિ વિસ્તારી તો ખરી, પણ તેનું પરિણામ એ આવ્યું કે તેની એકતા તૂટી અને ૧૯૩૦માં તાર્કિક ભાવવાદ ‘ તાર્કિક અનુભવવાદ ’માં પરિણમ્યો.

તાર્કિક ભાવવાદીઓ સંપૂર્ણપણે અનુભવવાદીઓ હતા. નવીન તર્કશાસ્ત્ર અને સમાજ-વિજ્ઞાનનો એમને આશરો હતો. તાર્કિક પ્રશ્નો પર તેમણે તત્ત્વમીમાંસાને નકારી. તત્ત્વમીમાંસા ખોટી નથી પણ અર્થહીન છે એવા વિચારનો તેમણે પુરસ્કાર કર્યો.

ઇંગ્લંડમાં આ મન્તવ્યનું પ્રતિપાદન એ. જે. એયર નામના એક અતિ પ્રભાવશાળી યુવાન ફિલસૂફે જોરશોરથી કર્યું. તેમણે ‘ ભાષા, સત્ય અને તર્કશાસ્ત્ર ’ નામનું પુસ્તક ૧૯૩૬માં બહાર પાડ્યું. આ પુસ્તક તાર્કિક ભાવવાદીઓનું બાઈબલ બની ગયું છે. એયરે કહ્યું: ‘ફિલસૂફીના પરંપરાગત પ્રશ્નો બિનજરૂરી ને નિરુપયોગી છે. પ્રમાણીકરણના સિદ્ધાંત પર આ પ્રશ્નો ચકાસી શકાતા નથી.’ પ્રમાણીકરણના સિદ્ધાંતની વ્યાખ્યા આ પ્રકારની કરી. કોઈ પણ વિદ્વાન ત્યારે જ અર્થપૂર્ણ

બને જ્યારે **વ્યવહારમાં કે સિદ્ધાંતમાં** કોઈ **ઇન્દ્રિય-જ્ઞાન** તેને **સત્ય કે અસત્ય** ઠરાવી શકે–સત્ય કે અસત્ય નહિ તો તેને **સંભવિત** ઠરાવે. પ્રમાણીકરણનો આ સિદ્ધાંત એ. જે. એયરે ઘણી શોધખોળ અને પુષ્કળ પરિશ્રમ પછી ઉપસાવ્યો છે. તે વિધાનોના સંકુચિત અર્થ નથી કરતો. આથી ભૂતકાળ સંબંધી વિધાનો કે બીજાનાં મન વિષેનાં વિધાનો પણ અર્થપૂર્ણ બને છે. તે એની મુખ્ય સિદ્ધિ છે. આ પ્રમાણીકરણના સિદ્ધાંતથી ' ચન્દ્રની પાછલી બાજુએ પહાડો છે ' એવાં વિધાનોને પણ તે અર્થપૂર્ણ ઠેરવે છે. સંપૂર્ણ પ્રમાણીકરણ કે અસંપૂર્ણ પ્રમાણીકરણ, સીધું પ્રમાણીકરણ કે આડકતરું પ્રમાણીકરણ, બધી જાતનાં પ્રમાણીકરણોનો આમાં સમાવેશ થાય છે.

કોઈ પ્રશ્ન ઉઠાવશે કે, ' તો પછી તર્કશાસ્ત્ર કે ગણિતશાસ્ત્રનાં વિધાનોનું ' તેમનું પ્રમાણીકરણ શી રીતે થાય ? ' એયરનો જવાબ એ છે કે તર્કશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના સિદ્ધાંતો સદા કાળ સત્ય હોય છે, કારણ કે આપણે એનો બીજો કોઈ અર્થ કરતા નથી. આપણે વિરોધાભાસમાં પડ્યા વગર તેમને છોડી શકતા નથી. જો આપણે તેને ખોટા ઠરાવીએ તો ભાષાના શબ્દોનો અર્થ બદલાઈ જાય. બીજા શબ્દોમાં કહીએ તો તર્કશાસ્ત્રનાં વાક્યો ને ગણિતશાસ્ત્રનાં વાક્યો વિશ્લેષણાત્મક અર્થાત્ પુનરુક્તિભર્યાં છે. વિટજેન્સ્ટીને ભારપૂર્વક કહ્યું હતું કે પુનરુક્તિ એ અબાધિત સત્ય છે. જો હું એમ કહું કે ' કદાચ વરસાદ પડે છે કે નથી પડતો ' તો મને આબોહવાનું જરા પણ જ્ઞાન થતું નથી. ગણિતશાસ્ત્રમાં ' ૦ 'નું જે મહત્ત્વ છે તેવું મહત્ત્વ પ્રતીકશાસ્ત્રમાં પુનરુક્તિનું છે. આથી વિશ્લેષણવાદીઓ એવા મત પર આવ્યા કે પ્રાગાનુભવિક વિધાનોમાં તથ્યાંશ નથી. પ્રાગાનુભવિક વિધાનો ને આનુભવિક અભ્યુપગમો જ અર્થપૂર્ણ છે. આથી ફિલસૂફી ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી પર એવી સૃષ્ટિ વિષેનાં વિધાનો કરી શકે નહિ. તત્ત્વમીમાંસા પરાભૌતિક દુનિયા નિર્દેશી શકતી નથી.

હવે આપણે વિટજેન્સ્ટીનની ફિલસૂફીનો બીજો કાળ લઈશું ' ફિલોસોફિકલ ઇન્વેસ્ટીગેશન્સ ' નામના પુસ્તકમાં વિટજેન્સ્ટીન ' ટ્રેકટેટસ 'માં અપનાવેલી ફિલસૂફીનો ત્યાગ કરે છે. ' ટ્રેકટેટસ'માં તેમણે લખ્યું હતું કે ભાષા તથ્યનું ચિત્રણ કરે છે. ખાસ કરીને દરેક પ્રાથમિક વિધાન એક આણ્વિક તથ્ય ચિત્રિત કરે છે તે મન્તવ્ય એમણે હવે પડતું મૂક્યું. હવે એમના ભાષાવિષયક ખ્યાલો વ્યવહારવાદી અને સાપેક્ષવાદી બન્યા. તેમને મતે ભાષા હવે જિંદગીનો એક પ્રકાર છે, એક ક્રિયા છે, એક ખેલ છે. વિટજેન્સ્ટીને શબ્દ-ખેલ (language-game)-નો નવો શબ્દપ્રયોગ કર્યો. ભાષા એ એક શબ્દોના મહોરાથી રમાતો ખેલ છે. ભાષા અનેકાર્થી અને બહુરંગી છે. દરેક ભાષાનો હેતુ જુદો જુદો હોય છે. દરેકનું માળખું અને તેના નિયમો ભિન્ન ભિન્ન હોય છે. ભાષાથી આપણે ફક્ત તથ્યો વ્યક્ત નથી કરતા પણ આપણે ભાષાની મદદથી સવાલો પૂછીએ છીએ, આભાર માનીએ છીએ, શાપ આપીએ છીએ, એકબીજાને અભિનન્દીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ, આશરા આપીએ છીએ, ટુચકાઓ કહીએ છીએ, વગેરે. ભાષાનું સામાન્ય સ્વરૂપ કે તત્ત્વ છે જ નહિ. હવે વિટજેન્સ્ટીનને સમજાયું કે અમુક સુગ્રથિત આણ્વિક તથ્યો છે જ નહિ અને તેને આણ્વિક વિધાનોમાં કહી શકાતાં નથી. દા.ત. કોઈ એક લાલ રંગ રંગની દૃષ્ટિએ અશ્લિષ્ટ (simple) હશે, પણ તેનાં અંગોની દૃષ્ટિએ તે શ્લિષ્ટ છે. એક અણુ આમ જોઈએ તો

અણુ છે. પણ તેના ગુણધર્મો તપાસીએ તો તે શ્લિષ્ટ છે. સત્તાનાં ચોક્કસ અને પ્રાથમિક અંગો છે જ નહિ. આપણને વિધાનોના અભ્યાસમાંથી જે વિચાર ઉદ્ભવે છે તે તો અમુક દૃષ્ટિકોણથી અપનાવાયેલો વિચાર છે, અને તે ભાષાના માળખામાંથી ઘડાયેલો વિચાર છે.

આપણે ફક્ત નિરીક્ષણથી કહી શકીએ નહિ કે શબ્દોને અમુક જ ચોક્કસ અર્થ હોય છે. હું જેને 'લાલ' કે 'દુઃખ' કહું છું તેને તમે 'લાલ' કે 'દુઃખ' ન પણ કહો. કોઈ વાર આપણું ઇન્દ્રિયજ્ઞાન એ માનસિક સ્થિતિ નથી વર્ણવતું પણ શારીરિક સ્થિતિ બતાવે છે. દા.ત. મને શરદી થઈ હોય તો કાનમાં અવાજો સંભળાય છે. આથી વસ્તુસ્થિતિ વિષેનું આપણું કહેવાતું જ્ઞાન સોપાધિક, સાપેક્ષ અને અનેકાર્થી હોય છે. વિટ્જેન્સ્ટીન તો 'એકરૂપતા'(Identity)ના સિદ્ધાંતમાં પણ શ્લિષ્ટતા જુએ છે: "બે વસ્તુઓ એક જ કેવી રીતે હોય; આપણે કેમ ખાત્રીપૂર્વક કહી શકીએ કે કોઈ વસ્તુ 'અ કે અ નહિ' એમ હોઈ શકે? શું આપણે કોઈ ત્રીજી સંભાવના કલ્પી શકતા નથી'? આમ વિટ્જેન્સ્ટીન હવે સંપૂર્ણપણે સાપેક્ષવાદી બને છે. કોઈ વાર આ સાપેક્ષવાદ તેમને સંશયવાદ તરફ ઘસડી જાય છે. કોઈ વાર તે રહસ્યવાદી પણ બની જાય છે. અને હંમેશાં તે ચોક્કસ વિધાનોથી દૂર ભાગતા રહ્યા છે.

આમ વીસમી સદીના આરંભથી અત્યાર સુધીમાં અંગ્રેજી ફિલસૂફીની કેવી કાયાપલટ થતી રહી છે તે આપણે જોયું. એકતત્ત્વવાદી આદર્શવાદમાંથી હવે આપણે અનેકતત્ત્વવાદ, સાપેક્ષવાદ અને વ્યવહારવાદ તરફ વળ્યા છીએ. ફિલસૂફી હવે વિજ્ઞાનમુખી બનતી રહી છે. નીતિશાસ્ત્ર, ધર્મ અને રહસ્યવાદ હવે બિન-વિધાની અભ્યાસક્રમો બન્યા છે. કોઈ અમુક પ્રાથમિક સિદ્ધાંતો ઉપરથી એક આખી સૃષ્ટિ વિષેની સંભાવના કરવી એ હવે વર્તુળને સમચોરસ બનાવવા જેવું તાર્કિક રીતે અશક્ય બન્યું છે. વાઈસમેન કહે છે તેમ, ફિલસૂફીમાં હવે પુરાવાઓ શક્ય નથી, કારણ કશુંક સિદ્ધ કરવા માટે જે પૂર્વપ્રતિજ્ઞાઓ (Premises) જોઈએ તે કોઈ પૂર્વપ્રતિજ્ઞાઓ ફિલસૂફી પાસે હવે નથી. ફિલસૂફીમાં હવે કશું સિદ્ધ નથી કરાતું. કાન્ટે દર્શાવેલ 'ઈશ્વર આત્મ-સ્વાતંત્ર્ય કે આત્માની અમરતા" હવે સિદ્ધ કરી શકાતાં નથી.

ધર્મયશોનિધિ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

[સ્વાધ્યાય પુ. ૧૧, અંક ૧, પૃ. ૧૨૧થી ચાલુ]

ગદાયુદ્ધ નીરખતા બલરામ, ભીમનું ગદાયુદ્ધના શાસ્ત્રથી ઊલટું વર્તન સહી ન શક્યા. એ તો 'ધિક્ ધિક્' બોલી હળ ઉઠાવી ભીમને મારવા ઊછળ્યા. પણ અતિબલવાન શ્રીકૃષ્ણે **વિનયનમ્ર** બનીને પોતાના પરિપુષ્ટ ગોળ બાહુઓથી એમને મહાપ્રયત્ને પકડી રાખ્યા. તે વેળા બન્ને શ્વેત-શ્યામ યદુવરો સાયંકાળે આકાશમાં એકી સાથે શોભતા ચન્દ્ર-સૂર્યની જેમ અત્યંત શોભવા લાગ્યા! (૯-૫૯-૧થી૧૦)[૨૭] અને પછી શ્રીકૃષ્ણ કોપેલા બલરામને (સ્નેહ, આદર અને હિતકામના અર્થાત્ વિનયપૂર્વક બુદ્ધિગમ્ય દલીલોથી સમજાવતા) જાણે કે શાન્ત પાડતા હોય એમ બોલ્યા: '૭ પ્રકારની આત્મોન્નતિ ગણાય છે. આત્મવૃદ્ધિ, મિત્રવૃદ્ધિ, મિત્રના મિત્રનો ઉદય, શત્રુની પડતી, શત્રુના મિત્રની પડતી, અને શત્રુના મિત્રના મિત્રની પડતી. આ ૭ પ્રકારની ચઢતીથી ઊલટું પોતાને ત્યાં કે પોતાના મિત્રને ત્યાં થાય (પડતી થાય), તો એને મનોગ્લાનિનું કારણ ગણવું, અને એવી રીતે વર્તવું કે (પરિસ્થિતિ સુધરી જાય અને મનને) તુરત શાન્તિ થાય.[૨૮]

---

૨૭ तमुत्पतन्तं जग्राह केशवो विनयानतः ।
बाहुभ्यां पीनवृत्ताभ्यां प्रयत्नाद्बलवद्बली ॥ ९-५९-९

सितासितौ यदुवरौ शुशुभातेऽधिकं ततः ।
नभोगतौ यथा राजंश्चन्द्रसूर्यौ दिनक्षये ॥ ९-५९-१०

૨૮ उवाच चैनं संरब्धं शमयन्निव केशव ।
आत्मवृद्धिर्मित्रवृद्धिर्मित्रमित्रोदयस्तथा ।
विपरीतं द्विषत्स्वेतत्षड्विधा वृत्तिरात्मनः ॥ ९-५९-११

आत्मन्यपि च मित्रेषु विपरीतं यदा भवेत् ।
तदा विद्यान्मनोज्यानिमाशु शान्तिकरो भवेत् ॥ ९-५९-१२

૯-૫૯-૧૧માંનાં પારિભાષિક પદો માટે જુઓ 'કૌટિલીય અર્થશાસ્ત્ર' ૬-૨. આ શ્લોકમાં 'ઉદય' શબ્દ 'વૃદ્ધિ'ના અર્થમાં પ્રયોજાયેલો છે, પણ 'આશ્રમવાસિકપર્વ'માં અ. ૧૧-૬ અને क्षयः स्थानं वृद्धिरित्युदयाः। કૌ.અ. ૬-૨ જોતાં રાજનીતિનાં ત્રણ અંગ ક્ષય, સ્થાન અને વૃદ્ધિ માટે એ પારિભાષિક શબ્દ છે એમ સ્પષ્ટ થાય છે. ઉપર પૈકી 'સ્થાન'નો અર્થ 'દૃઢ ઊભા રહેવાનું સ્થાન' એવો છે, છતાં સંદર્ભ પ્રમાણે અર્થ ફરે. જેમ કે આશ્રમવાસિક. ૧૧-૯માં એનો અર્થ 'સૈન્ય' થાય છે.

૯-૫૯-૧૨ને આ રીતે પણ મૂકી શકાય:

'...તો મનોગ્લાનિ થાય. (અહીં તો એવું કંઈ બન્યું નથી, કારણ કે આપણા નિકટના સગા અને મિત્ર એવા પાંડવો વિજયી બન્યા છે. તેથી આ લક્ષમાં લેતાં) તમને તરત શાન્તિ થશે.'

શુદ્ધ પુરુષાર્થી પાંડવો, આપણી ફોઈના દીકરા હોઈ સહજ મિત્ર છે. શત્રુઓએ એમનો અત્યંત પરાભવ કરેલો. વળી પ્રતિજ્ઞા પાળવી એ ક્ષત્રિયનો (સ્વ)ધર્મ છે. ભીમે અગાઉ સભામાં પ્રતિજ્ઞા લીધી હતી કે 'હું મહાયુદ્ધમાં સુયોધનની સાથળો ગદા વડે ભાંગી નાખીશ'. પરંતપ ! વળી પૂર્વે મહર્ષિ મૈત્રેયે પણ એને શાપ આપ્યો હતો કે, 'ભીમ ગદા વડે તારી સાથળો ભાંગી નાખશે.' માટે પ્રલમ્બહન્! આમાં મને (ભીમનો) કંઈ વાંક દેખાતો નથી, તેથી તમે રોષ ન કરશો. પાંડવો સાથે આપણે લોહીના અને હૃદયના સંબંધથી બંધાયેલા છીએ, એટલે તેમની વૃદ્ધિ એ આપણી વૃદ્ધિ છે, માટે પુરુષશ્રેષ્ઠ ! કોપ ન કરો.'[૨૯] (૯-૫૯-૧૧ થી ૧૬)

બલરામે ઉત્તર આપ્યો : 'સજ્જનોએ સારી રીતે આચારમાં મૂકેલો (પ્રત્યક્ષ દર્શાવેલો) ધર્મ, અર્થલુબ્ધના અર્થ અને અતિપ્રસંગીના કામ (કામમાં જ રમમાણ રહેનારના કામ) એ બન્નેથી નિયન્ત્રિત બને છે. (વિકાસ નહિ પામતાં સંકુચિત બને છે અર્થાત્ ધર્મ-અર્થ-કામના સંવાદપૂર્વક સમાચરણથી સચવાતો ધર્મ કેવળ અર્થ-કામની અસરથી અધર્મમાં પલટાય છે,) પરન્તુ જે ધર્મ-અર્થ, ધર્મ-કામ કે કામ-અર્થ પ્રત્યે બેદરકાર રહ્યા વિના ધર્મ-કામ-અર્થ ત્રણેનું યથાતથ સેવન કરે છે તે અત્યંત સુખ પામે છે. ગોવિન્દ ! પણ આ ભીમે તો ધર્મભંગ કરીને (ધર્મ-અર્થ-કામના સામંજસ્યપૂર્ણ આચરણમાં) પૂરી અવ્યવસ્થા કરી દીધી છે, અને તમે તો તમને જે પસંદ પડે તે કહો છો (ભીમનો બચાવ કરો છો. મને તે સ્વીકાર્ય નથી.)[૩૦]. (૯-૫૯-૧૭ થી ૧૯)

---

૨૯ (૧) अस्माकं सहजं मित्रं पाण्डवाः शुद्धपौरुषाः ।
स्वकाः पितृष्वसुः पुत्रास्ते परैर्निकृता भृशम् ॥ ९-५९-१३

સર૦ 'કૌટિલીય અર્થશાસ્ત્ર' ૬–૨ : भूम्येकान्तरं प्रकृतिमित्रं मातृपितृसम्बन्धं सहजं धनजीवितहेतोराश्रितं कृत्रिममिति । પોતાનાથી એકાંતરે આવેલો રાજા (કે રાષ્ટ્ર) પ્રકૃતિમિત્ર અને માતાપિતાની સાથે સગાઈ ધરાવનાર મામાનો કે ફોઈનો દીકરો સહજ મિત્ર. ધન તથા આજીવિકા માટે આશ્રય લેનાર કૃત્રિમ મિત્ર.

(૨) ભીમની પ્રતિજ્ઞા માટે જુઓ ૨-૬૩-૧૪.

(૩) મૈત્રેયે દીધેલા શાપ માટે જુઓ ૩-૧૧-૩૧ થી ૩૫.

૩૦ धर्मः सुचरितः सद्भिः सह द्वाभ्यां नियच्छति ।
अर्थश्चात्यर्थलुब्धस्य कामश्चातिप्रसङ्गिनः ॥ ९-५९-१७
धर्मार्थौ धर्मकामौ च कामार्थौ चाप्यपीडयन् ।
धर्मार्थकामान्योऽभ्येति सोऽत्यन्तं सुखमश्नुते ॥ ९-५९-१८
तदिदं व्याकुलं सर्वं कृतं धर्मस्य पीडनात् ।
भीमसेनेन गोविन्द कामं त्वं तु यथात्थ माम् ॥ ९-५९-१९

ધર્મના ખંડદર્શન પ્રમાણે રામની દલીલ ખરી લાગે છે. અર્વાચીન સમયમાં પણ આવી ચર્ચાઓ ચાલ્યા કરે છે તે સર્વવિદિત છે.

પણ ધર્મના સમગ્ર દર્શન પ્રમાણે શું ?

શ્રીકૃષ્ણે ભારોભાર નમ્રતાથી કહ્યું : 'આપ તો અક્રોધી, ધર્માત્મા અને સતત ધર્મવત્સલ તરીકે જગતમાં પ્રસિદ્ધ છો, માટે શાન્ત થાઓ. ક્રોધ ન કરશો. આપ સમજી લો કે (राजा कालस्य कारणम् । ૫-૧૩૦-૧૫ઘ; ૧૨-૭૦-૬ઘ મુજબ રાજા અર્થાત્ આગેવાનોના અધર્મને કારણે) **અત્યારે કલિયુગ પ્રવર્તે છે.** વળી ભીમે પ્રતિજ્ઞા લીધી હતી તો ભીમને વૈર વાળી પ્રતિજ્ઞાના ઋણમાંથી મુક્ત થવા દો.' (૯-૫૯-૨૦, ૨૧)

કેશવનું ધર્મછલવાળું વચન સાંભળી બલદેવ નાખુશ થયા. એ સભામાં ભીમનો 'જિહ્મયોધી' (અધર્મથી યુદ્ધ કરનાર) કહી તિરસ્કાર કર્યો. દુર્યોધનનો 'ઋજુયોધી' (ધર્મ મુજબ યુદ્ધ કરનાર) કહી સત્કાર કર્યો, અને દ્વારકા ચાલ્યા ગયા. (૯-૫૯-૨૨ થી ૨૬)

બલરામ આ રીતે રિસાઈને ગયા તેથી શ્રીકૃષ્ણ, પાંડવો અને પાંચાલો (વિજય મળ્યો હતો તોપણ) થોડા ઢીલા થઈ ગયા યુધિષ્ઠિર તો અત્યંત શોકાતુર થઈ ગયા. તેમને શ્રીકૃષ્ણે (આશ્વાસન તથા ઠપકો આપી, હવેનું કર્તવ્ય બજાવવા તૈયાર કરવા) કહ્યું : 'ધર્મરાજ ! અચેતન થઈને પડેલા બન્ધુવિહીન દુર્યોધનના મસ્તકને ભીમ લાતો મારતો હતો તે અધર્મને તમે શા માટે અનુમતિ આપી ? નરાધિપ ! તમે ધર્મજ્ઞ થઈને આ અધર્મ શાથી જોઈ રહ્યા (અને એને ધમકાવ્યો નહિ)?'[૩૧] (૯-૫૯-૨૭થી ૩૦)

ઠપકો સાંભળતાં શોકોપહતસંકલ્પ થઈ ગયેલા યુધિષ્ઠિર જાગ્યા અને પોતે કરેલી ઉપેક્ષાનો બચાવ કર્યો: 'કૃષ્ણ ! મને ભીમનો અધર્મ ગમ્યો તો નથી, પરન્તુ ભીમના હૃદયમાં કૌરવોએ કરેલાં અપમાનોનું શલ્ય ઊંડે ઊંડે ખૂંપી ગયું હતું તેથી આ આકૃતપ્રજ્ઞ, લોભી, કામવશાનુગ (કામનાઓને વશ મનુષ્યોને અનુસરનારા) સાથે તે ભલે ફાવે એમ વર્તે (અને પોતાની ઘવાયેલી લાગણીઓ શાન્ત કરી લે) એમ વિચારીને મેં એના વર્તનની ઉપેક્ષા કરી હતી !' (૯-૫૯- ૩૧ થી ૩૪)

ધર્મરાજ જેવાએ પણ ચિત્તની સમતુલા ખોઈ, અધર્મને નિષ્કારણ અનુમતિ આપી, તેથી શ્રીકૃષ્ણ મહાકષ્ટે બોલ્યા : 'ભલે, તો એમ થવા દો (ભીમની મરજી મુજબ થવા દો)!'[૩૨] (૯-૫૯-૩૫)

ભીમનું પ્રિય અને કલ્યાણ ઇચ્છતા વાસુદેવે આમ કહ્યું એટલે યુધિષ્ઠિરે ભીમના યુદ્ધ સમયના બધા વર્તનને (ખુલ્લું) અનુમોદન આપ્યું. (૯-૫૯-૩૬)

---

૩૧ धर्मराज किमर्थं त्वमधर्ममनुमन्यसे ।
हतबन्धोर्यदेतस्य पतितस्य विचेतसः ॥ ९-५९-२९
दुर्योधनस्य भीमेन मृद्यमानं शिरः पदा ।
उपप्रेक्षसि कस्मात्त्वं धर्मज्ञः सन्नराधिप ॥ ९-५९-३०

સર° परवाक्यमप्रतिषिद्धमनुमतम् ! 'કૌટિલીય અર્થશાસ્ત્ર' ૧૫-૧: બીજાના વાક્ય અર્થાત્ વાણી-વર્તનની અભિવ્યક્તિનો પ્રતિષેધ ન કરવામાં આવે તે 'અનુમત' (એ નામની 'અર્થશાસ્ત્ર'ની યુક્તિ છે).

૩૨ इत्युक्ते धर्मराजेन वासुदेवोऽब्रवीदिदम् ।
काममस्त्वेवमिति वै कृच्छ्राद्यदुकुलोद्वहः ॥ ९-५९-३५

સંપૂર્ણ ટેકો મળતાં પ્રસન્ન ભીમ હાથ જોડીને ધર્મરાજની સન્મુખ ઉપસ્થિત થયો. ધર્મરાજના સર્વ શત્રુઓ માર્યા ગયાની અને રત્નસમાકીર્ણ વનસ્પતિ સહિતની સમગ્ર પૃથ્વીનું નિષ્કણ્ટક રાજ્ય એમને મળી ગયાની એણે વધામણી ખાધી. (૯-૫૯-૩૭ થી ૪૨)

નમ્રગંભીર ધર્મરાજે ભીમને અભિનન્દન આપ્યું: 'દુર્ધર્ષ ભીમસેન! તેં વૈરનો અંત આણ્યો છે, દુર્યોધનને માર્યો છે અને શ્રીકૃષ્ણની સલાહ મુજબ વર્તીને તેં વસુંધરા જીતી લીધી છે. (પરપિંડ ખાઈને માનભંગ હાલતમાં જીવતી માતાને સુખી કરીને) તું માતાના તેમ જ તારા કોપના ઋણમાંથી મુક્ત થયો છે તે સદ્ભાગ્ય છે. વળી શત્રુને ધૂળ ચાટતો કરીને તું વિજયી થયો છે તે પણ સદ્ભાગ્ય છે!' (૯-૫૯-૪૩, ૪૪)

સુયોધન માર્યો જવાથી શ્રીકૃષ્ણ, પાંડવો અને સૃંજયોનાં અન્તઃકરણ હર્ષથી ઊભરાવા લાગ્યાં. એ લોકોએ ખુશખુશાલ બનીને એવી ધમાલ કરી કે ધરતી ધણધણવા લાગી. ભીમ ઉપર અભિનન્દનોના ઓઘ વરસવા લાગ્યા અને વાચાળ લોકો તો એનાં અતિ ઘણાં વખાણ કરવા લાગ્યા. (૯-૬૦-૩ થી ૧૬)

હર્ષના અતિરેકથી કૌરવો માટે અયોગ્ય વચનો પણ બોલી નાખતા પાંડવો, પાંચાલો અને બીજા વાચાળોને મધુસૂદન શ્રીકૃષ્ણે વાર્યા, 'રાજાઓ! આ મન્દબુદ્ધિ દુર્યોધન હવે (લગભગ) મૂએલો છે. એને તમે ઉગ્ર વાણીથી વારંવાર માર્યો છે, પણ મૂએલા શત્રુને વધુ મારવો ન્યાય્ય નથી. એણે જ્યારથી લાજ મૂકી ત્યારથી જ એ મૂઓ હતો. (જુઓ ખંડ ૩, પ્રકરણ ૧, 'પ્રિય-કામ'માં ૫-૭૧-૨૦ થી ૨૨ વગેરે સંદર્ભો). એ લોભિયા, દુષ્ટ સલાહકારવાળા, સુહૃદોની આજ્ઞા ઉથાપનારાને વિદુર, દ્રોણ, કૃપ, ભીષ્મ અને સૃંજયોએ (=દ્રુપદના પુરોહિતની વિષ્ટિ દ્વારા) ઘણું ઘણું સમજાવ્યો હતો, છતાં એણે પાંડવોને એમના પિતાનો (તથા પાંડવોએ સ્વયં જીતેલા ભાગ-માંથી પણ કંઈ) ભાગ ન જ આપ્યો. હવે આ પુરુષાધમ શત્રુ કે મિત્ર તરીકે યોગ્ય રહ્યો નથી. એ લાકડા જેવો જડ થઈ ગયો છે. એને અતિ વીંધવાથી શો લાભ છે? માટે રાજાઓ! તમે સત્વર રથમાં બેસી જાઓ, અને આપણે અહીંથી ચાલ્યા જઈએ. સારા નસીબે આ પાપાત્મા અમાત્યો અને સગાંવહાલાં સાથે માર્યો ગયો છે!' (૯-૬૦-૧૭ થી ૨૩)

શ્રીકૃષ્ણે જેમ આવે તેમ બોલતા પાંડવ પક્ષના માણસોને વાર્યા, સાથે કૌરવોની કડક સમીક્ષા પણ કરી, તેથી દુર્યોધન અત્યંત ગુસ્સે ભરાયો. પૂંછડી કપાયેલા છંછેડાયેલા ઝેરી નાગની જેમ એ ઊંચો થયો અને ભ્રૂકુટી ચઢાવીને ક્રોધભરી નજરથી શ્રીકૃષ્ણ સામે જોઈને ફૂંફાડા મારવા લાગ્યો. પ્રાણાન્તકરણી ઘોર વેદનાને પણ અવગણીને એ શ્રીકૃષ્ણને ગાળો દેવા લાગ્યો, દુર્યોધનો वासुदेवं वाग्भिरुग्राभिरार्दयत् : 'કંસના દાસપુત્ર! (कंसदासस्य दायाद!) ગદાયુદ્ધમાં મને અધર્મથી ભોંયભેગો કરીને તને (જરાય) લાજ નથી આવતી? તેં અર્જુનને ભીમને, 'સાથળો ભાંગી નાખ' એવી મિથ્યા (કપટી) સંજ્ઞા આપવા કહ્યું હતું તે શું હું નથી જાણતો? તેં, તેં, કપટભર્યા અનેક ઉપાયોથી ઋજુયુદ્ધ કરનારા હજારો રાજાઓને મરાવી નાખ્યા, તોપણ તને લાજ પણ નથી અને ઘૃણા (દયા) પણ નથી!' એ પછી દુર્યોધને અધર્મયુદ્ધનાં ઉદાહરણો આપ્યાં (અલબત્ત, સામા પક્ષનાં જ, પોતાનાં નહિ!): 'શિખંડીને મોખરે રાખી ભીષ્મને પાડ્યા;

અશ્વત્થામા હાથી મરાવી નાખી દ્રોણને નિઃશસ્ત્ર કર્યા, તે પછી ધૃષ્ટદ્યુમ્ને એમનો વધ કર્યો; અર્જુનનો નાશ કરવા રાખી મૂકેલી કર્ણની શકિતને ઘટોત્કચ ઉપર વેડફાવી નાખી; હાથ કપાયેલ ભૂરિશ્રવા અનશન કરીને બેઠો હતો ત્યારે સાત્યકિએ તેને મારી નાખ્યો; કર્ણના અશ્વસેનથી અધિષ્ઠિત સર્પમુખ બાણને વ્યર્થ બનાવ્યું; રથનું પૈડું ઘાંચમાં પડ્યું ત્યારે દુઃખાર્ત અને વ્યગ્ર કર્ણને મારી નાખ્યો;'[૩૩] અને પછી ઉમેર્યું: 'જો તેં અમારી સાથે ઋજુયુદ્ધ કર્યું હોત તો તારો વિજય થાત જ નહિ. તેં અનાર્યે જ કપટમાર્ગ વડે, સ્વધર્મથી યુદ્ધ કરતા અન્ય રાજાઓનો અને અમારો ઘાત કરાવ્યો છે!' (૯-૬૦-૨૪ થી ૩૮)

જવાબમાં વાસુદેવે દુર્યોધનનાં જન્મારાનાં દુષ્કૃત્યો (અનર્થો) વર્ણવ્યાંઃ 'ગાન્ધારીના દીકરા! તું પાપી રસ્તે ગયો તેથી જ ભાઈઓ, પુત્રો, બંધુઓ, ગણો અને સુહૃદો સહિત માર્યો ગયો છે. તારાં જ દુષ્કૃત્યોથી ભીષ્મ-દ્રોણનું પતન થયું છે. તારા જ પાપી શીલનું અનુસરણ કરનાર કર્ણ યુદ્ધમાં હણાયો છે. મૂઢ! મેં તારી પાસે માગણી કરી તોપણ તેં પાંડવોને સ્વરાજ્યનો અર્ધો ભાગ તેમ જ પિતાનો ભાગ, શકુનિના કુનિશ્ચય અને લોભને વશ વર્તીને આપ્યો નહોતો. અને સુદુર્મતે! તેં ભીમને ઝેર દીધું હતું, કુન્તી માતા સહિત પાંચે પાંડવોને લાક્ષાગૃહમાં સળગાવી દીધા હતા, અને દ્યૂત રમ્યા પછી રજસ્વલા યાજ્ઞસેનીને સભા વચ્ચે ઘસડી હતી. દુષ્ટાત્મા! નિર્લજ્જ એવો તું એ વખતે જ વધપાત્ર થયો હતો. દ્યૂતકળાથી અજ્ઞાત અને ધર્મજ્ઞ યુધિષ્ઠિરને અક્ષનિષ્ણાત શકુનિએ છેતરપિંડીથી હરાવ્યા હતા, તેથી (તેના ફળરૂપે) તું રણમાં માર્યો ગયો છે. પાંડવો તૃણબિન્દુના આશ્રમ તરફ મૃગયા કરવા ગયા હતાત્યારે દુષ્ટ જયદ્રથ પાસે તેં કૃષ્ણાને વનમાં દુઃખી કરાવી હતી, અને એકલા બાળક અભિમન્યુને યુદ્ધમાં અનેક જણાએ એક સાથે મળીને તારાં દુરાચરણોને લીધે રેંસી નાખ્યો હતો, માટે ઓ પાપિયા! તું રણમાં માર્યો ગયો છે.'[૩૪] (૯-૬૦-૩૯ થી ૪૬. અનુસંધાનમાં સાથે વાંચો ક્ષેપક ૪૬૭: 'અમે જે અનીતિ કરી છે એમ તું કહે છે, એ તારા લીધે જ અમારે કરવી પડી છે. તેં બૃહસ્પતિ અને ઉશનસ્‌નો ઉપદેશ સાંભળ્યો નથી, વૃદ્ધોનું સેવન કર્યું નથી, કોઈનું હિતવચન સાંભળ્યું નથી, ફક્ત લોભ, અતિશય બળ અને તૃષ્ણાથી વશીભૂત થઈને અકાર્યો જ કર્યાં છે, એનો વિપાક હવે ભોગવ'.)

પ્રત્યુત્તરમાં જનમભરના ગર્વિષ્ઠ દુર્યોધને અભિમાનથી પોતાની સિદ્ધિઓ: અધ્યયન, દાન, સાગર સહિતની ભૂમિના રાજ્યનું શાસન, શત્રુઓનો પરાભવ, રાજાઓને દુર્લભ એવા દેવયોગ્ય ભોગો ભોગવ્યા તથા ક્ષત્રિયો જેવા મૃત્યુની ઇચ્છા કરે તેવું વીરમૃત્યુ મળ્યું ઇત્યાદિ વર્ણવ્યું અને વારંવાર બોલ્યો: को नु स्वन्ततरो मया ? મારા કરતાં વધારે પ્રશસ્ત અન્ત કોને પ્રાપ્ત થયો છે?' અને છેલ્લે ઉમેર્યું: 'હું તો સુહૃદો અને અનુચરો સાથે, અચ્યુત! સ્વર્ગે જઈશ; પણ તમે બધા તો

---

૩૩ જુઓ ભીષ્મપતન માટે ભીષ્મ. અ ૧૧૪થી; દ્રોણવધ માટે દ્રોણ. અ. ૧૬૪થી; કર્ણની શક્તિના વિફલીકરણ માટે દ્રોણ. અ. ૧૫૪; ભૂરિશ્રવાના વધ માટે દ્રોણ. અ ૧૧૭થી; સર્પમુખ બાણની નિષ્ફળતા અને કર્ણવધ માટે કર્ણ. અ. ૬૬થી.

શ્રીકૃષ્ણ અને દુર્યોધનના સ્વભાવ વચ્ચે વિરોધાભાસ છે: શ્રીકૃષ્ણ મરતાને મારતા નથી. આટલા ભયંકર દબાણ વચ્ચે પણ એ સમતુલ છે. જ્યારે દુર્યોધન સમતુલા સાચવી શકતો જ નથી. તેથી પોતાના અધર્મ કે અન-અર્થને લક્ષમાં લીધા વિના બીજાંના વાંક જોયા કરે છે.

૩૪ જયદ્રથના પ્રસંગ માટે જુઓ આરણ્યક. અ. ૨૫૨; અભિમન્યુવધ માટે જુઓ દ્રોણ. અ. ૪૬થી.

(બાંધવો માર્યા જવાથી) નષ્ટસંકલ્પ થઇને શોકમાં જીવશો.' (૯-૬૦-૪૭ થી ૫૦; સર૦ દુર્યોધને માતાપિતાને કહાવેલ સંદેશ ૯-૬૩-૧૮થી ૨૫ ઇત્યાદિ.)

દુર્યોધનનાં આ વચનો બહાર પડતાં (કવિએ એનું કાવ્યમય અભિનન્દન કર્યું અને વર્ણવ્યું કે.) સુગંધી પુષ્પવૃષ્ટિ થઈ. (જાણે કે સ્વર્ગના) ગન્ધર્વો વાદિત્રો વગાડવા લાગ્યા. અપ્સરાઓ ગાવા લાગી. સિદ્ધો 'ધન્ય, ધન્ય' બોલવા લાગ્યા, સુગંધીદાર વાયુ વાવા લાગ્યો. આકાશ વૈડૂર્યમણિ જેવું સ્વચ્છ થઈ ગયું, આવાં અદ્ભુત નિમિત્તો અને દુર્યોધનનો સત્કાર નિહાળીને નેતા શ્રીકૃષ્ણ સહિત પાંડવો વ્રીડિત થઈ ગયા-શરમાઈ ગયા.[૩૫] (૯-૬૦-૫૧ થી ૫૪)

પાંડવપક્ષના રાજાઓ તો 'ભીષ્મ, દ્રોણ, કર્ણ, ભૂરિશ્રવાને અધર્મથી મારી નાખ્યા છે' એમ સાંભળીને શોકાર્ત તથા ખિન્ન થઈ ગયા. પણ શ્રીકૃષ્ણ તો પ્રખર રાજનીતિજ્ઞ હતા. એ શરમાયા પણ ગભરાયા કે લોચવાયા નહિ. એમણે તો મેઘ અને દુંદુભિ જેવા ગંભીર સ્વરે (લોચવાતા પાંડવપક્ષના રાજાઓ પ્રત્યે) કહ્યું: '(ભીષ્મ, દ્રોણ, કર્ણ અને ભૂરિશ્રવા) આ અતિશીઘ્ર અસ્ત્ર ફેંકનારા પરાક્રમી મહારથીઓને તમે સંગ્રામમાં ઋજુયુદ્ધથી હણી શકત જ નહિ. માટે હે નરાધિપો! મેં આવા (અનૃજુ) ઉપાયોનો આશરો લીધો, અન્યથા પાંડવોનો કદાપિ જય થાત જ નહિ. એ ચારે મોટા માણસો જગતના (શ્રેષ્ઠ) અતિરથી હતા અને સ્વયં લોકપાલો પણ તેમને ધર્મ(-યુદ્ધ)થી હણી શકે એમ નહોતું. એવી જ રીતે તાજામાજા થયેલા (ગતકલમ) ગદાપાણિ દુર્યોધનને દંડધારી કાલ પણ ધર્મ(-યુદ્ધ)થી મારી શકે એમ નહોતું. માટે 'અમે દુર્યોધનનો (અન્યાયથી) ઘાત કર્યો છે, તેમ જ વધુ બળવાન ઘણા અવધ્ય શત્રુઓનો મિથ્યા ઉપાયોથી નાશ કર્યો છે' એમ તમારે મનમાં લાવવું જ નહિ. પૂર્વકાળમાં અસુરોનો વિનાશ કરવા દેવોએ આ જ માર્ગ સ્વીકાર્યો હતો (અર્થાત્ હિંસક યુદ્ધમાં અનય અપરિહાર્ય છે). બીજા અનેક સત્પુરુષોએ પણ એ જ માર્ગનું અનુસરણ કર્યું છે, તેથી બીજા સર્વ લોકો હજુ તે જ માર્ગને અનુસરે છે! (કારણ કે હજુ સુધી 'આર્યવૃત્ત', અહિંસક પ્રતિકારનો ઉપાય સૂઝયો નથી.) હવે આપણે કૃતકૃત્ય થયા છીએ અને સંધ્યાકાળ થયો છે, માટે નરાધિપો! ચાલો, આપણે હાથી, ઘોડા અને રથો લઈને છાવણીમાં જઈને વિશ્રામ લઈએ.'[૩૬] (૯-૬૦-૫૫ થી ૬૩)

---

૩૫ अत्यद्भुतानि ते दृष्ट्वा वासुदेवपुरोगमाः ।
दुर्योधनस्य पूजां च दृष्ट्वा व्रीडामुपागमन् ॥ ९-६०-५४

કવીન્દ્ર વ્યાસ તટસ્થ છે. દુર્યોધનની વાતમાં જેટલું તથ્ય હતું તેટલું એને માન આપ્યું અને શ્રીકૃષ્ણ જેમને પૂજનીય પરમેશ્વરના અવતાર તરીકે નિરૂપ્યા છે તેમને પણ એમના મુત્સદ્દી તરીકે આચરેલ, અપરિહાર્ય અધર્મ બદલ શરમિંદા બનતા દર્શાવ્યા છે.

૩૬ અધર્મી શત્રુઓનો અધર્મ કરીને પણ સજ્જનોએ વિનાશ કરવો પડે એવી પરિસ્થિતિ ગાંધીજી સુધી ચાલુ રહી. પરિણામે સજ્જનોને પણ અમુક અંશે કપટવિદ્યા ખીલવવી પડતી, એટલે ચિત્તમાં દૈવી વૃત્તિઓની જડ બેસતી નહિ. તેથી ધર્મીઓનો પક્ષ અધર્મનો આશ્રય લેવાથી બન્ને રીતે નબળો પડતો: ધર્મ પૂરો આચરાય નહિ અને અધર્મ આચરવાથી સામો પક્ષ મજબૂત બને! સજ્જનોએ આચરવાના શુદ્ધ સાધનવાળા માર્ગ તરફનો દરવાજો, જે બંધ હતો તેને હજારો વર્ષની સજ્જનોની સાધના તથા ખોજના અંતે ગાંધીજીએ ખોલ્યો. એ જ અવિચ્છિન્ન સાધના, ખોજ અને તપ વડે દૈવી સંપત્તિ વિકાસ સાધી પૂર્ણતા પામશે.

ભગવાન શ્રીકૃષ્ણનાં ઉત્સાહવર્ધક વચનો સાંભળી પાંડવો અને પાંચાલો સુપ્રસન્ન થઈને સિંહોના લશ્કરની જેમ ગર્જવા લાગ્યા અને દુર્યોધનપતનના વિજયોત્સવને ઘોષિત કરતા શ્રીકૃષ્ણના પાંચજન્યના ધ્વનિની સાથે પોતાના શંખોનો વિજયધ્વનિ ગજાવવા લાગ્યા. (૯-૬૦-૬૪, ૬૫)

એ પછી (શ્રીકૃષ્ણ તથા) પાંડવો, યુયુત્સુ તથા સાત્યકિ કૌરવોની છાવણી તરફ ગયા. ધૃષ્ટદ્યુમ્ન વગેરે યોદ્ધાઓ પોતપોતાનાં શિબિરોમાં ગયા. મનુષ્યો વીખરાઈ ગયા પછી દેખાતી રંગભૂમિ જેવી અથવા ઉત્સવ પતી ગયા પછીના નગર જેવી અથવા તો હાથી ચાલ્યા ગયા પછીના સરોવર જેવી નિસ્તેજ કૌરવ છાવણીમાં કાષાય રંગનાં મલિન વસ્ત્રો પહેરેલાં સ્ત્રીઓ, કંચુકીઓ અને વૃદ્ધ અમાત્યો જ હતાં. એ સૌ પાંડવોની સેવામાં હાજર થઈ ગયાં. પાંડવો રથમાંથી ઊતર્યા, પણ અર્જુનના **પ્રિય અને હિતમાં અત્યંત રત** શ્રીકૃષ્ણે ગાંડીવધન્વા અર્જુનને સૂચના આપી: 'ગાંડીવ અને બન્ને મહાન અક્ષય ભાથાઓને રથમાંથી ઉતારી નાખ. તું પોતે પણ રથમાંથી ઊતરી જા. ભરતશ્રેષ્ઠ! હું એ પછી રથમાંથી ઊતરીશ. નિષ્પાપ! તું ઊતરી જ જા, એમાં તારું કલ્યાણ રહેલું છે.'[૩૭] (૯-૬૧-૧ થી ૧૦ કખ)

એટલે અર્જુન રથમાંથી ઊતરી પડ્યા. એ પછી મેધાવી શ્રીકૃષ્ણ પણ ઘોડાઓની લગામ મૂકી દઈને ગાંડીવધન્વાના રથ ઉપરથી નીચે ઊતરી ગયા. સર્વ પ્રાણીઓના શાસક અને અત્યંત મહાનુભાવ શ્રીકૃષ્ણ રથમાંથી ઊતરી જતાં, અર્જુનના ધ્વજમાંનો દિવ્ય કપિ અન્તર્ધાન થઈ ગયો, અને દ્રોણ-કર્ણનાં દિવ્યાસ્ત્રોથી (પૂર્વે ખરેખર) બળી ગયેલા મહારથને આગ લાગી તથા તુરત જ ભડભડાટ બળવા લાગ્યો; અને ઉપાસઙ્ગ (અક્ષય ભાથા સિવાયના બીજા ભાથા), લગામ, ઘોડા, ધૂંસરી અને ઊંટડા સાથે ભસ્મીભૂત થઈને તે પૃથ્વી પર પડ્યો! રથને બળીને રાખ થયેલો જોઈને પાંડવો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને અર્જુન તો બે હાથ જોડી પ્રેમપૂર્વક પ્રણામ કરી નીચા લળીને નમન કરીને બોલ્યા: 'ગોવિન્દ! ભગવાન! આ રથ આગથી શા કારણે બળી ગયો? યદુનન્દન! આ મહાવિસ્મયજનક બનાવ શાથી બન્યો? મહાબાહો! જો એનું કારણ મારે સાંભળવાલાયક માનતા હો તો મને કહો!'[૩૮] (૯-૬૧-૧૦ ગઘ થી ૧૭)

---

૩૭ ततो गाण्डीवधन्वानमभ्यभाषत केशवः ।
स्थितः प्रियहिते नित्यमतीव भरतर्षभ ॥ ९-६१-८
(સર° ઉપર ૯-૫૯-૩૬ નો સંદર્ભ.)
अवरोपय गाण्डीवमक्षय्यौ च महेषुधी ।
अथाहमवरोक्ष्यामि पश्चाद्भरतसत्तम । ९-६१-९
स्वयं चैवावरोह त्वमेतच्छ्रेयस्तवानघ ॥ ९-६१-१० કખ

૩૮ तच्चाकरोत्तथा वीरः पाण्डुपुत्रो धनंजयः ॥ ९-६१-१० ગઘ
अथ पश्चात्ततः कृष्णो रश्मीनुत्सृज्य वाजिनाम् ।
अवारोहत मेधावी रथाद्गाण्डीवधन्वनः ॥ ९-६१-११
अथावतीर्णे भूतानामीश्वरे सुमहात्मनि ।
कपिरन्तर्दधे दिव्यो ध्वजो गाण्डीवधन्वनः ॥ ९-६१-१२

શ્રીકૃષ્ણ બોલ્યા: ' પરંતપ અર્જુન ! પૂર્વે (કામ-ક્રોધરૂપી મહારથીઓનાં) બહુવિધ અસ્ત્રોથી આ (૧. યુદ્ધરથ, ૨. દેહરૂપી રથ) બળી ગયો હતો. પરન્તુ (પુરુષોત્તમ અને અન્તર્યામી એવો) હું તેના ઉપર આરૂઢ થયેલો હતો તેથી તે સંગ્રામમાં વિશીર્ણ નહતો થયો. પણ તેં આજે (વિજેતા થવાનું) કાર્ય પાર પાડયું એટલે મેં તેને છોડી દીધો, તેથી તે અત્યારે બ્રહ્માસ્ત્રના તેજથી બળીને રાખ થઈ ગયો.'[૩૯] (૯-૬૧-૧૮, ૧૯)

અને પછી મંદ હાસ્ય કરીને અરિહંતા ભગવાન કેશવ રાજા યુધિષ્ઠિરને ભેટીને બોલ્યા: " કાન્તેય ! તમે વિજયી થયા અને શત્રુઓ હાર્યા તે બહુ સારું થયું. સદ્‌ભાગ્યે અર્જુન, ભીમસેન નકુલ-સહદેવ અને તમે પોતે વીરક્ષયકારી આ સંગ્રામમાંથી શત્રુઓનો નાશ કરીને ક્ષેમકુશળ મુક્ત થયા છો. ભારત ! હવે પછી કરવાનાં કાર્યો સત્વર કરવા માંડો. હું જ્યારે અર્જુનની સાથે ઉપપ્લવ્ય આવ્યો હતો ત્યારે મધુપર્ક લાવીને તમે પૂર્વે મને કહ્યું હતું: ' કૃષ્ણ ! આ ધનંજય તમારો ભાઈ અને સખા છે, માટે મહાબાહો ! તમારે એનું સર્વ આપત્તિઓમાં રક્ષણ કરવું.' તમે એમ કહ્યું એટલે મેં પણ એનું રક્ષણ કરવાનું વચન આપ્યું હતું. નરેશ્વર ! રાજેન્દ્ર ! તમારા એ સવ્યસાચી અર્જુનનું મેં રક્ષણ કર્યું છે. અને એ સત્યપરાક્રમી શૂરવીર, ભાઈઓ સહિત વિજયી થયો છે તથા આ વીરક્ષયકારી લોમહર્ષણ સંગ્રામમાંથી મુક્ત થયો છે."[૪૦] (૯-૬૧-૨૦ થી ૨૫)

स दग्धो द्रोणकर्णाभ्यां दिव्यैरस्त्रैर्महारथः ।
अथ दीप्तोऽग्निना ह्याशु प्रजज्वाल महीपते ॥ ९-६१-१३
सोपासङ्गः सरश्मिश्च साश्वः सयुगबन्धुरः ।
भस्मीभूतोऽपतद्भूमौ रथो गाण्डीवधन्वनः ॥ ९-६१-१४
तं तथा भस्मीभूतं तु दृष्ट्वा पाण्डुसुताः प्रभो ।
अभवन्विस्मिता राजन्नर्जुनश्चेदमब्रवीत् ॥ ९-६१-१५
कृताञ्जलिः सप्रणयं प्रणिपत्याभिवाद्य च ।
गोविन्द कस्माद्भगवन्रथो दग्धोऽयमग्निना ॥ ९-६१-१६
किमेतन्महदाश्चर्यमभवद्यदुनन्दन ।
तन्मे ब्रूहि महाबाहो श्रोतव्यं यदि मन्यसे ॥ ९-६१-१७

३९ अस्त्रैर्बहुविधैर्दग्धः पूर्वमेवायमर्जुन ।
मदधिष्ठितत्वात्समरे न विशीर्णः परंतप ॥ ९-६१-१८
इदानीं तु विशीर्णोऽयं दग्धो ब्रह्मास्त्रतेजसा ।
मया विमुक्तः कौन्तेय त्वय्यद्य कृतकर्मणि ॥ ९-६१-१९

४० उपयातमुपप्लव्यं सह गाण्डीवधन्वना ।
आनीय मधुपर्कं मा यत्पुरा त्वमवोचथाः ॥ ९-६१-२३
एष भ्राता सखा चैव तव कृष्ण धनंजयः ।
रक्षितव्यो महाबाहो सर्वास्वापत्स्विति प्रभो ।
तव चैव ब्रुवाणस्य तथेत्येवाहमब्रुवम् ॥ ९-६१-२४

શ્રીકૃષ્ણની આનન્દવર્ધન મધુર વાણીથી યુધિષ્ઠિરનાં રૂંવાં હર્ષથી ખડાં થઈ ગયાં. એમણે જનાર્દનને કહ્યું : 'અરિમર્દન! દ્રોણ-કર્ણનાં મહાસ્ત્રોને સાક્ષાત્ પુરંદર ઇન્દ્ર હોય તોપણ તમારા (સારથ્ય) સિવાય બીજો કોણ સહી શકે? આપના પ્રસાદથી અમે અનેક સંગ્રામોમાં વિજય મેળવ્યો છે, અને આવા મહાયુદ્ધમાં ઊતર્યા છતાંય અર્જુન કદી પણ પરાઙ્મુખ થયો નથી. એ જ રીતે તમારી કૃપાથી જ મહાબાહો! અનેક જાતના ઉપાયોથી મેં (રાજ્યાસન ઉપર) મારા કુટુંબની વંશપરંપરા સ્થાપિત કરી છે અને (ક્ષાત્ર-)તેજવાળી શુભ ગતિ (જીત) પ્રાપ્ત કરી છે. મને મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયને ઉપપ્લવ્યમાં કહ્યું હતું : यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ।' (૯-૬૧-૨૬ થી ૩૦)

એ પછી વિજેતા પાંડવોએ છાવણીમાંથી ખજાનાનો અને બીજી સમૃદ્ધિનો કબજો સંભાળ્યો, વિજયઘોષ કર્યો અને વાહનો છોડી નાખીને થોડો સમય આરામ કરવા બેઠા (૯-૬૧-૩૧ થી ૩૪). દરમિયાન મહાયશસ્વી વાસુદેવે નૈસર્ગિક દક્ષતા અને અગમબુદ્ધિથી સલાહ આપી : 'આપણે મંગલને માટે શિબિરની બહાર વસીએ તો સારું : अस्माभिर्मङ्गलार्थाय वस्तव्यं शिबिराद्बहिः ॥' (૯-૬૧-૩૫). એટલે પાંડવો તથા સાત્યકિએ સંમતિ આપી. શ્રીકૃષ્ણની સાથે (કૌરવોની) છાવણીની બહાર નીકળ્યા અને પવિત્ર ઓઘવતીના તટે નિવાસ કર્યો. (૯-૬૧-૩૬-૩૭)

ભીમે ગદાયુદ્ધમાં દુર્યોધનને યુદ્ધનિયમોથી વિરુદ્ધ વર્તીને માર્યો તે કૃત્ય દ્રૌપદીવસ્ત્રાહરણપ્રસંગની તેની પ્રતિજ્ઞાને અનુરૂપ હતું, તે છતાં મોટું અધર્મકૃત્ય હતું, ધર્મદર્શિની ગાન્ધારી પુત્રશોક વત્તા અધર્મકૃત્યનો બેવડો આઘાત નહિ સહી શકે એમ પાંડવોને લાગ્યું. તેમાંય 'તપસ્વિની ગાન્ધારી તેના તપના પ્રભાવથી ત્રૈલોક્યનેય ભસ્મ કરી શકે એમ છે, એટલે જ્યારે એ અન્યાયથી પુત્રવધ થયાનું સાંભળશે ત્યારે અમને માનસાગ્નિમાં બાળી જ મૂકશે...' એવો ડર યુધિષ્ઠિરના હૃદયમાં પેસી ગયો. તેથી યશસ્વિની ગાન્ધારીનો શોક શાન્ત કરવા માટે હસ્તિનાપુર જવા એમણે શ્રીકૃષ્ણને વિનંતી કરી : 'ગોવિન્દ! અચ્યુત! કલ્પનામાં પણ ન મળે એવું નિષ્કણ્ટક રાજ્ય, તમારી કૃપાથી અમને મળ્યું છે. યાદવનન્દન! આ રોમહર્ષણ સંગ્રામમાં તમારા ઉપર અત્યંત ભારે હુમલા થતા મેં નજરે નિહાળ્યા છે. દેવાસુરના યુદ્ધમાં દેવદ્વેષીઓનો વધ કરવા માટે પૂર્વે તમે જેમ દેવોને સહાય કરી હતી, તે જ રીતે મહાબાહો વાર્ષ્ણેય! તમે અમને સહાય કરી છે અને અર્જુનના સારથિ બનીને અમારું ધારણ (રક્ષણ) કર્યું છે. મહાસંગ્રામમાં જો તમે અર્જુનના નાથ (સંરક્ષક) ન થયા હોત તો આ સૈન્યસાગરને કઈ રીતે જીતી શકાત?[૪૧] તમે ગદા, પરિઘ

स सव्यसाची गुप्तस्ते विजयी च नरेश्वर ।
भ्रातृभिः सह राजेन्द्र शूरः सत्यपराक्रमः ।
मुक्तो वीरक्षयादस्मात्संग्रामाल्लोमहर्षणात् ॥ ९-६१-२५

શ્રીકૃષ્ણે નિર્દેશેલ પ્રસંગનો (જુઓ ખંડ ૩, પ્રકરણ ૧, 'પ્રિયકામ') ૫-૭૦.૮૯થી ૯૩માં અણસાર મળે છે.

૪૧ यदि न त्वं भवेन्नाथः फल्गुनस्य महारणे ।
कथं शक्यो रणे जेतुं भवेैष बलार्णवः ॥ ९-६२-१९

સર[૧] મરણાસન્ની દુર્યોધનના શબ્દો : 'ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે જેવા મારા નાથ હતા છતાં મારી આ અવદશા થઈ છે માટે કાલ દુરતિક્રમ છે...' (૯-૬૩-૭ થી ૯)

વગેરે હથિયારો અને ગાળોની ભારે ઝડીઓ અમારા હિત માટે સહન કરી છે. અચ્યુત ! દુર્યોધન માર્યો જતાં એ બધું સફળ થયું છે. પણ માધવ ! તમે ગાન્ધારીના કોપનો ખ્યાલ કરો. સદૈવ ઉગ્ર તપ તપનારાં એ મહાભાગા, પોતાના પુત્રપૌત્રોનો (અધર્મથી) વધ થયાનું સાંભળતાં અમને બાળી જ મૂકશે. (અને વિજય પરાજયમાં પલટાઈ જશે.) માટે વીર ! (દુર્યોધન સેના ઈરાદાપૂર્વકના અધર્મથી ગયો, જ્યારે પાંડવોને તો ન છૂટકે અધર્મ કરવો પડ્યો એ હકીકત સમજાવી) એમને પ્રસન્ન કરવાં એ મને સમયોચિત લાગે છે. પુત્રશોકથી દુઃખી અને ક્રોધથી લાલચોળ નેત્રોવાળાં ગાન્ધારી સામે પુરુષોત્તમ ! તમારા વિના બીજું કોણ નજર માંડી શકે એમ છે? તેથી માધવ! અરિંદમ ! ક્રોધથી સળગતાં નેત્રોવાળાં ગાન્ધારીને શાન્ત કરવા માટે તમે ત્યાં જાઓ તે મને રુચે છે. તમે જ કર્તા, વિકર્તા અને જગતોના ઉત્પત્તિ-વિનાશનું કારણ છો. તેથી હેતુ અને કારણથી સંયુક્ત સમયોચિત વચનો કહીને મહાપ્રાજ્ઞ ! તમે ગાન્ધારીને સત્વરે શાન્ત પાડી શકશો. ભગવાન પિતામહ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પણ ત્યાં હશે જ...[૪૧અ] (૯-૬૨-૮ થી ૨૮)

વ્યાકુલ ધર્મરાજે વિનંતી કરતાં યદુકુલોદ્વહ શ્રીકૃષ્ણે દારુકને બોલાવી રથ સજ્જ કરાવ્યો અને રથઘોષથી પ્રદેશને ગજાવી મૂકતા વીર્યવાન શ્રીકૃષ્ણ સત્વર હસ્તિનાપુર પધાર્યા. ધૃતરાષ્ટ્રને સમાચાર આપીને રથમાંથી ઊતર્યા.[૪૨] (૯-૬૧-૩૮ થી ૪૦ ; ૬૨-૨૯ થી ૩૩)

અદીનાત્મા (સહેજ પણ લોચવાયા વિનાના, સમાહિત ચિત્તવાળા) શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રના મહેલમાં ગયા. ત્યાં અગાઉથી જ આવી પહોંચેલા (કારુણ્યમૂર્તિ) ઋષિસત્તમ

---

૪૧ અ. त्वं हि कर्ता विकर्ता च लोकानां प्रभवाप्ययः ।
हेतुकारणसंयुक्तैर्वाक्यैः कालसमीरितैः ॥ ९-६२-२६
क्षिप्रमेव महाप्राज्ञ गान्धारीं शमयिष्यसि ।
पितामहश्च भगवान्कृष्णस्तत्र भविष्यति ॥ ९-६२-२७

સર° 'કર્તા અર્થાત સ્વતન્ત્ર ; વિકર્તા અર્થાત્ અદ્ભુત ભુવનોની રચના કરનારા ભગવાન વિષ્ણુ'– 'વિષ્ણુસહસ્રનામ' ૫૪ નું શાંકરભાષ્ય.

૪૨. મહાભારતના યુદ્ધનો વૃત્તાંત સાંભળતાં રાજા જનમેજયે વૈશંપાયનને પ્રશ્ન કર્યો (૯-૬૨-૧ થી ૬): 'પૂર્વે શ્રીકૃષ્ણ સંધિ કરવા કૌરવો પાસે ગયેલા ત્યારે વાટાઘાટો સફળ ન થઈ એટલે યુદ્ધ થયું. એમાં પાંડવોના બધા શત્રુઓ માર્યા ગયા. શત્રુછાવણી શૂન્ય થઈ ગઈ. ઉત્તમ યશ મળ્યો. તો પછી શ્રીકૃષ્ણ શા માટે પુનઃ હસ્તિનાપુર પધાર્યા ? **બ્રહ્મન્ ! અમેયાત્મા જનાર્દન સ્વયં હસ્તિનાપુર ગયા તેનું કારણ કંઈ નાનુંસૂનું તો નહિ જ હોય એવું મને લાગે છે.** માટે અધ્વર્યુસત્તમ ! શ્રીકૃષ્ણ જે કાર્ય નક્કી કરાવવા માટે ગયા હતા તેનું પૂરેપૂરું યથાર્થ કારણ મને કહો.'

न चैतत्कारणं ब्रह्मन्नल्पं वै प्रतिभाति मे ।
यत्रागमदमेयात्मा स्वयमेव जनार्दनः ॥ ९-६२-५
तत्त्वतो मे समाचक्ष्व सर्वमध्वर्युसत्तम ।
यच्चात्र कारणं ब्रह्मन्कार्यस्यास्य विनिश्चये ॥ ९-६२-६

न चैतत्कारणं ब्रह्मन्नल्पं० વગેરે સાથે સરખાવવા ખંડ ૪, પ્રકરણ ૩, 'સંરક્ષક'માં પરિશિષ્ટ ૧–ख દ્રષ્ટવ્ય.

વેદવ્યાસને દીઠા. એમણે કૃષ્ણ દ્વૈપાયન અને ધૃતરાષ્ટ્રનો ચરણસ્પર્શ કર્યો અને અવ્યગ્રપણે ગાન્ધારીને પણ લળીને વન્દન કર્યું. પછી ધૃતરાષ્ટ્રનો હાથ પકડીને યાદવશ્રેષ્ઠ અધોક્ષજ (પારદ્રષ્ટા) શ્રીકૃષ્ણ પોક મૂકીને રડ્યા. એક મુહૂર્ત સુધી શોકાશ્રુ ઢાળ્યાં. (એમ લૌકિક પતાવીને એમણે) પાણીથી આંખો ધોઈને વિધિપૂર્વક આચમન કર્યું. પછી ધૃતરાષ્ટ્રને વિનયથી કહેવા માંડયું: 'ભારત ! પ્રભુ ! તમને ભૂતકાળ તથા ભવિષ્યનું કંઈ અજાણ્યું નથી અને કાળનું ચેષ્ટિત પણ તમે જાણો છો. વળી તમારા મનને અનુકૂળ રહેનારા સર્વ પાંડવોએ કુળનો તથા ક્ષત્રિયોનો નાશ ન થાય તે માટે જે જે કર્યું હતું તેય તમે બરાબર જાણો છો. ધર્મવત્સલ ધર્મરાજા દ્યૂતછળથી હાર્યા પછી શક્તિશાળી ભાઈઓને શપથ આપી; ક્ષમા કરીને વનમાં ગયા તથા અનેક પ્રકારના વેશ ધારણ કરીને અજ્ઞાતચર્યા પણ કરી અને એવા બીજા અનેક ક્લેશો (શક્તિ હતી છતાં) અશક્તોની જેમ સદૈવ સહન કર્યા,[૪૩] યુદ્ધકાળ (અનિવાર્ય જેવો) ઉપસ્થિત થતાં મેં પોતે પણ સર્વ લોકોની સમક્ષ તમારી પાસે (માત્ર) પાંચ ગામોની યાચના કરી હતી. પણ તમે કાળ અને લોભથી પ્રેરાઈને એટલું પણ ન આપ્યું. અને નૃપતિ ! એમ તમારા અપરાધથી સૌ ક્ષત્રિયોનો વિનાશ થઈ ગયો. ભીષ્મ, સોમદત્ત, બાહ્લિક, કૃપ, દ્રોણ, અશ્વત્થામા અને ધીમાન્ વિદુર સુલેહ કરવા કાયમ માગણી કરતા, પરન્તુ તમે તે ન જ સ્વીકારી. ભારત ! ખરેખર **કાલોપહતચિત્ત (કાલથી ગ્રસ્ત મલિન ચિત્તવાળા હોય એવા)** સર્વ લોકો મોહ પામે જ છે, જેમ કે પૂર્વે આ યુદ્ધનો પ્રસંગ આવતાં

---

૪૩ प्रविश्य नगरं वीरो रथघोषेण नादयन् ।
विदितो धृतराष्ट्रस्य सोऽवतीर्य रथोत्तमात् ॥ ९-६२-३३
अभ्यगच्छददीनात्मा धृतराष्ट्रनिवेशनम् ।
पूर्वं चाभिगतं तत्र सोऽपश्यदृषिसत्तमम् ॥ ९-६२-३४
पादौ प्रपीड्य कृष्णस्य राज्ञश्चापि जनार्दनः ।
अभ्यवादयदव्यग्रो गान्धारीं चापि केशवः ॥ ९-६२-३५
ततस्तु यादवश्रेष्ठो धृतराष्ट्रमधोक्षजः ।
पाणिमालम्ब्य राज्ञः स सस्वरं प्ररुरोद ह ॥ ९-६२-३६
स मुहूर्तमिवोत्सृज्य बाष्पं शोकसमुद्भवम् ।
प्रक्षाल्य वारिणा नेत्रे आचम्य च यथाविधि ।
उवाच प्रश्रितं वाक्यं धृतराष्ट्रमरिंदमः ॥ ९-६२-३७
न तेऽस्त्यविदितं किंचिद्भूतभव्यस्य भारत ।
कालस्य च यथा वृत्तं तत्ते सुविदितं प्रभो ॥ ९-६२-३८
यदिदं पाण्डवैः सर्वैस्तव चित्तानुरोधिभिः ।
कथं कुलक्षयो न स्यात्तथा क्षत्रस्य भारत ॥ ९-६२-३९
भ्रातृभिः समयं कृत्वा क्षान्तवान्धर्मवत्सलः ।
द्यूतच्छलजितैः शक्तैर्वनवासोऽभ्युपागतः ॥ ९-६२-४०
अज्ञातवासचर्या च नानावेशसमावृतैः ।
अन्ये च बहवः क्लेशास्त्वशक्तैरिव नित्यदा ॥ ९-६२-४१

આપશ્રી મોહિત થઈ ગયા હતા—મૂઢ બની ગયા હતા ! આ બાબામાં કાલયોગ સિવાય બીજું શું સમજવું ? ખરેખર ! બધું દૈવને જ આધીન છે ! માટે મહારાજ ! તમે આનો દોષ પાંડવો ઉપર ઢોળશો નહિ.[44] પરંતપ ! આમાં ધર્મથી, ન્યાયથી અને સ્નેહથી મહાત્મા પાંડવોનો સહેજ પણ વાંક નથી. આ બધું પોતાના દોષનું ફળ છે એમ સમજીને આપશ્રીએ પાંડવો ઉપર અસૂયા કરવી જોઈએ નહિ. ગાન્ધારીનાં અને તમારાં કુલ, વંશ, પિંડ અને પુત્રોએ કરવાનાં સર્વ કાર્યો હવે પાંડવોએ કરવાનાં છે. પોતાનાં દુષ્કૃત્ય અને આ બાબાનો સંપૂર્ણ વિચાર કરીને તમે પાંડવોનું કલ્યાણ ચિંતવો. ભરતર્ષભ ! હું તમને નમન કરું છું. મહાબાહો ! ધર્મરાજને તમારા તરફ કેવો સ્વાભાવિક પૂજ્યભાવ અને સ્નેહ છે તે તમે જાણો છો. પોતાનો અપકાર કરનારા શત્રુઓની કત્લ કર્યા પછી (એ દયાળુ રાજા) રાતદિવસ બળ્યા કરે છે અને એમને સુખ થતું નથી. નરશાર્દૂલ ! તમારી અને યશસ્વિની ગાન્ધારીની ફિકર કરીને (તેઓ જીવ બાળે છે તેથી) તેમને શાન્તિ થતી નથી. તેથી તમે પુત્રશોકથી બળ્યાઝળ્યા છો, તથા તમારી બુદ્ધિ અને ઇન્દ્રિયો વ્યાકુલ થઈ ગઈ છે, તોપણ તેમને અત્યંત શરમ આવે છે એટલે (આશ્વાસન આપવા) તમારી પાસે આવતા નથી.' (૯-૬૨-૩૬ થી ૫૪)

એ પછી શોકકર્ષિત ગાન્ધારી પાસે જઈને યદૂત્તમ શ્રીકૃષ્ણે માનપૂર્વક કહ્યું : 'હે સુવ્રતા ગાન્ધારી ! તમને કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળો. શુભા ! તમારા જેવી (મહાન) સન્નારી આ જગતમાં કોઈ નથી. (કારણ કે) રાણી ! સભામાં મારી ઉપસ્થિતિમાં તમે ઉભય પક્ષને હિત-કારી ધર્મ-અર્થવાળું નિવેદન કર્યું હતું. પણ કલ્યાણી ! તમારા પુત્રોએ તેને (એક કાને સાંભળી

---

૪૪ मया च स्वयमागम्य युद्धकाल उपस्थिते ।
सर्वलोकस्य सांनिध्ये ग्रामांस्त्वं पञ्च याचिते ॥ ९-६२-४२

'ઉદ્યોગપર્વ'માં આ પ્રસંગનો સીધો નિર્દેશ પ્રાપ્ત થતો નથી.

त्वया कालोपसृष्टेन लोभतो नापवर्जिताः ।
तवापराधान्नृपते सर्वं क्षत्रं क्षयं गतम् ॥ ९-६२-४३

भीष्मेण सोमदत्तेन बाह्लिकेन कृपेण च ।
द्रोणेन च सपुत्रेण विदुरेण च धीमता ।
याचितस्त्वं शमं नित्यं न च तत्कृतवानसि ॥ ९-६२-४४

कालोपहतचित्तो हि सर्वो मुह्यति भारत ।
यथा मूढो भवान्पूर्वमस्मिन्नर्थे समुत्थिते ॥ ९-६२-४५

किमन्यत्कालयोगाद्धि दिष्टमेव परायणम् ।
मा च दोषं महाराज पाण्डवेषु निवेशय ॥ ९-६२-४६

કુપ્રયત્નોમાં નિષ્ફળ જતા પ્રજ્ઞાહીન, લોભથી અંધ માણસો દૈવને બળવાન જણાવી પ્રલાપ કરે છે, અનેસફળ થાય તો અહંકાર કરે છે ! આવા 'અંગજનો'ના પ્રતિનિધિ ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણ તેની જ ભાષામાં આશ્વાસન આપે છે. લોભ અને પુત્રપ્રેમથી સહેજ અંધ, અને અત્યારે શોકાભિભૂત હોઈ એનામાં દૈવી સંપત્તિની ભાષા સમજવાનું ગજું રહ્યું નથી.

બીજે કાને કાઢી નાખ્યું) સાંભળ્યું નહિ.[45] વિજયાર્થી દુર્યોધનને તમે આ કઠોર શબ્દો કહ્યા હતા : **‘ઓ મૂઢ! મારું વચન સાંભળ—જ્યાં ધર્મ છે, ત્યાં જય છે.’** નૃપાત્મજા ! તમારું એ વચન તદ્દન સાચું પડ્યું છે, એમ જાણીને તમે મનમાં શોક ન કરશો, તેમ પાંડવોનો વિનાશ કદી પણ ચિંતવશો નહિ. મહાભાગા ! બાકી તમે જો ક્રોધથી પ્રદીપ્ત ચક્ષુ વડે જુઓ તો, તપના બળને લીધે, તમે સચરાચર પૃથ્વીને બાળી મૂકવા સમર્થ છો.’[46] (૯-૬૨-૫૫ થી ૬૦)

શ્રીકૃષ્ણનાં આ શીતળ વચનો સાંભળતાં ગાન્ધારી શાન્ત થયાં અને બોલ્યાં : ‘કેશવ ! તમે કહો છો તેમ જ છે. માનસિક સંતાપથી મારી બુદ્ધિ ચળી હતી (અને શાપથી પાંડવોને હું ભસ્મ કરી નાખત). પણ તમારાં વાક્યોથી એ સ્થિર થઈ છે. મનુષ્યશ્રેષ્ઠ કેશવ ! પુત્રો વિનાના વૃદ્ધ અંધ રાજાને (અર્થાત્ અમને) તમારો અને પાંડવોનો જ આધાર છે.’ અને પછી વસ્ત્રથી મુખ ઢાંકીને પોકે પોકે રડવા લાગ્યાં.[47] (૯-૬૨-૬૧ થી ૬૫)

શ્રીકૃષ્ણે શોકાતુર ગાન્ધારીને પુનઃ હેતુ અને કારણવાળાં વચનોથી આશ્વાસન આપ્યું. એમ એ રાજારાણીને શાન્ત પાડ્યાં. પછી અશ્વત્થામાના રાત્રિહુમલાના સંકલ્પને સમજી ગયેલા જનાર્દન શ્રીકૃષ્ણ ત્વરાથી ઊઠ્યા. દ્વૈપાયન વેદવ્યાસના ચરણમાં મસ્તક નમાવી પ્રણામ કર્યા અને ધૃતરાષ્ટ્રની રજા માગી : ‘કુરુશ્રેષ્ઠ ! તમારી વિદાય માગું છું મનમાં શોક કરશો નહિ—मा च शोके मनः कृथाः । અશ્વત્થામાનો અભિપ્રાય પાપી છે. રાત્રે પાંડવોનો વધ કરવાની તેને (કુ)બુદ્ધિ સૂઝી છે, તેથી હું સહસા ઊભો થયો છું.’ (૯-૬૨-૬૪ થી ૬૮)

૪૫　सौबलेयी निबोध त्वं यत्त्वां वक्ष्यामि सुव्रते ।
त्वत्समा नास्ति लोकेऽस्मिन्नद्य सीमन्तिनी शुभे ॥ ९-६२-५६
जानामि च यथा राज्ञि सभायां मम संनिधौ ।
धर्मार्थसहितं वाक्यमुभयोः पक्षयोर्हितम् ।
उक्तवत्यसि कल्याणि न च ते तनयैः श्रुतम् ॥ ९-६२-५७

૯-૬૨-૫૬માંનાં શ્રીકૃષ્ણવચન ઔપચારિક વચન નથી, પણ યથાર્થ હકીકત છે.

૪૬　दुर्योधनस्त्वया चोक्तो जयार्थी परुषं वचः ।
शृणु मूढ वचो मह्यं यतो धर्मस्ततो जयः ॥ ९-६२-५८
तदिदं समनुप्राप्तं तव वाक्यं नृपात्मजे ।
एवं विदित्वा कल्याणि मा स्म शोके मनः कृथाः ।
पाण्डवानां विनाशाय मा ते बुद्धिः कदाचन ॥ ९-६२-५९
शक्ता चासि महाभागे पृथिवीं सचराचरम् ।
चक्षुषा क्रोधदीप्तेन निर्दग्धुं तपसो बलात् ॥ ९-६२-६०

૪૭　‘જ્યાં ધર્મ છે ત્યાં જય છે’ એમ નિષ્ઠાપૂર્વક સમજનાર સતી ગાન્ધારીનું દુઃખ છે : ‘વિજય કયા ધર્મનો ? દુર્યોધન વગેરેને અન્યાયથી હણનાર ધર્મનો કે તેર તેર વર્ષ સુધી શક્તિશાળી છતાં અશક્તની જેમ વનમાં અસહ્ય દુઃખો વેઠીને ન્યાયી વર્તનની રાહ જોનાર ધર્મનો ?’ ગાન્ધારી-ધર્મરાજ જેવાં સુનિષ્ઠિત સત્ત્વોની અધ્યાત્મસાધનાભ્યાસમાંથી સ્નેહ-આદર-હિતકામનાયુક્ત આમૂલાગ્ર અહિંસક સંગ્રામની શોધ પરિપૂર્ણ બની.

શ્રીકૃષ્ણની મધુર વાણીથી શાન્ત થયેલાં બન્નેએ એક સાથે: ' મહાબાહો ! તમે શીઘ્ર જાઓ અને પાંડવોનું રક્ષણ કરો. જનાર્દન ! અમે તમને ફરીથી મળીશું,' કહીને લાગણીપૂર્વક વિદાય આપી અને એમ શ્રીકૃષ્ણ તથા સારથિ દારુક ત્વરાથી ચાલી નીકળ્યા (૯-૬૨-૬૯, ૭૦). શ્રીકૃષ્ણ ગયા તે પછી લોકનમસ્કૃત અમેયાત્મા મહર્ષિ વ્યાસે ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપ્યું, અને ધર્માત્મા શ્રીકૃષ્ણ પણ કૃતકૃત્ય થઈને (સતી ગાન્ધારીના ક્રોધાવેગને તત્પૂરતો શાન્ત પાડીને) રાત્રે શિબિરમાં આવ્યા. પાંડવોને મળ્યા. સર્વ સમાચાર આપ્યા અને (શિબિરની બહાર) વસ્યા. (૯-૬૨-૭૧ થી ૭૩)

[પોતાને સર્વોત્કૃષ્ટ માનતા દુર્યોધને સાથળો ભાંગી ગયા પછી સંજયને કહ્યું : ' ભીષ્મ, દ્રોણ કર્ણ જેવા મારા નાથ હતા—સર° અર્જુન અને પાંડવોના નાથ એક શ્રીકૃષ્ણ છે—છતાં મારી આ અવદશા થઈ છે, માટે કાળ દુરતિક્રમ છે...' વળી ભીમે પોતાને અન્યાયથી માર્યો વગેરે હકીકતોનો પ્રચાર કરવા કહ્યું અને ક્ષાત્રધર્મનાં જાણકાર માતાપિતાને સંદેશો કહાવ્યો: ' મારું આવું મૃત્યુ તો સર્વોત્તમ મૃત્યુ છે...' અશ્વત્થામા વગેરેને પણ કહાવ્યું: ' અધર્મી અને (ધર્મયુદ્ધના) નિયમોનો ભંગ કરનારા પાંડવોનો વિશ્વાસ કરશો નહિ ! ' (૯-૬૩-૧ થી ૨૯)

એણે વાર્તાહરો તથા બીજાઓ આગળ પોતાનાં સ્નેહીજનોનું સ્મરણ કરી શોક કર્યો અને અભિલાષા વ્યક્ત કરી: ' વાગ્વિશારદ પરિવ્રાજક ચાર્વાક આ સમાચાર જાણશે તો એ મારા વૈરનો બદલો લેશે...હું તો શાશ્વત લોકોને પામીશ. ' (૯-૬૩-૩૦ થી ૩૮)

વાર્તાહરોએ અશ્વત્થામાને સમાચાર આપ્યા. (૯-૬૩-૪૦ થી ૪૩)

સમાચાર જાણતાં જ અશ્વત્થામા, કૃપ અને કૃતવર્મા દુર્યોધનની પાસે આવ્યા. લોહીથી તરબોળ દુર્યોધન છેલ્લાં તરફડિયાં મારતો હતો. ધૂળમાં રગદોળાતા દુર્યોધનની કફોડી હાલત દેખીને ત્રણે જણા બેભાન જેવા થઈ ગયા. ભોંય પર બેઠા. રડતા અશ્વત્થામાએ લક્ષ્મીની ચંચળતા અને કૃતાન્તની અકળ ગતિનું સ્મરણ કર્યું. (૯-૬૪-૧ થી ૧૯)]

આ છતાં દુર્યોધને મગજ ઠેકાણે રાખી આંસુ લૂછી નાખ્યાં અને અશ્વત્થામાને સમયોચિત શબ્દો કહ્યા. પોતે યુદ્ધમાં પાછી પાની કરી નહિ, (સીધી રીતે નહિ પણ) કપટથી મરાયો, સદૈવ યુદ્ધનો ઉત્સાહ રાખ્યો, સગાંસંબન્ધીઓની સાથે પોતે પણ મૃત્યુશરણ થયો (અર્થાત્ એકલો નહિ જીવે). ત્રણ મહારથીઓ વૈર લેવા બચ્યા તેનો આનન્દ વ્યક્ત કર્યો, અને પછી ઉમેર્યું: ' મારા મૃત્યુનો શોક ન કરતા. તમારે વેદ પ્રમાણ હોય તો માનજો કે મેં અક્ષય લોકો જીત્યા છે. અમિતતેજસ્વી શ્રીકૃષ્ણનો પ્રભાવ હું માન્ય કરું છું. ક્ષાત્રધર્મના અનુષ્ઠાનમાંથી—પાલન કરવામાંથી તેમણે મને ભ્રષ્ટ કર્યો નથી.[૪૮] એ ક્ષાત્રધર્મ (સ્વધર્મ) મને પ્રાપ્ત થયો છે તેથી હું

---

૪૮ मन्यमानं प्रभावं च कृष्णस्यामिततेजसः ।
तेन न च्यावितश्चाहं क्षत्रधर्मात्स्वनुष्ठितात् ॥ ९-६४-२८.

સર° કર્ણે શ્રીકૃષ્ણને કરેલી ભલામણ, ખંડ ૩, પ્રકરણ ૩, ' નયવિધાનજ્ઞ 'માં, ઉદ્યોગ. અ. ૧૩૯નો અંત ભાગનો સંદર્ભ. આ નિર્દેશ આસુરી સંપતમાં રહેલ દૈવી અંશ દર્શાવે છે.

જરા પણ શોક કરવા યોગ્ય નથી. તમે પણ બનતું બધું કરી છૂટ્યા છો. પણ દૈવનું ઉલ્લંઘન કરવું અત્યંત મુશ્કેલ છે—दैवं तु दुरतिक्रमम् ।' (૯-૬૪-૨૦ થી ૨૯)

આ રીતે શોક ન કરવો એમ કહેવા અને ભગવાન શ્રીકૃષ્ણનો પ્રભાવ માન્ય કરવા છતાં, અત્યંત અવલિપ્ત હોઇ દુર્યોધન અત્યંત વિહ્વલ અને શોકાતુર થઈ ગયો. એની આંખો આંસુથી છલકાઈ ગઈ. અશ્વત્થામાથી આ જોયું ન ગયું. એ પ્રલયાગ્નિની જેમ ક્રોધથી પ્રજ્વળી ઊઠયો. એ હાથ મસળીને બોલ્યો : 'પેલા ક્ષુદ્રોએ મારા પિતાને ઘાતકી રીતે રેંસી નાખ્યા તેના કરતાંય અત્યારે મને વધુ સંતાપ થાય છે. એટલે સત્ય, ઈષ્ટાપૂર્ત, દાન, ધર્મ અને સુકૃતના સોગન ખાઇ ને પ્રતિજ્ઞા કરું છું કે, હું આજે જ વાસુદેવના દેખતાં સૌ પાંચાલોને બધી જાતના (સારાખોટા તમામ) ઉપાયોથી યમરાજાને ઘેર વળાવીશ, માટે મને સત્તા આપો.'[૪૯] (૯-૬૪-૩૦ થી ૩૫)

દુર્યોધન રાજી થયો. કૃપાચાર્ય પાસે જળકુંભ મંગાવીને અશ્વત્થામાનો સેનાપતિપદે અભિષેક કર્યો. અને ત્રણે મહારથીઓ વિજય મળે એવા વ્યૂહની ગોઠવણીનું ચિંતન કરતા ચાલી નીકળ્યા. (૯-૬૪-૩૬ થી ૪૩)

* * *

શલ્ય હણાયો એટલે વિજય હાથવેંતમાં જણાતાં પાંડવસૈન્યે શ્રીકૃષ્ણને 'જગતોના નાથ' અને 'ધર્મયશોનિધિ' (અથવા 'સત્યયશોનિધિ') તરીકે ઓળખ્યા.[૫૦]

શ્રીકૃષ્ણ ધર્મ અને યશના સાગર કઈ રીતે હતા? અન્યાયથી યુદ્ધ કરવાની પ્રેરણા આપનાર બીજા અનેક સદ્ગુણોના સાગર હોઈ શકે, પરન્તુ ધર્મ-યશના સાગર હોય? પરમર્ષિ વ્યાસે પુનઃ એક વખત એમના અનુપમ કાવ્યલાઘવથી આનું દર્શન કરાવ્યું છે.

આખરી વિજયની લગભગ નક્કી ઘડી હાથવેંતમાં આવી ત્યારે ધર્મરાજ દયાના અતિરેકથી (અથવા 'હું દયા કરું છું' એવા આસક્તિપૂર્ણ અહંકારયુક્ત 'ધર્માચરણ'ના ભાવથી) વિજય, અત્યંત કરુણ પરાજયમાં પલટાઈ જાય એવી મૂર્ખતા કરી બેઠા. એ મૂર્ખતા શી રીતે સુધરે? અઢારે દિવસના તીવ્રતમ વિગ્રહના અનુભવનો અનુબંધ ચાલુ જ હતો કે હિંસક મહાયુદ્ધ કદી પણ ઋજુ ન હોઈ શકે, અને શ્રીકૃષ્ણે એ કટુ અનુબંધ અનુસાર દુર્યોધનને ગદાયુદ્ધના નિયમ વિરુદ્ધ હણવા સૂચવ્યું. એમાં ભીમની પ્રતિજ્ઞા પાર પડી ગઈ. નહિ તો એ વળી બીજું એક પ્રચ્છન્ન અધર્મકૃત્ય બનત.

---

૪૯ સંપૂર્ણ અધર્મ અને અસત્યનો આશરો લઈને પાંચાલો (તથા પાંડવો)ને રેંસી નાખવાની પ્રતિજ્ઞા લેનારના મનમાં, 'સત્ય, ધર્મ તથા સુકૃત' અંગે અસ્તવ્યસ્તતા અને વિકૃતિ પ્રવર્તે છે તે સાફ છે. અર્વાચીન સમયમાં આ આશ્વત્થામિક માનસનું પ્રાબલ્ય પ્રાચીન સમય કરતાંય ઘણું વધારે પ્રબળ હોય એમ ભાસે છે તેથી પરમાત્માના ઉપાસકો માટે એ બળોને નિયંત્રિત કરવાની અપાર તકો અને આહ્વાન પણ રહેલાં જ છે.

૫૦ વેદવ્યાસ, ભીષ્મ, અર્જુન, ધર્મરાજ જેવા મહાનુભાવો તો શ્રીકૃષ્ણને આ રીતે ઓળખતા હતા. પરન્તુ ઇન્દ્રિયગમ્ય પરિણામ ઉપરથી જ વસ્તુસ્થિતિને સમજી શકતા પ્રાકૃત જનો જેવા (દૈવી સંપદ્‌ની મદદે રહેલા) પાંડવોના લશ્કરે પણ એમને 'ધર્મયશોનિધિ' તરીકે નીરખ્યા. જુઓ ઉપર નોંધ ૬.

શ્રીકૃષ્ણે સૂચવેલા અને ભીમે આચરેલા આ ખંડ-અધર્મ પ્રત્યે બલરામનો પ્રચંડ કોપ પહેલી નજરે ઉચિત જણાય. પરન્તુ એ ખરેખર ઉચિત નથી. પાંડવોને દ્યૂતમાં હારી વનમાં જવું પડ્યું ત્યારે બલરામ હાલી ગયેલા. કૌરવોના અન્યાયથી ગુસ્સે થયેલા (જુઓ ૩-૧૧૯-૩ થી ૨૨). પરન્તુ સામાન્યતઃ બને છે એમ એમનો રોષ ઓગળી ગયો. મૂળ અધર્મકારણ ભૂલી ગયા અને નવેસરથી વિચારવા માંડ્યા. શ્રીકૃષ્ણનું એમ નથી. એ તો ધર્મસંસ્થાપક, ધર્મનિધિ છે.[૫૧] સ્વાર્થી હેતુવાળું અંગત કોઈ પણ પ્રકારનું એમને હિત નથી. એ પાંડવ-કૌરવ સહિત સમગ્ર પ્રજાઓનું અનાસક્તભાવે હિત અને કલ્યાણ વાંછે છે. થોડીક મૂર્ખતાને કારણે જગતના યોગક્ષેમનો કાબૂ અધર્મીઓને ન સોંપી શકાય. અનાસક્ત, નિર્મમ ભાવે વર્તીને કર્તવ્ય કર્મ અર્થાત્ સ્વધર્મ આચરવાનો જ હોય.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥
सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥

૬-૪૦-૪૭,૪૮ (ગીતા ૧૮-૪૭,૪૮)

સારી રીતે આચરેલા પરધર્મ કરતાં **સ્વધર્મ** વિગુણ હોય તોપણ વધારે સારો છે. સ્વભાવને અનુરૂપ (**કર્તવ્ય**) કર્મ (તેના ફલનો ત્યાગ કરીને) આચરનારને પાપ લાગતું નથી (પણ એની ચિત્તશુદ્ધિ કરે છે). કૌન્તેય ! સહજ કર્મ (જન્મની સાથે જ વળગેલું કર્મ—અહીં ક્ષત્રિયનું અધર્મ સામે વિગ્રહ કરવાનું જન્મજાત કર્મ.) સદોષ હોય તોપણ ન ત્યજવું, કારણ કે જેમ અગ્નિ ધૂમાડાથી વીંટાયેલો હોય છે એમ સર્વ કર્મો પણ દોષથી વીંટાયેલાં છે.

એમ કર્મને પરન્તુ પૂર્ણ અનાસક્તિથી, તટસ્થતાથી, નમ્રતાની અવધિ સહ, શાન્તિચાહક નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણ, સજ્જનોના (અને તેથી સજ્જનતાના) પરિત્રાણ માટે, દુર્જનોના વિનાશ માટે, ધર્મસંસ્થાપન કરવા, પરમાત્મતત્ત્વના કરણ બનીને વર્ત્યા, પરમાત્મારૂપ બની રહ્યા **તેથી ધર્મયશોનિધિ છે.** એ હિંસા-અહિંસાથી પણ પર છે. સ્વયં ધર્મ અને યશ છે. ધર્મ અને યશની એ સત્તા આજે પણ દેખીતાં હિંસક તાંડવો વચ્ચે છે જ. માટે તો જગત ટકે છે. સર્વ ક્ષેત્રોમાં એકએકથી ચઢિયાતી શોધો મુશ્કેલીઓનાં તાંડવોના પડકારમાંથી જન્મે છે. પરમાત્માની આ અકળ છતાં તેને સતત કળવાની પ્રેરણા આપતી અજાયબ લીલા છે. ગાંધીજીની અહિંસક સંગ્રામની, સત્યાગ્રહની શોધ એ અવિચ્છિન્ન પરંપરામાં થયેલી શોધ છે અને તે આગળ ધપવાની છે.

---

૫૧ જુઓ ગીતા ૪-૬ થી ૯.

સર૦ શીખ ગુરુઓ અંગે ખુશવંતસીંગનું અવલોકન :

'The only change Govind brought in religion was to expose the other side of the medal. Whereas Nanak had propagated goodness, Govind Singh condemned evil. One preached the love of one's neighbour, the other the punishment of transgressors. Nanak's God loved His saints; Govind's God destroyed His enemies.'

'A History of the Sikhs', Vol. I by Khushwant Singh.

કામ પાર પડી જાય એટલે કૃતકૃત્ય થતાં, દરેક ચીજ વિદાય લે છે, એ કવિસમ્રાટની શીખ છે. (૧. કામ-ક્રોધની કે ૨. ભીષ્મ-દ્રોણાદિરૂપી) શત્રુઓ સાથેના વિભીષણ મહાસંગ્રામમાં અન્તર્યામીની મદદથી વિજય મેળવવાનું કાર્ય પાર પડતાં (દેહરૂપી) રથ બળી જાય એ સર્વથા ઉચિત અને હિતાવહ છે. એનો મોહ રથીને હોય જ નહિ. વિજય પછી રથ બોજારૂપ બની રહે. જીવનના સર્વ વિભાગોમાં આ પારગામી નિર્મમત્વના અભાવથી અનન્તકલ્પ ચિન્તાઓ ઉદ્‌ભવે છે. કવિશ્રેષ્ઠે સ્થૂલતમ વિગતોના વર્ણનમાં આ સૂક્ષ્મતમ વિગત સાવ સરળપણે એમની સ્વસ્થ સૌંદર્યપૂર્ણ નૈસર્ગિક શૈલીથી પ્રસ્તુત કરી છે.

* * *

સ્વયં ધર્મ-યશ શ્રીકૃષ્ણ માટે જે નિર્બંધ હતું, તે યુધિષ્ઠિર માટે કંઈક બંધનકર્તા હતું.[૫૨] 'પોતાના' સામ્રાજ્યને પુનઃ જીતી લેવા માટેનું અમુક પ્રમાણમાં સ્વાર્થી કૃત્ય હતું. સતી ગાન્ધારીના કોપની ઉગ્ર ઝાળ એમને બાળી શકે. એ ઉગ્ર ઝાળથી બચવા એમણે શ્રીકૃષ્ણની મદદ યાચી. શાન્તિચાહક અને યુદ્ધવિરોધી 'દ્વિપદાં વર' શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પહોંચી ગયા. ગાન્ધારી અને ધૃતરાષ્ટ્રને યથાતથ વસ્તુસ્થિતિ સમજાવી આશ્વાસન આપ્યું. એમના ગુસ્સાને ઠંડો પાડવામાં તેઓ સફળ થયા. એટલું જ નહિ પરન્તુ પાંડવોને બચાવી લેવા માટેની આજ્ઞા પણ મેળવી. પારદર્શક નમ્રતાની સફળતાની ચોક્કસ પ્રકારની સીમા દર્શાવી.

ગાન્ધારી અને ધર્મરાજ જેવાં મહાનુભાવ સુનિશ્ચિત સત્ત્વોનો સંઘર્ષ ટાળીને શ્રીકૃષ્ણે તત્ત્વતઃ મહાભારત યુદ્ધ કરતાં પણ વધુ અનર્થ-વિનાશ અટકાવ્યો. બે મહાન સાધનાધારાઓનું સંયોજન કર્યું. ધર્મ અને યશની અભિવૃદ્ધિ કરી.

---

૫૨ સર૦ ખંડ ૩, પ્રકરણ ૮, 'ધર્મસંસ્થાપક'ની નોંધ ૩૪ની થોડીક પંક્તિઓ : "ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ એ સ્વયં ભગવાન છે. ક્ષેત્રજ્ઞ, સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત, અનાસક્ત, નિર્લેપ, સર્વશક્તિમાન છે. એટલે વૃષ્ણિવંશના મહાપુરુષ શ્રીકૃષ્ણ એમની વિભૂતિ છે. ગીતાના શ્રોતા અર્જુન એ નારાયણના અંશરૂપી સ્વયં નર છે, તેથી પરમાત્માની વિભૂતિ છે. એ 'ધનંજય' છે."

કાલિદાસની કૃતિઓ : એક દૃષ્ટિ

બિપિનચંદ્ર કાપડિયા

કવિકુલગુરુ તરીકે પ્રસિદ્ધિ મેળવનાર કવિ કાલિદાસ માત્ર સંસ્કૃત સાહિત્યના પ્રમુખ કવિ, નાટકકાર કે લેખક નથી પરંતુ જગતના અમર સાહિત્યસેવકોની સાથે ગૌરવવંતું સ્થાન, મોભો તથા સન્માન મેળવી શકે તેવા સારસ્વતપુત્ર છે. કાલિદાસ ભારતના રાષ્ટ્રકવિ છે, ભારતીય સંસ્કૃતિના કવિ છે. ડાન્ટે, વર્જિલ, મિલ્ટન, શેકસ્પીઅર, વ્યાસ, વાલ્મીકિ તથા ટાગોરની સાથે ગૌરવવંતું માન તથા સ્થાન મેળવનાર કાલિદાસને માત્ર તેના મેઘદૂત પરથી ભારતના રાષ્ટ્રકવિનું સ્થાન તથા ગૌરવ મળી શકે. મેઘદૂતમાં ગોદાવરીથી ઉત્તરમાં હિમાલયમાં અલકા સુધી ઉત્તરહિંદની યાત્રા કરાવી તો રઘુવંશમાં પુષ્પક વિમાનમાં લંકાથી ગોદાવરી સુધીની યાત્રા કરાવી આખા ભારતની ભૂગોળથી માંડી પુરાણ, ઇતિહાસ, જનકથા આદિના ઉલ્લેખોથી ભાવસભર સંસ્કૃતિ-સંભારની સૌરભ કવિએ છૂટે હાથે વેરી છે. કાલિદાસે પોતાના સમય સુધીમાં સિદ્ધ થયેલાં અને ન થયેલાં આદર્શો, ભાવનાઓ, સ્વપ્નોમાંથી પોતાની કવિતાનું વિશ્વ ઘડયું છે અને એમાં ભારતની સંસ્કૃતિનો નિષ્કર્ષ આપ્યો છે. કવિ ટિલ્ક્ માઈકેલેન્જેલ વિષે કહેલા શબ્દો કાલિદાસની સંસ્કૃતિસેવા અંગે સ્મૃતિપટ પર આવે છે :—

"That was the man who always reappears when any age, to mark its closing years, strives yet once more to recapitulate. There's one who still can heave its total weight and hurl it into his abysmal breast"

સંસ્કૃત સાહિત્યસર્જકોમાં કાલિદાસનું સ્થાન અદ્વિતીય મનાયું છે. કાલિદાસ પોતાની સર્જકપ્રતિભાથી વિશ્વના સાહિત્યવ્યોમમાં પણ ઉજ્જ્વળ સિતારા બની રહ્યા છે. તેની કાવ્યપ્રતિભાથી પ્રેરાઈને પૂર્વ અને પશ્ચિમના અનેક વિદ્વાનોએ પ્રશંસાનાં પુષ્પો સમર્પ્યાં છે. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસકાર શ્રી કૃષ્ણમાચારિયર કવિની મહત્તા આંકતાં લખે છે :

Kālidāsa is a name which is a magic wand of India in the world's poetic literature[1]". વળી "Kālidāsa is the Shakespeare of India" અને "Kālidāsa is the brightest star in the galaxy of Indian poetry"

વગેરે લાસન તથા એલેકઝાન્ડર ફોન હુમ્બોલ્ટે લખ્યું છે.

ડૉ. આઉફ્રેખ્ટના મત પ્રમાણે કાલિદાસના નામ પર સાહિત્યવિષયક અને શાસ્ત્રીય પ્રકારની ૩૪ કૃતિઓ છે, જ્યારે શ્રી કાલેના મત પ્રમાણે તે સંખ્યા ૩૯ છે. શેકસ્પીઅર કરતાં કાલિદાસ માટે ઊલટું બને છે. શેકસ્પીઅરે ૩૬ નાટકો, સૉનેટો વગેરે કૃતિઓ રચી છે, પરંતુ તે તેની નથી

---

૧ કૃષ્ણમાચારિયર : હિસ્ટરી ઑફ્ ક્લાસિકલ સંસ્કૃત લિટરેચર, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૦, પૃ. ૯૯,

પણ બેન જોન્સનની છે એવો એક મત પ્રવર્તે છે. શેક્સપીઅર માટે તેની પાસેથી તેની કૃતિનું કર્તૃત્વ છીનવી લેવા પ્રયત્ન કરાયો છે; ત્યારે કાલિદાસ માટે તેણે જે નથી લખ્યું તે તેના શિરે ચઢાવવા પ્રયત્ન થયો છે! આનું કારણ એ હોઈ શકે કે કાલિદાસની વિશાળ ખ્યાતિ તથા પ્રતિભા પછી તેની પાછળના લેખકો એટલી બધી ઝાંખપ અનુભવવા લાગ્યા કે પોતાની કૃતિનું મહત્ત્વ વધારવા માટે કાલિદાસ નામ ધારણ કરી પોતાની કૃતિઓ કાલિદાસના નામ પર ચઢાવી દીધી. આટલું ઓછું હોય તેમ એક નહીં પણ ત્રણ કાલિદાસ થયા છે તેમ મનાવા લાગ્યું. રાજશેખરે દશમી સદીમાં કાલિદાસત્રયીનો[1] ઉલ્લેખ કર્યો છે. આ પરિસ્થિતિમાં કાલિદાસની કૃતિઓ અને તેમની સંખ્યા નક્કી કરવાનું મુશ્કેલ બને છે. તેમ છતાં પણ નિમ્નલિખિત સાત કૃતિનું વિહંગાવલોકન કરી તેના નામ પર ચઢેલી અન્ય કૃતિઓનો આછોપાતળો પરિચય મેળવીએ.

ऋतुसंहारम् :—કાલિદાસની સર્વપ્રથમ ગણાતી આ કૃતિમાં ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર અને વસંત ઋતુઓનું પ્રેમીઓની દૃષ્ટિએ, પ્રેમીઓને કેન્દ્રમાં રાખીને વર્ણન કરવામાં આવ્યું છે. કાલિદાસ પ્રકૃતિના અમર કવિ છે. ઋતુસંહાર એક સુંદર પ્રકૃતિકાવ્ય પણ છે. પ્રકૃતિસૌંદર્યપરક કાવ્ય લખનારાઓમાં કવિ તરીકે કાલિદાસની સરખામણી વર્ડ્ઝવર્થ જોડે યોગ્ય રીતે કરવામાં આવી છે. પરંતુ આ કૃતિમાં ઉત્કૃષ્ટ વિચારો, કલ્પનાઓ, ભાવનાઓ ન હોવાથી તેમ જ આલંકારિકોએ અલંકારના ગ્રંથોમાં દૃષ્ટાન્ત તરીકે આમાંથી શ્લોકો ન લીધા હોવાથી કેટલાક વિદ્વાનો તેને કાલિદાસની પ્રથમ તેમ જ અપરિણત પ્રજ્ઞાને વ્યક્ત કરતી કૃતિ ગણે છે; જ્યારે કેટલાક ઋતુસંહાર કાલિદાસની કૃતિ છે તેવું સ્વીકારતા પણ નથી. છતાં રમણીય કલ્પનાવિલાસ, પ્રકૃતિપ્રેમ, પ્રણયી-હૃદય પર થતી પ્રકૃતિની અસરનું સુરેખ વર્ણન, તેમની અન્ય કૃતિમાં અભિવ્યક્ત થાય છે તેવી જ રીતે પ્રાસાદિકતા, માધુર્ય, ઉપમા, સંગીતમય ગેયતા વગેરે કાલિદાસીય લક્ષણોથી તે ઓછાવત્તા અંશે યુક્ત છે, તેથી ઋતુસંહાર કાલિદાસની જ કૃતિ છે અને એમાં સંદેહને અવકાશ ન હોવો ઘટે. વત્સભટ્ટિના મંદસોરના શિલાલેખમાં આ કૃતિની અસર જણાય છે.

मेघदूतम् :—વિપ્રલંભ શૃંગારમાં અત્યન્ત રમણીય એવા આ ખંડકાવ્યમાં કાલિદાસની અનુપમ પ્રતિભાનાં દર્શન થાય છે. રામાયણમાંથી પ્રેરણા પીને આવી સુંદર કૃતિ રચવામાં આવી છે. પોતાના અધિકારમાં પ્રમાદને લીધે કુબેર દ્વારા શાપાન્વિત યક્ષ અષાઢના પ્રથમ[2] દિવસે રામગિરિના આશ્રમમાં મેઘને જોઈ પ્રિયતમાના જીવનધારણ માટે મેઘ દ્વારા સંદેશો મોકલે છે. ભારતના અનેક ભૂમિભાગોની પ્રકૃતિશોભા, ભૂગોળ, કિંવદન્તીઓનું વર્ણન આ કાવ્યમાં કાલિદાસની રમણીય અને કમનીય કલ્પનાઓથી મંડિત બન્યું છે. પ્રેમીહૃદયના ઉચ્છ્વાસ સમું આ ઉત્તમ ભાવકાવ્ય મહાકવિની ઉત્કૃષ્ટ કવિત્વશક્તિનો સંકેત કરી જાય છે. આ કાવ્ય માટે એમ કહેવાય છે કે જો કાલિદાસની અન્ય કૃતિઓ નષ્ટ થઈ જાય અને માત્ર મેઘદૂત અવશિષ્ટ રહે તો તેનાથી પણ કાલિદાસ

---

૧ एकोऽपि जीयते हन्त कालिदासो न केनचित् ।
शृंङ्गारे ललितोद्गारे किमु कालिदासत्रयी ॥
રાજશેખર : સૂક્તિમુક્તાવલિ

૨ आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुम् । પૂ. મે. શ્લો. ૨
—મેઘદૂતમ્ પ્રો. શાહ વગેરે, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯

તેટલા જ મહાન બની શકયા હોત. આ કાવ્યની અસર જર્મન કવિ શીલર ઉપર પણ પડી છે. શીલરે "મારિયા સ્ટુઆર્ટ" નામનું કાવ્ય રચ્યું છે. તેમાં કેદ કરાયલી સ્કોટની રાણી મેઘ દ્વારા પોતાના પતિને સંદેશો મોકલે છે. ઈ. હુલ્ત્શ (Hultzch) માને છે કે આ બંને રચનામાં ભાવ-સામ્ય આકસ્મિક છે. હાઈનની સર્વશ્રેષ્ઠ બે કવિતાઓ 'ડી લોટસબ્લૂમ' (કમળનું પુષ્પ) અને 'આઉફ ફ્લુગેલ્ન ડેસ ગેસાંગસ'માં (કાવ્યની પાંખ પર) પણ મેઘદૂતની છાયા સ્પષ્ટ જોવા મળે છે. મેઘદૂતનું બીજું નામ મેઘસંદેશ પણ મનાય છે. સંસ્કૃત સાહિત્યમાં અનેક સંદેશ કે દૂતકાવ્યો જેવાં કે મયૂરદૂત, પવનદૂત, હંસદૂત, નેમિદૂત, હંસસંદેશ, શીલદૂત, મનોદૂત, ઉદ્ધવદૂત વગેરે છે. શ્રી મેકડોનલ મેઘદૂતને ઉત્તમ કોટિના ઊર્મિકાવ્ય તરીકે નવાજે છે. મેઘદૂતને ખંડકાવ્ય તરીકે ગણવામાં આવે છે. શ્રી રંગાચાર્ય તે વિષે જણાવે છે કે :

"It is one of the most perfect products of the poetic art known to human culture and civilization[1]."

મેઘદૂતની સાહિત્યકારો પર એટલી જબરજસ્ત અસર થઇ છે કે મેઘદૂતની જેમ દૂત કે સંદશકાવ્યો તો રચાયાં પરંતુ, જૈનકવિ જિનસેને સમસ્યાપૂર્તિ રૂપે ચાર સર્ગમાં ૩૪૬ શ્લોકોમાં '**પાર્શ્વાભ્યુદય**' નામનું કાવ્ય લખ્યું છે અને તેમાં પ્રત્યેક શ્લોકોમાં એક કે બે લીટી મેઘદૂતમાંથી લેવામાં આવી છે. આ કાવ્યમાં જૈનોના ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું જીવન આલેખવામાં આવ્યું છે. આ રીતે જિનસેનના વખતમાં મેઘદૂતનો પાઠ સાચવવામાં આવ્યો છે. તેથી પાર્શ્વાભ્યુદયનું મહત્ત્વ ઘણું વધી જાય છે. ડૉ. રાઈડર લખે છે કે :

No other poet has sung the happy love between man and woman. Every one of his works is a love poem. (પ્રો. શાહ વગેરે મેઘદૂતમ, પૃ ૯૮).

મેઘદૂતમાં પ્રેમ શૃંગારમાં જ સીમાબદ્ધ થતો લાગે છે, પરંતુ કવિવર ટાગોર યોગ્ય જ લખે છે કે "કાલિદાસનાં કાવ્યો સૌન્દર્ય અને વિલાસમાં સમાપ્ત થતાં નથી, તેમાંથી પસાર થઈ તેનાથી પર ભૂમિકા પર જાય છે; ત્યારે કવિ રચે છે".

कुमारसंभवम् :—પાર્વતીપરમેશ્વરના પ્રણયને આલેખતું સત્તર સર્ગનું આ મહાકાવ્ય કાલિદાસની પ્રણયભાવનાને અભિવ્યક્ત કરે છે. તારકાસુરથી પીડિત દેવો બ્રહ્મા પાસેથી અસુરનો નાશ શિવ-પાર્વતીના પુત્રથી થાય તેમ જાણી કામદેવને તેઓમાં પ્રણય પ્રગટાવવા મોકલે છે. તેમનો પુત્ર સ્કંદ તારકાસુરને હણે છે. કુમારસંભવ વિષે હું અત્રે બે પ્રશ્નો ચર્ચવા માગું છું.

સત્તર સર્ગનું કુમારસંભવ કાલિદાસની કૃતિ નથી પરંતુ તે માત્ર સાત સર્ગ સુધીની છે, કારણ કે આઠથી આગળના સર્ગમાં સંભોગશૃંગારનું પ્રચુર વર્ણન થયું છે, જે કવિ ન કરે. ૧૮૮૧માં હર્માન યાકોબીએ કુમારસંભવનો અભ્યાસ કર્યો અને ૮ થી ૧૭ સર્ગો કાલિદાસના નથી એવા મતનું પ્રતિપાદન કર્યું. તેની જર્મન કૃતિ "Das Epen Kālidāssas"[2] વિદ્વત્તાપૂર્ણ ન હોવા છતાં પણ વિદ્વાનો વિચારોથી આકર્ષાયા અને તેઓ તેમના કથનમાં સૂર પૂરાવવા લાગ્યા.

---

૧ એજન, પૃ. ૫૪

2 Verhandlungen des International Orientalisten Congress, Berlin, 1881

ડૉ. સૂર્યકાન્તે[1] લખ્યું છે તે પ્રમાણે કુમારસંભવના ઊંડા હાર્દથી અપરિચિત હોવાને લીધે તેઓએ આમ કર્યું. વળી, ડૉ. શિવપ્રસાદ ભટ્ટાચાર્યે તેમના લેખ "The authorship of the later half of the Kumārásambhava "માં[2] વિશ્લેષણાત્મક રીતે બધા મુદ્દાની ચર્ચા કરી પુરવાર કર્યું છે કે ૮ થી ૧૭ સર્ગો પણ કાલિદાસની કલમમાંથી જ લખાયેલા વિશ્વસનીય સર્ગ છે. કાલિદાસે શૃંગાર અને તેમાં પણ સંભોગશૃંગારને છેડયો છે તે માટે શા માટે ઊહાપોહ થવો જોઈએ ? જગતના સાહિત્યકારોએ પણ શું આવું સાહિત્યમાં નથી આપ્યું ? મિલ્ટને, પેરેડાઈઝ લોસ્ટ, બુક ૪માં આ પ્રમાણે લખ્યું છે :—

When hand in hand Eve and Adam retired to their bower naked and :—

Eased the putting off
These troublesome disguises which we wear,
Straight side by side were laid; nor turned, I were,
Adam from his fair spouse, nor Eve the rites,
Mysterious of connubial love refused,
What hypocrits austerely talk of purity, and place and innocence,

કાલિદાસની સાથે આવી શકે તેવા મિત્રો તે લ્યુક્રેરિયસ, મિશેલાંગેલો, (Michelangelo), મોન્ટેઇગ (Montaigne) વિંકલમાન, અને શેકસ્પીઅર તથા ગાલ્સવર્ધી છે. ડૉ. સૂર્યકાન્ત તેમના Kālidāsa's Vision of Kumārsambhava" પુસ્તકના પૃ. ૮૧માં લખે છે :—

And Lucretius, one of the Three Philosophical poets of George Santayana, describes the process of creation as :

" The parts they sought for, those they squeezed so tight
And pain the body, implint their teeth upon
The lips, and crush the mouth with kisses, yet
Not unalloyed with joy; for these are stings
Which godd them on to hurt the very thing

વળી પૃ ૮૨ પર લખે છે :—

Hamlet's remarks to the queen are typical :
Let the bloat king tempt you again to bed;
Play wanton on your cheek, call you his mouse;
And let him, for a pair of reachy kisses,
Or padding in your neck wth his dammed fingers'
Here the one word ' pedding ' is enough to evoke greedy furgive lust
In Measure for Measure Shakespeare sings :

---

૧ જુઓ Kālidāsa's Vision of Kumārasambhava, Dr. Sūryakānta, lst ed., 1963 p. 76, para 2.

૨ J. A. S. B. XX, 1954 No. Z 313-336 (એજન, પૃ. ૭૬).

'Take, o take, those lips away
That so sweetly were forsworn,
But my kisses bring again, bring again. Seals of love,
What Virgil says of Venus [and Vulcan Lucretius more aptly says of a stolen enjoyment between her and Mars :

'Thou on whose breast consumed with eager love
More throws himself who rules with powerful sway.

ભારતના સાહિત્યમાં કુમારસંભવ એક અલગ કોટિનું કાવ્ય છે. જગતના સાહિત્યમાં પુરુષોનો સ્ત્રી પ્રત્યેનો પ્રણય વર્ણવાયો છે. સંસ્કૃત કવિઓએ પુરુષને સ્ત્રીના દાસ તરીકે ચીતર્યો છે. કાલિદાસ પણ સ્ત્રીમાં આકાર્ષત થતાં તેનામાં બધાં તત્ત્વો જુએ છે. તેની દૃષ્ટિ કટાક્ષ, સુવાસ, સ્પર્શ વગેરે કામોત્પાદક છે. તેના સ્તનનું અનાવરણ, વર્ષામાં તેના પગનું અનાવરણ, રેશમી મુલાયમ વસ્ત્રોની નીચે તેના સુડોળ, માંસળ સાથળનું ક્ષણભર નિહાળવું વાસના તરફ દોરી જાય છે. ઊર્મિકાવ્ય મેઘદૂતમાં યક્ષિણીનાં અંગોમાંથી જે આનંદ યક્ષ લૂંટતો તેની સ્મૃતિથી તે ઉન્મત્ત બની જાય છે. સ્ત્રી માટેની આતુરતા, ઉત્કંઠા, જાગતિક આનંદ જે પ્રણયમાં પરિણત થાય છે તેને કાલિદાસે સુંદર રીતે છ ઋતુના વર્ણન દ્વારા ઋતુસંહારમાં લિપિબદ્ધ કરેલ છે.

રઘુવંશના અંતિમ રાજા અગ્નિવર્માનું જીવન, તેની વિષયલોલુપતા વગેરેમાં શું કાલિદાસે મર્યાદાનું ઉલ્લંઘન નથી કર્યું ? શું મેઘદૂત, વિક્રમોર્વશીયમ, માલવિકાગ્નિમત્ર, વગેરેમાં શૃંગારિક શ્લોકો નથી ? મેઘદૂતમાંથી કેટલાક શ્લોકો ઉદાહરણ રૂપે રજૂ કરું છું :—

कण्ठाश्लेषप्रणियिनि जने किं पुनर्दूरसंस्थे । पू. मे. श्लो. ३
मध्ये श्यामः स्तन इव भुवः शेषविस्तारपाण्डुः । ,, ,, १८
वेश्यास्त्वत्तो नखपदसुखान्प्राप्य वर्षाग्रबिन्दून् । ,, ,, ३५
ज्ञातास्वादो विवृतजघनां को विहातुं समर्थः । ,, ,, ४१
नीवीबन्धोच्छ्वसितशिथिलं यत्र बिम्बाधराणां । उ. मे. ६
यत्र स्त्रीणां प्रियतमभुजोच्छ्वासितालिङ्गितानाम् ,, ,, ९
अङ्गग्लानिं सुरतजनितां तन्तुजालावलम्बाः ।
श्रोणीभारादलसगमना स्तोकनम्रा स्तनाभ्यां ,, ,, २२
संभोगं वा हृदयनिहितारम्भमास्वादयन्ती । ,, ,, २७

તેના ત્રણે નાટકના નાયકો દુષ્યન્ત, પુરૂરવા અને અગ્નિમિત્ર શાકુન્તલ વિક્રમોર્વશીય અને માલવિકાગ્નિમિત્રમાં ઈન્દ્રિયસુખનો આસ્વાદ વિલાસના ફુવારામાંથી પીતા લાગે છે. ભવભૂતિ અને બીજામાં પણ શૃંગારરસ જોવા મળે છે.

કુમારસંભવમાં કંઈક પરિવર્તન છે. અહીં સ્ત્રી શિકારીનો ભાગ ભજવે છે, વંશવેલાને ચાલુ રાખવાની તમન્નામાંથી પાર્વતી સુસજ્જ થઈ શિવને સંભોગ તરફ પ્રેરે છે ; જેથી તે ગર્ભવતી બને. ઋગ્વેદના યમયમી સૂક્તમાં (૧૦.૧૦) પણ યમી સગા ભાઈને સંભોગ માટે પ્રોત્સાહિત કરે છે. યમીને પ્રજોત્પત્તિ જોઈએ છે, તે વિના તે જીવી શકે તેમ નથી.

ओ चित् सखायं सख्या ववृत्यां
 तिरः पुरु चिदर्णवं जगन्वान् ।
पितुर्नपातमा दधीत वेधा
 अधि क्षमि प्रतरं दीध्यानः ॥ ऋ. १०. १०. १

યમ ના કહે છે પણ યમી સાન્ત્વન આપતી કહે છે :--

उशन्ति घा ते अमृतास एत—
 देकस्य चित् त्यजसं मर्त्यस्य ।
नि ते मनो मनसि धाय्यस्मे
 जन्युः पतिं स्तन्य ? मा विविश्याः ॥ ऋ. १०. १०. ३

પ્રજોત્પત્તિ માટે શી ઉત્કટ મનોકામના ! અને તે કેવી રીતે ?—

यमस्य मा यम्यं ? काम आगात्
 समाने योनौ सहशेय्याय ।
जायेव पत्ये तन्वं रिरिच्यां
 वि चित् बृहेव रथ्येव चकार ॥ ऋ. १०. १०. ७

પતિને કાયાનું સમર્પણ કરતી પત્નીની જેમ. પરંતુ યમનો જવાબ કેવો છે :—

आ घा ता गच्छानुत्तरा युगानि
 यत्र जामयं कृणवन्नजामि ।
उप बर्बृहि वृषभाय बाहु—
 मन्यमिच्छस्व सुभगे पतिं मत् ॥ ऋ. १०. १०. १०.

હે સુભગા ! તું મારા સિવાય બીજાને પતિ તરીકે પસંદ કર. પાર્વતીના હૃદયમાં તમન્ના કેવી છે. તેનું શરીર પુત્રોત્પત્તિ માટે છે. તેનાં અવયવો (पर्वन्) પ્રજોત્પત્તિ માટે તલસી રહ્યાં છે. તેનો પ્રેમ ઉત્કટ અને તીવ્ર છે; કારણ કે તેનો પુરુષ ઉદાસી છે અને પ્રજોત્પત્તિથી વિમુખ છે. આવો યોગી કોઈ બાહ્યઉત્તેજનાથી ધ્યાનચ્યુત થઈ શકે. આવી ઉત્તેજના માટે ઈન્દ્ર કામદેવ, રતિ, વસંતને મોકલે છે, વનમાં કે જ્યાં હર ધ્યાનમગ્ન છે. કુમારસંભવના તત્ત્વજ્ઞાન પ્રમાણે પાર્વતી એક નારી છે જે પ્રાકૃતિક આવશ્યકતાથી વશીભૂત થયેલી છે. તે પોતાની સમગ્ર શક્તિ, કળા, વગેરે પુરુષને વશ કરવામાં યોજે છે, જેથી પ્રજા થાય. તે તેના શરીરને બધાં જ બાહ્ય ઉપકરણોથી વિભૂષિત કરે છે. વસ્ત્રોનું મૂળ રહસ્ય શરીરને ગરમ રાખવાનું નથી; પરંતુ નરમાં વાસના પ્રગટાવવાનું છે. તેણે મુખ, નખ, પગ વગેરે પણ સુશોભિત કર્યાં છે. આ બધું પુરુષમાં લાગણી પ્રગટાવવા માટે, ભૂખ જગાડવા માટે. તેણે તેના શરીરને એવી રીતે વિભૂષિત કર્યું છે કે શિવની વાસના પ્રજ્વલિત થાય. તે શિવને ખેંચે છે. પોતાના વશમાં લે છે. કામણ કરે છે. સંભોગ માટે સજ્જ થયેલી તે તેને સજ્જ કરે છે. શિવ આ ભૂખ સંતોષાતાં વચ્ચે સંભોગકાર્ય અટકાવે છે.

વીર્યસ્ખલન પાર્વતીમાં ન કરતાં અગ્નિમાં કરે છે. અગ્નિ ગંગામાં તેને સંક્રાન્ત કહે છે, ત્યાંથી તે કૃત્તકામાં અને છેવટે શરવણમાં સ્થાપિત થાય છે જ્યાં તે કુમારનું રૂપ ધારણ કરે છે. કુમારસંભવ કુમારના સંભવની અપેક્ષા સેવે છે. તે દૃષ્ટિએ પણ કુમારસંભવના ૧૭ સર્ગો ઉચિત લાગે છે.

જ્યોર્જ બર્નાર્ડ શૉએ તેના વિચારોત્તેજક નાટક "Man and Superman"માં શિવ-શિવાનું તત્ત્વજ્ઞાન કૃતકૃત્ય કર્યું છે. નાટક વાંચતાં એમ લાગે છે કે શિવની શોધ કરતી પાર્વતીના તત્ત્વજ્ઞાનને શૉએ નાટયસ્વરૂપ આપ્યું હોય! આ નાટકમાં જાતીયવૃત્તિની લડાઈ છે. સ્ત્રી હંટર છે અને પુરુષ હંટેય છે. કાલિદાસનું તત્ત્વજ્ઞાન શેકસ્પીઅરમાં પણ દૃષ્ટિગત થાય છે. "As You Like It" અને "Mid-Summer Nlight's Dream"માં સ્ત્રી પુરુષને શોધે છે. પોર્શિયા બેસ્સાનિઓ સાથે લગ્ન કરવા એટલી બધી કૃતનિશ્ચય હતી કે તે નેરિસ્સા સાથે વેતરણ કરે છે. ડેસ્ડેમોના ઓથેલો માટે ઝૂરતી હતી. ઓરલાન્ડો રોઝાલિનો માટે ઝૂરે છે. પ્રજોત્પત્તિની તીવ્ર મનોકામનાથી પાર્વતી વીતરાગ એવા કર્મક શિવને ખેંચે છે. તેથી જ પાર્વતી કહે છે: **ममात्र भावैकरसं मनः स्थितम्**. વળી, કુમારસંભવના સર્ગ પહેલાનો બીજો અને ચોથો શ્લોક નારીના માતૃત્વ માટેની તત્પરતાને વાચા આપે છે.

रघुवंशम् :—જેનાથી કાલિદાસ 'રઘુકાર' તરીકે પ્રસિદ્ધિ પામ્યા તે ૧૯ સર્ગનું મહાકાવ્ય તે રઘુવંશ છે. આ કૃતિ સૂર્યવંશના[૧] રાજાઓનાં ઉદાર ચરિતોનું રમણીય શૈલીમાં આલેખન કરે છે. તેના ઉપરની ૪૦ ટીકાઓ તેની લોકખ્યાતિનો ખ્યાલ આપે છે. વિશાળ ફલક ધરાવતી આ કૃતિમાં દિલીપ, રઘુ, અજ, દશરથ, અને રામનાં ચરિત્રચિત્રણો ભવ્ય છે, ઉદાત્ત છે. તેમાં વૈવિધ્યપૂર્ણ વર્ણન, અનેકવિધ રસોનું આલેખન, ઉન્નત ચિન્તન-કણિકાઓ ઇત્યાદિથી ઓપતું આ કાવ્ય કાલિદાસની શ્રેષ્ઠ કાવ્યાત્મક કૃતિ મનાય છે. અહીં પણ છેલ્લા બે સર્ગો કાલિદાસના હોવા વિષે સંદેહ સેવવામાં આવે છે.

કાવ્યો પછી આપણે કાલિદાસનાં નાટકો તરફ વળીએ. તેણે ત્રણ નાટકો સંસ્કૃત સાહિત્યને આપ્યાં છે. ત્રણે નાટકોમાં રાજદરબારના પ્રણયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રાચીન પરિપાટી પ્રમાણે રાજદરબારના પ્રણયનો ચિતાર આ નાટકોમાં ઉત્તરોત્તર પ્રણયનું ઊર્ધ્વીકરણ થાય તે રીતે આલેખાયાં છે.

માલવિકાગ્નિમિત્રમ્ :—કાલિદાસની પ્રથમ નાટયરચના તે માલવિકાગ્નિમિત્ર છે. આ નાટકની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા છેઃ તે શુંગવંશના અગ્નિમિત્ર વિષેનું રાજદરબાર સંબંધી સુખાન્ત નાટક છે. શેકસપીઅરની જેમ કાલિદાસ પણ મૌલિક કથાવસ્તુનું નિર્માણ કરવા માટે તસ્દી લેતા નથી. કથાવસ્તુ તથા પાત્રસર્જનાદિમાં કાલિદાસ તેની નાટયકળામાં બેનમૂન છે. મૂળકથાના હાડપિંજરમાં પ્રાણ પૂરી તેને સ્પંદનશીલ, ગતિવંત, જીવંત તથા રુચિકર બનાવે છે. આ નાટકનો નાયક ઐતિહાસિક છે. તેનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦ની આસપાસનો મનાય છે. તેના પિતા પુષ્યમિત્ર મૌર્યરાજા બૃહદ્રથના સેનાપતિ હતા. બૃહદ્રથને મારી તેનું રાજ્ય પડાવી લીધું અને નવા શુંગવંશનો પ્રારંભ કર્યો. તેના પુત્ર અગ્નિમિત્રે આઠ વર્ષ રાજ્ય કર્યું

૧ क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः । रघु. सर्ग १, श्लो. २

(ઈ. સ. પૂ. ૧૪૯-૧૪૧) અગ્નિમિત્ર પછી તેનો પુત્ર વસુમિત્ર રાજા થયો. પાંચ અંકના આ નાટકમાં શુંગવંશના રાજા અગ્નિમિત્ર અને માલવિકાના પ્રેમનું નિરૂપણ છે. આ નાટકમાં ત્રણ નાયિકાઓ, વિદૂષકનું અગત્યનું સ્થાન તથા સ્થૂળ પ્રેમનું નિરૂપણ હોવાથી વિદ્વાનો તેને કાલિદાસની પ્રથમ નાટ્યકૃતિ માને છે. અંતઃપુરની ઈર્ષા, તેથી થતા ઝગડા, રાજાની સૌંદર્ય-લોલુપતા, પ્રેમની પાર્થિવતા વગેરેનું નિરૂપણ અહીં થયું છે. કાલિદાસની ભાવિ પ્રતિભાનું બીજ અહીં દૃષ્ટિગોચર થાય છે. ફોયટવોગરે એ (Feuchtwanger 1884-1958) માલવિકાગ્નિમિત્રનું રંગમંચને ઉપયોગી રૂપાન્તર કર્યું છે.

વિક્રમોર્વશીયમ્ :—પાંચ અંકની આ કૃતિમાં ઋગ્વેદ અને શતપથ બ્રાહ્મણમાંની પુરૂરવાઉર્વશીની આખ્યાયિકાનું નાટ્યકૃતિમાં સુંદર રૂપાન્તર કરવામાં આવ્યું છે. કેશી દાનવ વડે અપહૃતા સ્વર્ગની અપ્સરા ઉર્વશીનું પૃથ્વીપતિ પુરૂરવા પરિત્રાણ કરે છે. બંને વચ્ચે પ્રણય પ્રગટે છે. પ્રારંભમાં ઔશીનરી રાણી ઈર્ષાથી રાજાના પ્રણયમાર્ગમાં અંતરાયરૂપ નીવડે છે. પરંતુ, પછીથી પ્રિયાનુપ્રસાદનવ્રતના નિમિત્તે તેના માર્ગમાંથી ખસી જાય છે. બંને પ્રણયીનું મિલન સુખી દાંપત્યમાં પરિણમે છે. ગંધમાદન પર એક વિદ્યાધરની કન્યાને એકીટશે જોઈ રહેલા પુરૂરવા તરફ રૂઠેલી ઉર્વશી સ્કન્દવનમાં પ્રવેશતાં વેલીમાં પરિણમે છે. સંગમનીય મણિથી બંનેનું પુનર્મિલન થાય છે. કાલિદાસની પ્રણયભાવના અહીં પણ વ્યક્ત થાય છે.

અભિજ્ઞાનશાકુન્તલ :—જે કૃતિથી કાલિદાસ કવિમાંથી મહાકવિ અને મહાકવિમાંથી રાષ્ટ્રકવિ બન્યા તથા જેનાથી જગતના સાહિત્યમાં અમરસ્થાન મેળવ્યું તથા યશકલગી સંપાદન કરી શકયા તે સાત અંકનું નાટક તે અભિજ્ઞાન શાકુન્તલ. સાત અંકના નાટક માટે સુપ્રસિદ્ધ ઉક્તિ આ પ્રમાણે છે :

काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला ।
तत्रापि च चतुर्थोऽङ्कः तत्र श्लोकचतुष्टयम् ॥

તેથી જ તો દુનિયાભરમાં કાલિદાસની કીર્તિપતાકા ફરકાવનાર આ નાટક કાલિદાસની ઉત્તમોત્તમ કૃતિ છે. નાટ્યસંવિધાનકળા, ચરિત્રચિત્રણ, રસનિરૂપણ, ભાષા તથા ભાવસૌષ્ઠવ, માનવ-હૃદયની ઊર્મિઓનું સુરેખ અંકન, વગેરે ગુણોથી મુગ્ધ થઈ ભારતીય તેમ જ વિદેશી આલોચકોએ એનાં ખૂબ ખૂબ વખાણ કર્યાં છે. ઉપરની જેમ બીજી ઉક્તિ છે :

कालिदासस्य सर्वस्वमभिज्ञानशकुन्तलम् । આ કૃતિ માટે જર્મન કવિ, ફિલસૂફ અને તત્ત્વવેત્તા ગટેએ જર્મનમાં જે ચાર પંક્તિમાં પ્રશંસા કરી છે તેનું અંગ્રેજી રૂપાંતર "Wouldst thou the young...and all at once is said". દરેક પુસ્તકમાં ઉપલબ્ધ થાય છે. તેનું ભાષાન્તર કરનાર ઈ. બી. ઈસ્ટવીક છે. ઈ. સ. ૧૭૮૬માં આ નાટકનો સર્વપ્રથમ અંગ્રેજી અનુવાદ સર વિલિયમ જોન્સે કર્યો હતો, જેને વાંચી પશ્ચિમના વિદ્વાનો મંત્રમુગ્ધ થઈ ગયા. શાકુન્તલ માટે ગટેનો ઉત્સાહ કયારે પણ ઓસર્યો ન હતો. ચાર પંક્તિ તેની પ્રશસ્તિ માટે લખ્યા પછી ત્રીસ વર્ષે ગટેએ શાકુન્તલ માટે કહ્યું છે કે : Shakuntala is one of the stars that make night more pleasant than day. શાકુન્તલથી પ્રભાવિત થઈ ગટેએ તેની નાટ્યકૃતિ ફાઉસ્ટમાં સંસ્કૃત નાટકની પ્રસ્તાવનાનું અનુકરણ કર્યું છે. શાકુન્તલના પ્રથમ જર્મન અનુવાદ પછી અત્યાર

સુધીમાં બીજા ૧૩ અનુવાદો થયા છે; ચાર નાટકો તેના વિષયને અનુલક્ષીને લખાયાં છે; તથા ઘણાં 'ઓપેરા' લખાયાં છે. લુડવીગ ફોન બીથોવન સંગીતજ્ઞ હોવા છતાં પણ તેણે શાકુન્તલમાં રસ લીધો છે. ફ્રાન્સ શુબર્ટે એક ઓપેરા લખ્યો જે દુર્ભાગ્યવશાત્ ગુમ થઈ ગયો છે. યોહાન ગોટફ્રીડ હર્ડર (૧૭૪૪-૧૮૦૩) જર્મન કવિ શાકુન્તલના પરિચયમાં આવ્યા અને તેમણે યોહાન વુલ્ફગાંગ ફોન ગટેને (૧૭૪૯-૧૮૩૨) શાકુન્તલથી પરિચિત કર્યા. તેમણે તેને જ્યોર્જ ફોસ્ટરના (૧૭૫૪-૧૭૯૪) પ્રથમ જર્મન અનુવાદથી પરિચિત કર્યા. શાકુન્તલમાં પ્રકૃતિ અને માનવ-જીવનનો સુંદર સમન્વય, દામ્પત્ય પ્રેમનો આદર્શ, પ્રેમનાં સ્થૂળસૂક્ષ્મ સ્વરૂપો, નાટ્યનૈપુણ્ય અને ઉન્નત કવિપ્રતિભા શ્રેષ્ઠ માત્રામાં હોઈને તે વિશ્વપ્રશસ્તિ પામ્યું છે. કવિવર ટાગોરે પણ તેના માટે પ્રશંસાનાં પુષ્પો પાથર્યાં છે. શાકુન્તલ માટે કહ્યું છે કે તેમાં One paradise is lost and another paradise is regained. આ નાટકમાં સ્થૂળ વાસના કરતાં દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમની મહત્તા પ્રસ્થાપિત થઈ છે. જેવી રીતે ૧૭૯૧માં જર્મન વિદ્વાન જ્યોર્જ ફોર્સ્ટરે શાકુન્તલનો જર્મન અનુવાદ કર્યો, જેનાથી મહાકવિ ગટે પ્રભાવિત તથા પુલકિત થયા તેવી રીતે ઈ. સ. ૧૭૯૨માં મોસ્કોથી શાકુન્તલનો રશિયન અનુવાદ એન. એમ. કરૈમજિન દ્વારા પ્રકાશિત થયો.

મહાકવિ કાલિદાસની સર્વોત્કૃષ્ટતા તથા લોકપ્રિયતાને કારણે ઘણા લેખકોએ પોતાની કૃતિઓ કાલિદાસના નામ પર ચઢાવી દીધી. વળી, અભિનવ-કાલિદાસ અને અકબરીય કાલિદાસ જેવાં ઉપનામ ધારણ કરીને લખનારા પણ થયા. કાવ્યો, નાટકો ઉપરાંત શ્રુતબોધ જેવાં છંદઃશાસ્ત્ર તથા જ્યોતિર્વિદાભરણ જેવા જ્યોતિષના ગ્રંથો કાલિદાસને નામે ચઢ્યા છે. ડૉ. આઉફ્રેખ્ટ તેના 'કેટલોગસ કેટલોગરમ'માં (બૃહત્સંસ્કૃતગ્રંથસૂચિ) કાલિદાસના નામે ૩૪ ગ્રંથો નોંધે છે. કાલિદાસના નામે ચઢેલા આ ગ્રંથો તે:

અમ્બાસ્તવ, કલ્યાણસ્તવ, કાલીસ્તોત્ર, કાવ્યનાટકાલંકાર, કુન્તેશ્વરદૌત્ય, ગંગાષ્ટક, ગંગાષ્ટક બીજું, ઘટકર્પરકાવ્ય, ચંડિકાદંડકકસ્તોત્ર, ચર્ચાસ્તવ, જ્યોતિર્વિદાભરણ, દુર્ઘટકાવ્ય। નલોદય, નવરત્નમાલા, પુષ્પબાણવિલાસ, પ્રશ્નોત્તરમાલા, મકરંદસ્તવ, મંગલાષ્ટક (૨), મહા-પદ્માષ્ટક, રત્નકોશ, રાક્ષસકાવ્ય, લક્ષ્મીસ્તવ, લઘુસ્તવ, વિદ્વદ્વિનોદકાવ્ય, વૃન્દાવનકાવ્ય, વૈદ્ય-મનોરમા, શુદ્ધિચન્દ્રિકા, શૃંગારતિલક, શૃંગારરસાષ્ટક, શૃંગારસારકાવ્ય, શ્યામલાદંડક, શ્રુતબોધ, સાતશ્લોકીરામાયણ, સેતુબંધ—આ ગ્રંથોમાંથી કેટલાકનો પરિચય જે કંઈ મળે છે તે જોઈએ.[1]

સૌ પ્રથમ તો આ નામ પરથી જાણી શકાય છે કે તેમાં છ સ્તવો, છ અષ્ટકો, બે સ્તોત્રો, તથા અન્ય પ્રકારની કૃતિઓ છે. એમ. આર. કાલેના મત પ્રમાણે ત્રણ નાટકો, બે મહાકાવ્યો તથા મેઘદૂત આ છ કૃતિઓ શંકા વગર કાલિદાસની છે. કુન્તેશ્વરદૌત્ય હજી ઉપલબ્ધ થયું નથી. કાશ્મીરના પંડિત ક્ષેમેન્દ્રની ઔચિત્યવિચારચર્ચામાં તે અંગે ઉદ્ધરણ ઉપલબ્ધ થાય છે. ઋતુસંહાર વિષે વિદ્વાનો કંઈક શંકા સેવે છે:

---

૧ મેં આને માટે Kālidāsa : V. V. Mirashi & N. R. Navlekar, ed. 1969 તથા History of Classical Sanskrit Literature : M. Krishnamachariar, ed. 1970 First Reprint : Manilal Banarasidassનો ઉપયોગ કર્યો છે. તથા તે માટે તેમનો ઋણી છું.

કાલિદાસની આ કૃતિઓ વિષે વિચાર કરીએ તે પહેલાં કાલિદાસો વિષે જોઈ લઈએ. ટી. એસ. નારાયણશાસ્ત્રીએ 'હૈડિમ્બા વૈદગ્ધ્ય' કૃતિની પ્રસ્તાવનામાં નીચે પ્રમાણે માહિતી આપી છે :

૧ કાલિદાસ અથવા માતૃગુપ્ત જેણે ઉજ્જૈનના વિક્રમાદિત્યના દરબારમાં (ઈ.સ. પૂર્વે ૬૦૦) ત્રણ નાટકો તથા સેતુબંધ રચ્યું.

૨ કાલિદાસ અથવા મેધરુદ્ર કે જેઓ માલવ સંવત્‌ના પ્રસ્થાપક માલવનરેશ વિક્રમાદિત્યની સભામાં હતા અને જેમણે ત્રણ કાવ્યો ઉપરાંત જ્યોતિર્વિદાભરણ લખ્યું.

૩ કંકોટી પીઠમના મૂક શંકરાચાર્યના શિષ્ય કાલિદાસ અથવા કોટિજિતે ઋતુસંહાર, શૃંગારતિલક, શ્યામલકદંડક, નવરત્નમાલા, શ્રુતબોધ લખ્યું! આ ત્રણ તે રાજશેખરની કાલિદાસત્રયી.

૪ પરિમલ કાલિદાસ અથવા પદ્મગુપ્ત જે ધારાના મુંજના સમકાલીન અને જેમણે નવસાહસાંકચરિત લખ્યું.

૫ યમકવિ તરીકે સુપ્રસિદ્ધ કાલિદાસે નલોદય લખ્યું.

૬ નવકાલિદાસે ચંપૂભાગવત લખ્યું.

૭ અકબરના સમકાલીન કાલિદાસ અકબરીએ ઘણી સમસ્યાઓ રચી.

૮ લંબોદર પ્રહસનના કાલિદાસ.

૯ માધવ અથવા અભિનવ કાલિદાસ જેમણે સંક્ષેપશંકરવિજય રચ્યું.

આટલું જોયા પછી કાલિદાસના નામ પર ચઢાવવામાં આવેલી કૃતિઓનો આછો પરિચય કરીએ.

અંબાસ્તવ :—નામ પ્રમાણે અંબાનું સ્તવન કરતું કાવ્ય હોય. કૃષ્ણમાચારિયરે તેમના ઉપનિર્દિષ્ટ ઇતિહાસમાં આછડતો ઉલ્લેખ કર્યો છે (પૃ. ૯૨૮).

કાલીસ્તોત્ર :—આ કાલીનું સ્તોત્ર છે જેનો ઉપર પ્રમાણે ઉલ્લેખ થયો છે. (પૃ. ૯૪૬)

કુન્તેશ્વરદૌત્ય :—ઔચિત્યવિચારચર્ચામાં ક્ષેમેન્દ્રે અધિકરણ ઔચિત્યના ઉદાહરણ તરીકે કાલિદાસની આ કૃતિમાંથી નીચેનો શ્લોક ટાંક્યો છે :—

इह निवसति मेरुः शेखरः क्ष्माधराणा-
मिह विनिहितभाराः सागराः सप्त चान्ये ।
इदमहिपतिभोगस्तम्भविभ्राजमानं
धरणितलमिहैव स्थानमस्मद्विधानाम् ॥

મ. મ. મીરાશીએ તેમના પુસ્તક "કાલિદાસ"માં આ કૃતિનું નામ 'કુન્તલેશ્વરદૌત્ય' આપ્યું છે તથા પૃ. ૩૦ પર આ શ્લોક આપ્યો છે. ક્ષેમેન્દ્રે આ દૂત તે કોણ, કોણે અને કોની પાસે

મોકલેલો તે જણાવતા નથી. પરંતુ કાલિદાસને જાતે વિક્રમાદિત્યે કુન્તલના નરેશ પાસે મોકલ્યો તે ધારાના રાજા ભોજના શૃંગારપ્રકાશના આ પરિચ્છેદથી[૧] ફલિત થાય છે :

तद्यथा कुन्तलेश्वरः किं करोतीति विक्रमादित्येन पृष्ट उक्तवान् ।
असकलहसितत्वात्क्षालितानीव कान्त्या
मुकुलितनयनत्वाद्व्यक्तकर्णोत्पलानि ।
पिबति मधुसुगन्धीन्याननानि प्रियाणां
त्वयि विनिहितभारः कुन्तलानामधीशः ॥

આ કૃતિમાં રાષ્ટ્રકૂટના કુન્તલ નરેશને મોકલવામાં આવેલા દૂતનો અહેવાલ આપે છે. ક્ષેમેન્દ્ર જેનો કાલિદાસની કૃતિ તરીકે નિર્દેશ કરે છે તે અપ્રાપ્ય છે. મહામહોપાધ્યાય મીરાશીએ તથા શ્રીકૃષ્ણમાચારિયરે તેમના ઇતિહાસમાં પૃ. ૧૨૧-૧૨૫માં આ અંગે માહિતી આપી છે.

ગંગાષ્ટક :—ગંગાની સ્તુતિવિષયક આઠ શ્લોકનું આ સ્તોત્ર છે તેમ કૃષ્ણમાચારિયર જણાવે છે.

ઘટકર્પર :—આ કાવ્યમાં એક દુઃખી સ્ત્રીનું વર્ણન છે. પ્રભાતના સમયનાં વાદળોને તે પોતાની સ્થિતિ દૂર રહેલા પ્રણયીને જણાવવાનું કહે છે. કૃતિના છેલ્લા શ્લોક પરથી આ નામ કર્તાને આપાયું છે :—

जीयेय येन कविना यमकैः परेण तस्मै वहेयमुदकं घटकर्परेण

જન્મથી અંધ ગોવર્ધને પિતાની આ કૃતિ પર ટીકા લખી છે. બીજી ટીકા કમલાકરની છે.

ચંડિકાદંડક સ્તોત્ર :—શ્રીકૃષ્ણમાચારિયર તેમના ઇતિહાસમાં (પૃ. ૯૭૭) આ નામ નોંધે છે.

ચર્ચાસ્તવ :—શ્રીકૃષ્ણમાચારિયર ચર્ચાસ્તુતિ તરીકે કાલિદાસની કૃતિની પૃ. ૯૭૯ પર નોંધ કરે છે.

જ્યોતિર્વિદાભરણ :—આ કાવ્યના એક શ્લોક[૨] પ્રમાણે કાલિદાસ ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્યના દરબારમાં નવ રત્નોમાંના એક હતા. આ નવ રત્નોની સમકાલીનતા સિદ્ધ થઈ નથી. આનાથી કોઈ વિક્રમાદિત્ય સાથે કાલિદાસનો સંબંધ હતો તેટલું ફલિત થઈ શકે. વિક્રમાદિત્ય કાલિદાસના આશ્રયદાતા હશે. વિક્રમોર્વશીય નાટકના શીર્ષક પરથી તથા તેમાં વારંવાર આવતા 'વિક્રમ'[૩] શબ્દથી બીજા નિર્દેશોથી આવું અનુમાન કરી શકાય. આ ગ્રંથ

---

૧ Kālidāsa : Mirashi & Navlekar, Ist ed. 1969, p. 31; fn. 80.

૨ धन्वन्तरिक्षपणकामरसिंहशंकुवेतालभट्टघटकर्परकालिदासाः । ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥

३ अनुत्सेकः खलु विक्रमालंकारः

વિક્રમોર્વશીય : સં. એચ. ડી. વલણકર, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૧, પૃ. ૧૧ (અંક એક)

જ્યોતિષને લગતો હોવો જોઈએ. મીરાશી (પૃ. ૨૬) પર લખે છે કે તે ઐતિહાસિક ગ્રંથ તરીકે નકામો છે. આ કૃતિના છેલ્લા અધ્યાયમાં (૨૨.૨૦) લખ્યું છે કે વિક્રમાદિત્યના દરબારના કાલિદાસની આ કૃતિ છે. આ ગ્રંથ લગભગ બારમી સદીનો છે. તેથી તથા તેમાં ઘણી વ્યાકરણની ક્ષતિઓ છે જેથી તે કાલિદાસની કૃતિ સંભવિત નથી.

દુર્ઘટકાવ્ય :—કાવ્યકલાપ કલકત્તાથી મુદ્રિત થયેલ છે. ચિદ્‌ગગનચંદ્રિકા[1] કે જેમાં દેવીની સ્તુતિ કરવામાં આવી છે તે ૮૦ શ્લોકમાં વિવિધ દેવોની સ્તુતિ કરતું કૃત્રિમ કાવ્ય છે. તેના ઉપર ટીકા પણ રચાઈ છે. મુંબઈથી આ કાવ્ય પ્રસિદ્ધ થયું છે.

નલોદય :—નળ રાજાની કથાવિષયક અને કાલિદાસની કૃતિ ગણાવાય છે. આ કૃતિ કિલષ્ટ, આડંબરપૂર્ણ, યમક, અનુપ્રાસ, શ્લેષપ્રચુર છે જેથી રઘુકારની કૃતિ ન હોઈ શકે. ચાર સર્ગમાં નળના જીવનને વર્ણવવામાં આવ્યું છે.

નવરત્નમાલા:—શ્રી કૃષ્ણમાચારિયર તેમના ઇતિહાસમાં આ કૃતિનો નામનિર્દેશ કરે છે.

પુષ્પબાણવિલાસ :—આ કૃતિમાં સુંદર કલ્પનાઓ તથા લયાત્મક સૌંદર્ય છે. કાલિદાસના નામ પર ચઢાવી હોવા છતાં તેના ખરા કર્તા સાહિત્યકૌમુદીના કર્તા અર્કભટ્ટ છે. તેના પર વેંકટપંડિતરાય તથા અન્ય શૃંગારચંદ્રિકાના કર્તાની ટીકા ઉપલબ્ધ થાય છે.

મંગલાષ્ટક :—શ્રી કૃષ્ણમાચારિયરે આ કૃતિનો ફક્ત ઉલ્લેખ કર્યો છે.

રાક્ષસકાવ્ય :—મુંબઈથી પ્રસિદ્ધ થયેલું આ કાવ્ય ૨૦ શ્લોકમાં રચાયું છે. તેની શૈલી ગૂઢ તથા અનુપ્રાસાત્મક છે. પોતાની પત્ની સાથે વનમાં ફરી રહેલી કોઈ વ્યક્તિ વનના સૌંદર્યનું તેમાં વર્ણન કરે છે. તેના પર પ્રેમધર, શંભુભાસ્કર, કવિરાજ, કૃષ્ણચંદ્ર, ઉદયાકરમિશ્ર, તથા બાલકૃષ્ણ પાયગુંડની ટીકાઓ છે.

લઘુસ્તવ :—શ્રી કૃષ્ણમાચારિયરે તેનો માત્ર ઉલ્લેખ કર્યો છે.

વિદ્વદ્વિનોદકાવ્ય :—આનો પણ અન્ય કૃતિઓની જેમ માત્ર નિર્દેશ કરાયો છે.

શૃંગારતિલક :—રામભદ્ર દીક્ષિતની આ કૃતિ છે. જાનકીહરણ નાટકથી તેઓ પ્રસિદ્ધ થયા છે. શૃંગારતિલક કે અપ્પાભાણમાં મદુરાના ભુજગશેખરના પ્રણયનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. કૃતિના ૨૩ શ્લોકો જ મળે છે. આ એક નાનકડું શૃંગારિક કાવ્ય છે.

શ્યામલાદંડક :—આનું કર્તૃત્વ કાલિદાસનું મનાય છે. સરસ્વતીનું વર્ણન અત્રે ગદ્ય-પદ્યમાં કરવામાં આવ્યું છે. પરંતુ, તાંજોરના ટી. એસ. કુપ્પુસ્વામીએ શોધી કાઢેલી એક હસ્ત-પ્રતમાં સ્પષ્ટ રીતે પુરન્તકને કર્તા બતાવ્યા છે. પુરન્તક માધવના પુત્ર હતા અને મહાકાલીના મંદિરના પૂજારી હતા. જ્યારે ધારાના ભોજે મ્લેચ્છોને પરાજિત કર્યા ત્યારે શંકરાચાર્યના દ્વારકાના મઠને લૂંટનારા મ્લેચ્છો પાસેથી પુરન્તકની આ કૃતિ જોઈ. ઈ.સ. ૧૧૦૧માં આ કૃતિ માટે નર્મદાને કાંઠે તેણે સો અગ્રહારો આપ્યા.

---

૧ પ્રત્યભિજ્ઞાસૂત્રની ટીકામાં અભિનવગુપ્તે તથા ધ્વન્યાલોકલોચનની ટીકામાં દાશરથિએ આનો ઉલ્લેખ કર્યો છે.

શ્રુતબોધ :—અન્ય કૃતિની જેમ શ્રી કૃષ્ણમાચારિયર આનો પણ નિર્દેશ કરે છે. કાલિદાસની આ કૃતિ ઘણી પ્રસિદ્ધ છે, તથા તેમાં ઘણાં સારભૂત તત્ત્વો રહેલાં છે. આ એક છંદઃશાસ્ત્રનો ગ્રંથ છે. તેના પર હર્ષકીર્તિ ઉપાધ્યાય, મનોહર શર્મા, તારાચંદ્ર, હંસરાજ, ગોવિંદના પુત્ર માધવ, લક્ષ્મીનારાયણ વાસુદેવ, શુકદેવ, મેઘચંદ્રના શિષ્ય, ચતુર્ભુજ તથા હરજીના પુત્ર નાગાજીની ટીકાઓ ઉપલબ્ધ થાય છે.

સપ્તશ્લોકી રામાયણ :—ગ્રંથરત્નમાલામાં આ કૃતિ પ્રસિદ્ધ થઈ છે.

સેતુબંધ :—એક માન્યતા પ્રમાણે માતૃગુપ્ત કે જેને કાશ્મીરના રાજ્ય પર અભિષિક્ત કરવામાં આવ્યા હતા તે મહાકવિ કાલિદાસ, કાશ્મીરના રાજ્ય પર તેના પછી પ્રવરસેન થયા જેમણે પ્રાકૃતકાવ્ય સેતુબંધ[1] રચ્યું છે. માતૃગુપ્તે આ કાવ્ય પ્રવરસેન માટે લખ્યું તે માનવા કારણો નથી કેમકે:—

૧ કલ્હણ તે વિષે ઉલ્લેખ કરતા નથી.

૨ વિક્રમાદિત્ય માતૃગુપ્તના વિરોધી હતા તેથી તેઓ માતૃગુપ્તને તે કૃતિ પોતાના માટે લખવા કહે તે યુક્ત નથી.

૩ વિક્રમાદિત્યના મૃત્યુ બાદ પ્રવરસેનની વિનંતી છતાં તે કાશ્મીર છોડી બનારસ ચાલી ગયા.

આ પ્રાકૃત કાવ્યની સંસ્કૃત કવિઓ તથા આલંકારિકોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. કૃતિની પુષ્પિકા પ્રમાણે તથા બ્રહ્મભટ્ટે આપેલી માહિતી પ્રમાણે તે પ્રવરસેનની કૃતિ છે. વિતસ્તા નદી પર હોડીના પુલની રચનાને કીર્તિ અપાવવા આ કૃતિ રચવામાં આવી છે. સંભવ છે કે કાલિદાસે વિક્રમાદિત્યની સૂચનાથી પ્રવરસેનને કૃતિની રચના કરવામાં મદદ કરી હોય. એક ટીકાકારની નોંધ પ્રમાણે એક પરંપરામાં જણાવાયું છે કે મહારાજાધિરાજ વિક્રમાદિત્યની આજ્ઞાથી આ કૃતિની રચના કાલિદાસે કરી. રાવણવહો કે દહમુહવહ જેનું અપર નામ છે તેની રચનામાં કાલિદાસનો હાથ હોય તેવું સૂચન કરવામાં આવે છે. આ મહારાષ્ટ્રી પ્રાકૃત કાવ્ય છે. આ કાવ્યમાં લંકા જીતવાની તૈયારી કરી રહેલા રામ વિષે કહેવાયું છે. સમુદ્ર પર પુલ બાંધવો, રાવણ સાથે ખુનખાર લડાઈ તથા તેને હણવામાં આવે છે તે કાવ્યનું વસ્તુ છે. પ્રવરસેનના તામ્રપત્ર પરથી તે પણ કાલિદાસની જેમ શિવનો ભક્ત હતો. શિવભક્ત કાલિદાસે રઘુવંશમાં રામની યશોગાથા ગાઈ છે તેમ માતાની ઇચ્છાનુસાર પ્રવરસેને સેતુબંધમાં રામનાં પરાક્રમો ગાયાં છે. રઘુવંશના વિચારો અહીં પુનરુક્ત થતાં હોવાથી શક્ય છે કે પ્રવરસેને સેતુબંધ કાલિદાસના માર્ગદર્શન નીચે લખ્યું હોય. જેમકે:

> अहिणवराआरद्धा चुक्कखलिएसु विहडिअपरिट्ठविआ ।
> मेत्तिव्व पमुहरसिआ णिव्वोढुं होइ दुक्करं कव्वकहा ॥ सेतु १९.

૧ કાલિદાસ : મિરાશી અને નાવલેકર, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯, પૃ. ૧૯. ૨૦. ૩૩, ૩૪, ૬૦, ૧૦૭ ૧૫૬, ૧૫૭-૧૫૮.

આના વિષે મિરાશી-નાવલેકરે "કાલિદાસ"માં પ્રથમ અધ્યાયમાં વિગતે ચર્ચા કરી છે. વળી અકબરના સમયના જયપુરના રાજા રામદાસ કે જેણે આના પર ટીકા લખી છે તેઓ લખે છે :

धीराणां काव्यचर्चा चतुरिमविधये विक्रमादित्यवाचा ।
यं चक्रे कालिदास कविकुमुदविधुः सेतुनामप्रबन्धम् ॥

ઉપરની કૃતિઓમાંથી જેને સાત વિશ્વસનીય કૃતિઓ માનવામાં આવે છે તે ચંદ્રગુપ્ત બીજાના સમયના કોઈ ને કોઈ પ્રસંગની ઉજવણી સમયે લખાઈ છે. માલવિકાગ્નિમિત્ર ચંદ્રગુપ્તની પુત્રી પ્રભાવતી ગુપ્તાના વાકાટક રુદ્રસેન બીજાના લગ્ન પ્રસંગે, મેઘદૂત ત્યારે રચાયું કે જ્યારે કવિ વાકાટકના દરબારમાં વિક્રમાદિત્યની આજ્ઞાથી રહેતા હતા, ત્યાં તેણે વાકાટકના કુમાર પ્રવરસેન બીજાને પ્રાકૃત કાવ્ય સેતુબંધની રચનામાં મદદ કરી, કુન્તલેશ્વરદૌત્ય, રાષ્ટ્રકૂટના કુંતલના દરબારમાં દૂત તરીકેના કાર્યનું વિહંગાવલોકન કરાવે છે, વિક્રમોર્વશીયમાં તેના આશ્રયદાતા ચંદ્રગુપ્ત બીજા વિક્રમાદિત્યનો સુસ્પષ્ટ ઉલ્લેખ છે, કુમારસંભવ ચંદ્રગુપ્તના પુત્ર કુમારગુપ્તના જન્મની ખુશાલી પ્રસંગે અને રઘુનો દિગ્ વિજય ચંદ્રગુપ્ત બીજા પૃથ્વીના સમગ્ર વિજય નિમિત્તની યાત્રાનું[1] પ્રતિબિંબ પાડે છે. સેતુબંધ ૧૬ આશ્વાસોમાં લખાયું છે.

ઉપર પ્રમાણે મર્યાદાને ધ્યાનમાં રાખી કાલિદાસની કે તેના નામ પર ચઢાવેલી કૃતિનો આછો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે. કાલિદાસની જ મનાતી કૃતિ વિષે પણ મતભેદ પ્રવર્તે છે. એક માન્યતા પ્રમાણે કાવ્યો અને નાટકોના લખનાર બે કાલિદાસ જુદા જુદા હતા. "अस्ति कश्चिद् वाग्विशेष:" આ ઉક્તિ માત્ર કાવ્યો રચનાર કાલિદાસને લાગુ પડે છે; નહીં કે નાટકકાર કાલિદાસને એવી પણ એક માન્યતા પ્રવર્તે છે. કાલિદાસ અને તેની કૃતિઓ ખરેખર પ્રશ્નાર્થ ચિહ્ન છે, એક કૂટપ્રશ્ન છે !

---

૧ कृत्स्नपृथ्वीजयार्थेन राज्ञैवेह सहागतः ।

ઉદયગિરિ શિલાલેખ : ફ્લીટ પૃ. ૩૪ પાદટીપ.

ગુરુફાગ

(પંદરમી સદીનું એક અજ્ઞાત ફાગુકાવ્ય)

અગરચંદ નાહટા

ફાગુ કાવ્યની પરંપરા ચૌદમીથી અઢારમી સદી સુધી વેગપૂર્વક પ્રવર્તમાન હતી. પંદરમી અને સોળમી સદીમાં તો ફાગુકાવ્ય બહુ મોટી સંખ્યામાં રચાયાં છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખે 'પ્રાચીન ફાગુ-સંગ્રહ' સને ૧૯૫૫માં પ્રગટ કર્યો છે (પ્રાચીન ગૂર્જર ગ્રન્થમાળા, ગ્રન્થ ૩) અને ત્યાર પછી એનાં બીજાં બે પુનર્મુદ્રણો થયાં છે. પણ જેમ જેમ શોધ થાય છે તેમ તેમ અજ્ઞાત ફાગુકાવ્ય જાણવામાં આવે છે. એમાંનાં કેટલાંક 'સ્વાધ્યાય'માં અને અન્ય શોધ-સામયિકોમાં પ્રગટ થયાં છે. એ વિષયમાં મારા કેટલાક લેખો આ પહેલાં પ્રકાશિત થયા છે.

હમણાં અમદાવાદ જવાનું થતાં કેટલાંક મહત્ત્વનાં ફાગુકાવ્યો જોવામાં આવ્યાં તેમાંથી 'ગુરુફાગ' અહીં પ્રગટ કરવામાં આવે છે. આ કાવ્ય મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહની સં. ૧૪૭૩માં લખાયેલી એક સંગ્રહની પોથીમાંથી મળ્યું છે. બીજાં અજ્ઞાત ફાગુકાવ્યો પણ યથાસમય પ્રકાશિત કરવાની મારી ધારણા છે.

આ ફાગુકાવ્યમાં તપાગચ્છના 'જયાનન્દસૂરિના દેવસુંદર, જ્ઞાનસાગરસૂરિ, કુલમંડલસૂરિ અને ગુણરત્નસૂરિ' એ આચાર્યપરંપરા આપવામાં આવી છે. આથી એનું નામ 'ગુરુફાગ' એવું રખાયું છે. આ પાંચેય આચાર્યો વિદ્વાન ગ્રન્થકાર તરીકે જૈન સાહિત્યમાં વિખ્યાત છે. ગુણરત્નસૂરિનો સમય ૧૫મી સદીનો ઉત્તરાર્ધ છે અને આ કાવ્યની મળેલી હસ્તપ્રત પણ એ સમયમાં લખાયેલી છે. આથી મૂળ રચનાની ભાષા સુરક્ષિત છે.

गुरु फाग

प्रणमवि सिवि जिण आदरि, आदरि निय मणि रंगु ।
सवइं क्रम मतामर तामरस जिम भंग ।
समरवि देवति सरसति, सर[स] तिणइं कवि होइ ।
गाइसु गुरु गुरुया पुण, आपण बुधि बलु जोइ ॥ १ ॥

डाहपणउं नही पावली, तां वली कवउं केहा काज ।
गाढीय रढ मझ लागीय, भागीय कवियण लाज ।
वीनवउं श्री संघु अलीयलु, करीयल बेसिसि जोडि ।
बोलिवउ फागु मइं मूरखि, मूं रखे आणउ खोडि ॥ २ ॥

चंद्रशाखां सुरतरुयरु, गुरुयरे **तवगछ** राउ ।
नव खंड प्रथिवीय गहगहइ, महमहइ जसु जसवाउ ।
तीण तिसइ गछि उदयलइ, उदय लवधि सुनिधानु ।
जयाणंदसूरि जगि जाणीइ, जाणीइ जग हे प्रधानु ॥ ३ ॥

श्री देवसुंदर गणधर, गणधर श्रेणिशृंगार ।
पयडी सूसमु पंचमि, पंच महाव्रतधार ।
तस प्रभु पाटउ द्योतक, द्योतक चरित्र पात्र ।
ज्ञानसागरसूरि मुनिवर, मुनिवर नरसिरिछात्रु ॥ ४ ॥

कुलमंडणसूरि देसण, जि सुणई गुहिर गंभीर ।
धनु कीयारथ ते नर, ते न रहइ भवि धीर ।
गुणरत्नसूरि जुगवर, जुग वरि वर अवतार ।
ज्ञान नयणि परि चालीउ, बालीय वेसहिं मारु ॥ ५ ॥

गुरु पंच ए परमिठि, परमठिया कि स यंम ए ।
पंचम गति नायक, नाय का गुरुयारंभ ।
पंच ए पंच प्रकारक, कारक लच्छि(वि) विसाल ।
जे नर पंचंगि वांदइं, नांदइ ते चिरकाल ॥ ६ ॥

ए [गुरु त्रिभुवन दीपक, दीपक ज्ञानभंडार ।
रंजन सयल सभाजन, भाजन बुद्धि अपारु ।
इहं गुरुना गुण जेतला, तेतला मई न कहाइ ।
वर गयवर भरु सो खरि, खोखरि केम वहाइ ॥ ७ ॥

चारि जे संप्रति विहरंति, (हरंति) भवियण पापु ।
महीयलि जयवंत गाजत, गांजत मयण प्रतापु ।
इत्थंतरि जग न रडतु, रडतु कोपीउ मोह ।
मझ आगलि ए कउण रे, कउण रे चारित जोह ॥ ८ ॥

मोरउं माझु न जाणिं रे, जाणिं रे सुरनर इंदु ।
संकर मइं रे विगोवीउ, गोपीय नाह गोविंद ।
पंचमुखड विहि मईं कीउ, मई कीउ रावण धूलि ।
लोइय रसीयण रोलिय, बोलिय मइं तपमूलि ॥ ९ ॥

इम भणी भणि मुंछ मुरडए, करडए अहरडा दंति ।
तव सीखावण सारीय, नारीय देइ एकंति ।
रहि रहि सामी गणहर, गणहर सिउं मन खउलि ।
वीनवउं हउं प्रीउ आपणु, आपणउ घर मन बोलि ॥ १० ॥

सूतउ सापु म जागवि, पागठि लागीय देव ।
दइ अहिरा तणु चिरंजीव, नुर जीव तउं कामदेव ।
पुव्व वृतंतु संभारि न, मारि न साडीउ जीम ।
जंबूय थलभद बूझसि, झू(झ)सि तउ कहि कीम ॥ ११ ॥

घरणि वयण अवहेलीय, मेलीय निय दलु जाम ।
रोपीय दलपति रितुपति, रतिपति चालीउ ताम ।
रण रसि मधु रितु आवीउ, धाईउ मलय समीरु ।
विरहीय विरहु वधारति, आरति करइ सरीरि ॥ १२ ॥

भार अढार (१८) समार ए, यार ए इंद्रिय लोल ।
तरुयर पल्लव झलमल, परिमिल करइं कल्लोल ।
कमलि रमलि करइं महूयर, महु रइं रुण-झुण कारि ।
साडल पाडल चंपक, कंपु करइं सम भारि ॥ १३ ॥

विहसई वणसइ निरमल, परिमलु पुहवि न माइ ।
मागधि पारधि सुरहीय, सुरहीय कली इक लाइ ।
मुनि जन मन वन जालति, मालति मउरिउ चंग ।
वेउल कुसुम परागिहिं, रागिहिं वउल सुरंगु ॥ १४ ॥

कुंकुय लोल कि सेवति, सेव ति देव करंति ।
कामिय काम सिंधूर वणु, भूषणि वालउ लिंति ।
नवरंग नारिंग करणीय, वरणीय फल तिणि लाग ।
दाडिम केलि बिजोरीय, झउरीय फल भरि भाग ॥ १५ ॥

ऊपम सूयडला चांचड़ी, तां चडी केसूय फूलि ।
तग तग कि दिणयर, कणयरु चडइ बहु मूलि ।
केतुकि बहकति काणणि, माणणि मेल्हइ नादु ।
आंबुलइ चडि कलि कंठीय, कंठिहिं करइ निनादु ॥ १६ ॥

एम घणी परि दंडिम, घंमिम करइ वसंतु ।
गुरु चक्रवति सुध्रि जाणीय, तां निय मनि विहसंतु ।
सामहणी वरि चालीय, झालीय समु करवालु ।
मुहवडि भाव सेनानीउ, मानीउ मधुर वय कालु ॥ १७ ॥

ध्यानि धनुषि टंकारिउ, डारिउ मधु रितु जाम ।
तखणि द्रेठि द्रछीठउ, दीठउ सुह गुरि काम ।
हाकि पचारीउ चउपटि, रणवटि मारीउ मारु ।
रवि तलि रेख रहावीय, भावीय करइं जयकारु ॥ १८ ॥

ऊपम लहइ न दिणकरु, दिणि करइ सोणि प्रकासु ।
मुनि ए ति पति निसि दिणु, नसदीणु जगि जसु जासु ।
रोहिणि रणणु निरूपम, (ऊपम) किम सिसि होई ।
कलंकीउ अनुइ विराहगि, राहिग सीजइ सोई ॥ १९ ॥

नवकुंड नवकुल संवृत, अमृतु दूषितु तेण ।
चारु विचार विवर्जित, चर्जि तणी सुरधेणु ।
घणउं किसउं जिहं स माची ए, साचीर ए वात वचाइ ।
खरु गजु खलुगुलु एकइंरे, ए कइं रे आधि विचाइ ॥ २० ॥

जिम दृढ सिढ सुढ आउलइं, आउलइं तरइ तरंडु ।
तिम प्रति श्रीसंघु विस्तरु, विस्तरउ महिम करंड ।
जां लगइ मेरु महाचलु, जां जलु सायरि गंगि ।
ता जयउ गुरु गुण छावरीया, वरीया श्री य संघि ॥ २१ ॥

बहु विह सुर सुह लोल ति, सोल ति विद्या देवि ।
पद्मावति जिण भत्तीय, जुत्तीय अंब्बिक देवि ।
विमलाचल जिणनायक, पायक कवडिल जाखु ।
सानिधि गुरु गछु गुहिरउ, विहरउ वरिसहं लाख ॥ २२ ॥

मास वसंत खेलण । इति श्रीगुरुणां फाग समाप्तः ॥ छ ॥

ઝાલોદ વિસ્તારના ભીલોમાં વંશ અને ગોત્રવ્યવસ્થા

અરવિંદ ભટ્ટ, અમરસિંહ મુનિયા

પ્રાસ્તાવિક : ઝાલોદ વિસ્તાર ગુજરાત રાજ્યની પંચમહાલ જિલ્લાની પૂર્વ સરહદે આવેલો છે. અંગ્રેજ રાજ્યામલ દરમ્યાન આ વિસ્તાર સંતરામપુરના "સુંથ"ના રાજાના તાબામાં હતો. દંતકથા અનુસાર ઝાલોદ વિસ્તારની જમીનનો જમો ગંગલી ઘાંચણની પાસે હતો. તે સમયે ઝાલોદમાં બે મોટા જમીનદાર રહેતા હતા. ગામથી એકાદ માઈલ દૂર ઝાલા વસૈયા નામનો એક ભીલ રહેતો. તે પોતાના ગામનો મુખી હતો; અને આજુબાજુના વિસ્તાર ઉપર તેનું સારું પ્રભુત્વ હતું. રાજા ઝાલા ઉપર ખૂબ જ વિશ્વાસ રાખતો. આ ઈર્ષાથી જમીનદારોએ ઝાલાને ભેળવી એક દિવસ હજામ પાસે તેનું ખૂન કરાવ્યું. ઝાલાનું ધડ હજામની પાછળ પડયું; અને તેને પકડી રાજાની કચેરીમાં ગળું દબાવી મારી નાખ્યો. ઝાલાની સ્મૃતિરૂપે આજે પણ ઝાલાનો પાળિયો કચેરીમાં મોજૂદ છે. લોકવાયકા અનુસાર ઝાલાના નામ ઉપરથી આ વિસ્તારના એ મુખ્ય સ્થળનું નામ ઝાલોદ પડયું.

ઝાલોદ વિસ્તારમાં મુખ્ય વસ્તી ભીલની છે. ૧૯૬૧ની વસ્તીગણતરી અનુસાર ૧,૦૨,૦૩૧ જેટલી ભીલ વસ્તી છે, આ ભીલ વસ્તીમાં કોઈ પેટાજૂથો જોવા મળતાં નથી. આ વિસ્તારમાં ભીલ વસ્તી કયારથી આવી તે વિશે પણ કશી જ વીગતો મળતી નથી.

આ ભીલો છૂટીછવાઈ ગ્રામવ્યવસ્થા ધરાવે છે. એટલે તેમનાં ઘર ખેતર પર જ હોય છે. કુટુંબમાં પુત્રો મોટા થતાં ખેતરમાં ઝૂપડાં બાંધે છે. આ રીતે એક જ શાખાના કુટુંબીજનો રહેતા હોય ત્યાં ચાર-છ ઝૂપડાંનું ઝૂમખાંવાળું ફળિયું અને તેવાં અનેક ફળિયાં મળીને એક ગામ બને છે. સામાન્યતઃ એક બાપના બધા દીકરાઓની ખેતી સંયુકત જ જોવા મળે છે. એટલે આ ઘરરચનાને "અલગ ચૂલા"વાળાં ઘર જ કહી શકાય. આ ઉપરાંત એમની રહેઠાણવ્યવસ્થા સામાજિક વ્યવસ્થા સાથે ગાઢ રીતે સંકળાયેલી જોવા મળે છે. અનેક ઘરનાં ઝૂમખાં કયારેક એક જ ગોત્રનાં હોય તેમ ઘણી વાર જોવા મળે છે; તો કયારેક આવાં ઝૂમખાં એક જ વંશનાં કે શાખાનાં પણ મળી આવે છે. તપાસમાં ગરાડુ ગામમાં તળાવફળિયું મુનિયાગોત્રવાળાનું, કાંકરાદરા ફળિયું નિનામાગોત્રવાળાનું, બોર ફળિયું ગરાસિયા ગોત્રવાળાનું, કજેલી ફળિયું કલારા ગોત્રવાળાનું, ઠળિયાદેવ ફળિયું મછાત્ર ગોત્રવાળાનું, તથા બોરિયા ફળિયું વળવાઈ ગોત્રવાળાનું છે. તેવી જ રીતે રાજપુર ગામમાં પીપેર ફળિયું મછાર ગોત્રવાળાનું તથા ચોરા ફળિયું ડામોર ગોત્રવાળાનું જોવા મળ્યું છે. તેવી જ રીતે ઢાઢિયાગામમાં ભલજી પટેલનું ફળિયું માલીવાડ ગોત્રનું જોવા મળ્યું છે. તેમનામાં સ્પષ્ટપણે ગામભાવના અને ગામએકતા જોવા મળે છે. કોઈને ગામમાંથી કાઢી મૂકવો એ એમને મન મોટામાં મોટી સજા છે. દરેક ગામને ગામ-પટેલ હોય છે. આજે ગામ પટેલનું સ્થાન સરપંચે લીધું છે. ગામમાં લગ્ન, મરણ, સામાજિક, સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રસંગોએ કે ગામમાં ધાડ પડી હોય, કોઈનું ઘર કે ઘાસ સળગી જતું હોય વગેરે જેવા આફતના પ્રસંગોએ; લડાઈ,

ઝઘડા જેવા કટોકટીના પ્રસંગોએ; કોઈનું ઘર બાંધવું હોય, થાપડા પાડવાના હોય, ખેતીકામમાં–"લાહ"–માં જવું હોય, કૂવો કાઢવો હોય, મકાઈ કૂટવી હોય, મિલક્તના ભાગ પાડવાના હોય, ઘરજમાઈ કે ખોળે (દત્તક) લેવાનો હોય; બાધા, માનતા, આખડી, મેળો છોડવો હોય, ખત્રી ચઢાવવા હોય, હોળી, દિવાળી, કાયટાં, ટીમલાં જેવા ધાર્મિક પ્રસંગો હોય; કામધંધા અર્થે બહાર ગયેલા પડોશીના ઘરની રખેવાળી કરવી વગેરે જેવા પડોશી ધર્મ સુધીના અનેકવિધ પ્રસંગોએ ગામના સૌ પરસ્પરને મદદ કરે છે. આવાં મદદનાં કાર્યોમાં ઘરની વડીલ વ્યક્તિ ન જઈ શકે તેમ હોય તો કોઈ દીકરાને પણ તેમાં ભાગ લેવા મોકલે છે. આવા પ્રસંગોએ હાજરીનું મહત્ત્વ-પ્રતિનિધિત્વની ભાવના સૌથી વિશેષ જોવા મળે છે. "કાલે આપણો પણ એવો વારો આવહે." એવી સતત ચિન્તા તેમને રહેતી હોય છે.

આ વિસ્તારના ભીલોમાં જ્યારે પણ કોઈ માણસને કોઈ પૂછે કે "કાંનો હે આલ ?" તો તરત જ જવાબ મળે કે "હું હાંડ ગરાડુનો હે. હું હાંડ રાજપુરનો કે હું હાંડ ઢાઢિયાનો હે". આમ ગામનું નામ એક વિશિષ્ટ ગૌરવ તરીકે રજૂ કરવાની સ્પષ્ટ ભાવના આ ભીલોમાં જોવા મળે છે. કન્યાને પરણાવ્યા પછી સાસરે મોકલવાની—"આણીવર" જવાની—પ્રથામાં આખા ગામના જુદા જુદા ગોત્રના, જુદા જુદા ફળિયાના લોકો "અમારા ગામની કન્યા છે" તેવું સ્પષ્ટ માને છે; અને કન્યાને તેની સાસરીમાં મૂકવા જાય છે. આમ આ બધાં તત્ત્વો ગામ–ઐક્ય અને ગામસંગઠનની ભાવનાને રજૂ કરે છે.

ભીલ સમાજમાં કુટુંબનું મહત્ત્વ અનિવાર્ય લેખાયું છે. ભીલ કુટુંબ સામાજિક, ધાર્મિક, આર્થિક તથા સાંસ્કૃતિક જેવી અનેક પ્રકારની ભૂમિકા ભજવતું જોવા મળે છે. ભીલોની કુટુંબવ્યવસ્થાનું સ્વરૂપ પૂર્ણ-અપૂર્ણ, સંયુક્ત-વિભક્ત તથા મિશ્રવ્યવસ્થાવાળું જોવા મળે છે. બાળકના સામાજિકરણમાં માતા-પિતા તથા દાદા-દાદીની ભૂમિકા અનિવાર્ય ગણાયેલી છે. ભીલો પિતૃસત્તાક, પિતૃપંથીય, પિતૃસ્થાની બહિર્લગ્ન કુળો વ્યવસ્થા ધરાવે છે. એટલે કુટુંબમાં મિલકત પિતા દ્વારા પુત્રને મળે છે. જો પુત્ર ન હોય તો શાખ કે ગોત્રમાંથી કોઈને "ખોળે" દત્તક તરીકે રાખે છે. પત્ની તથા ભાણેજને પિયર તથા મોસાળ પક્ષ તરફથી મળેલી ભેટ ઉપર તેમનો પોતાનો અધિકાર રહે છે. જન્મ, લગ્ન, મૃત્યુ, આર્થિક પ્રવૃત્તિ, બાધા, આખડી, મેળો, કાયટું વગેરે વિવિધ પ્રસંગોએ કુટુંબ વિવિધ પ્રકારની પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવતું જોવા મળે છે.

આ ભીલોમાં શાખા તથા ગોત્રનું મહત્ત્વ પણ ઘણું વધારે જોવા મળે છે. લગ્ન, મરણ, જન્મ, ખેતીવાડીનાં કાર્યોમાં કે જીવનનાં રોજિંદાં કાર્યોમાં, ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રસંગોએ કે ચૂંટણી જેવા બનાવોમાં, આક્રમણ, ભય કે આફત જેવા પ્રસંગોમાં પરસ્પર શાખભાઈઓ અને ગોત્રભાઈઓ સંકળાય છે. પોતાની સગાઈગાંઠ મજબૂત બનાવે છે અને અનિવાર્યપણે દરેક વિશિષ્ટ હક્કો કરતાં તથા ફરજના ભાવે સંકળાઈ સમગ્ર શાખ કે ગોત્રની આબરૂ વધારવા અનેક પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવે છે.

આ ભીલોમાં "લગ્ન એ એક કરાર છે," સંસ્કાર નથી. જેથી ગમે ત્યારે તે તૂટી શકે છે. તેમનામાં બહુપત્નીત્વ, સાળીવટું, દિયરવટું, ઘરજમાઈ, નાતરું તથા વિધવા પુર્નલગ્ન પ્રથા વગેરે

વિવિધ સ્વરૂપો જોવા મળે છે. લગ્ન પુખ્ત વયે જ થતાં જોવા મળે છે. તેઓ અગાઉ જણાવ્યું તેમ જાતિઆંતર ગોત્રબહિર્લગ્ન વ્યવસ્થા ધરાવે છે. માતૃ અને પિતૃ પક્ષે ત્રણ પેઢીનાં સગાં વચ્ચે લગ્નનો કડક નિષેધ પ્રવર્તે છે. તેઓ એક જ ફળિયામાં જુદા ગોત્રની સાથે પણ લગ્ન સંબંધ બાંધતા નથી. તેઓ તેમના જેવા નિકટના નિવાસ—રહેઠાણને કારણે રોજિંદા વ્યવહારમાં સાથે ઊછરેલાં માની ભાઈ-બહેન જેવો વ્યવહાર છે તેમ ગણાવે છે. તેવું જ ગામમાં ને ગામમાં પણ લગ્ન કરવાનું વલણ ઓછું જોવા મળે છે. આમ ગામબંધુતાની ભાવના જ અહીં મહદ્ અંશે અસર કરે છે. આ ભાવના તેમના લગ્નમાં "આણીવર જવાની" પ્રથા દ્વારા બહુ સચોટ રીતે અભિવ્યક્ત થાય છે. જેમાં સમગ્ર ગામ ગામની કોઈ પણ કન્યા પરણે તો તેના સાસરીના ગામે લગ્ન પછી મૂકવા માટે જાય છે. અહીં "ગામની દીકરી" એવો ભાવ બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. અને પરિણામે ગામ-આંતરલગ્નનું પ્રમાણ પણ અતિ ઓછું જોવા મળે છે. લગ્ન તેમની પરંપરાગત પ્રણાલિકા અનુસાર થાય છે; બ્રાહ્મણને બોલાવવામાં આવતો નથી.

આમ ભીલ સમાજજીવનનાં અનેકવિધ પાસાં પરસ્પર સંકુલ રીતે સંકળાયેલાં છે; તે દ્વારા તેમની જીવનવ્યવસ્થાનું દર્શન થઈ શકે છે. સગાઈવ્યવસ્થાને તાંતણે આ ભીલસમાજ અત્યંત ઘનિષ્ટ રીતે સંકળાયેલ છે. વિવિધ પ્રસંગોએ લોહીનાં સગા, કે વંશસગાં, ગોત્રસગાં વિવિધ પ્રકારની પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવે છે, દરજ્જો પ્રાપ્ત કરે છે અને બીજી વ્યક્તિઓ સાથે નિશ્ચિત પ્રકારના ફરજોના અને હક્કના સંબંધોથી સંકળાય છે. પ્રસ્તુત લેખમાં આ વિસ્તારના ભીલોમાં સામાજિક સંરચનાનાં બે મહત્ત્વનાં સંસ્થાકીય સ્વરૂપો વંશ તથા ગોત્રનાં સ્વરૂપ અને તેના પ્રકાર્યાત્મક સ્વરૂપને જોવાનો પ્રયત્ન કર્યો છે.

વંશ :

એક પક્ષીય લોહીનાં સગાંઓનું જૂથ એટલે "વંશ", તેમાં એક જ લોહીનાં સગાંઓનો અને વંશજોનો સમાવેશ થાય છે. તેઓ એક જ સામાન્ય વંશમાંથી જન્મેલા હોય છે. આમ વંશ લોહીનાં સગાંઓનું નાનું, મર્યાદિત પેઢીઓનું જૂથ છે. પેઢી એટલે એક જ લાઈનમાં આવતાં લોહીનાં સગાં. પેઢી વંશનો નાનો ભાગ છે. આ વિસ્તારના ભીલો તેને "પિડી" કહે છે. વંશ ગોત્રનો નાનો ભાગ છે. તેમાં એક કરતાં વધુ વંશો સમાય છે; જ્યારે કુટુંબ વંશનો નાનો ભાગ છે. આમ વંશ લોહીનાં સગાંઓનું કુટુંબ પછીનું નિકટવર્તી જૂથ ગણાય છે; જ્યારે ગોત્ર લોહીનાં સગાંઓનું કે એક જ પૂર્વજને માનનારાઓનું દ્વિતીય કક્ષાનું વિસ્તૃત જૂથ છે. વંશ માતા અને પિતા બન્ને પક્ષના ગણાય છે.

પ્રસ્તુત વિસ્તારના ભીલોમાં "વંશ" અથવા "શાખ"નું મહત્ત્વ ઘણું છે. ભીલો પિતૃસત્તાક પિતૃવંશીય અને પિતૃસ્થાની સમાજવ્યવસ્થા ધરાવે છે. ભીલ-શાખમાં એક કરતાં વધુ પેઢીનાં સગાંઓનો સમાવેશ થાય છે. ભીલોની શાખ વિવિધ કદની જોવા મળે છે; ક્યારેક બે કે તેથી વધુ સંયુક્ત કુટુંબના સ્વરૂપ જેવડી નાની તો ક્યારેક એક શાખમાં હજાર કરતાં પણ વધુ વ્યક્તિઓ જોવા મળે છે. શાખના કદમાં આવી વિવિધતા બ્રિટીશ રાજ્યામલ દરમ્યાન જંગલના કાયદામાં પરિવર્તન, ટૂંકી જમીન, આફત વગેરે અનેક આર્થિક, સામાજિક કારણોસર આ વિસ્તારના ભીલોમાં અનેક ગ્રામ સ્થાનાંતરો થતાં રહ્યાં છે. ગરાડુ ગામના મુનિયા ગોત્રની એક

શાખનું મૂળ મૂડાહેડ ગામમાં, ડામોર ગોત્રની એક શાખનું મૂળ વગિરિ ગામમાં જોવા મળે છે. ઢાઢિયા ગામના ઝાલીવાડ ગોત્રની શાખનું મૂળ માલવણ ગામમાં જોવા મળે છે. ટૂંકમાં પરિસ્થિતિ અને સંજોગોને કારણે એક જ શાખના સભ્યો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતાજ રહ્યા છે. પરિણામે કયારેક પોતાના શાખભાઈઓથી વધારે દૂરના અંતરે કે લાંબો ગાળો થઈ જવાને પરિણામે સ્મૃતિમાં ન રહેવાને કારણે બધા શાખભાઈઓ સાથેનો સંબંધ ન જળવાતાં શાખમાં વિભાજન થઈ જાય છે અને શાખ નાની બની જાય છે. આવું કોઈને યાદ હોય તો જ બીજા ગામમાં પોતાની શાખવાળા છે તેમ યાદ રાખી શકે છે. પણ જેમ પેઢીઓ જતી જાય અને સ્મૃતિ ઝાંખી થતાં તે સંબંધો ધીરે ધીરે ઓછા થઈ જાય છે તેમ પણ બને છે. પરિણામે શાખનું કદ નાનું જોવા મળે છે.

વંશનું સ્વરૂપ :

પોતાની શાખના ભાઈઓને આ ભીલો "ભાઈબેટા" તરીકે ઓળખાવે છે અને સમગ્ર શાખવંશને "કુટુંબી" તરીકે ઓળખે છે, જ્યારે પોતાની શાખ સિવાયનાઓને "કરહા" તરીકે ઓળખવામાં આવે છે. તેઓ સૌ એક જ લોહી કે પૂર્વજના નાતે સંકળાયેલા હોઈ, તેઓ વચ્ચે સગાઈગાંઠ ઘણી મજબૂત રીતે બંધાયેલી હોય છે; તથા દરેક પરસ્પર હક્કો અને ફરજોની સભાનતાથી સંકળાયેલા રહે છે. પરિણામે તેઓ વચ્ચે પરસ્પર સહકારની ભાવના ઘણી ઘેરી જોવા મળે છે. તેઓ કહે છે કે "વાડનો વેલો વાડે જ સડે" અર્થાત્ જે તે શાખનો સભ્ય પોતાના શાખભાઈને જ મદદ કરવા જાય. તેમની અર્થવ્યવસ્થા જીવનનિર્વાહલક્ષી હોઈ ખેતીવાડી, શિકાર, માછલાં પકડવા જવું, પશુપાલન, કે "લાહ" જેવાં આર્થિક કાર્યોમાં પરસ્પરના સાથ સહકારની અતિ આવશ્યકતા રહે છે. સામાજિક-ધાર્મિક પ્રસંગોએ, આક્રમણ-ઝઘડો, આફત પ્રસંગે રક્ષણ, માંદગી કે મૃત્યુ જેવા પ્રસંગે શાખભાઈઓની અનિવાર્યતા જોવા મળે છે. શાખનો સભ્ય ભલે દૂર રહેતો હોય પણ વિવિધ પ્રસંગોએ હાજરી આપવાનું, સહકાર આપવાનું કે પ્રત્યક્ષ મદદ કરવાનું તે ચૂકતો નથી. જો તે પોતે ન જઈ શકે તો ઘરમાંથી કોઈ નાનાં છોકરાંને પણ છેવટે મોકલે છે. આમ શાખમાં સામૂહિક પ્રતિનિધિત્વની ભાવના સ્પષ્ટપણે જોવા મળે છે. તેઓ માને છે કે, "આપણે એવી પરિસ્થિતિમાં મુકાઈએ ત્યારે બીજા શાખભાઈઓ આપણી મદદે આવે છે. માટે આપણે તેમની મદદે, સાથ સહકારે જવું જોઈએ; ન જાય તો ખોટું દેખાય. કુટુંબી તરીકે પરસ્પરને સાથ સહકાર આપવાની પોતાની ફરજ છે તેમ માને છે, જેમાંથી સગાઈ-સંબંધોની એકતા પ્રગટ થાય છે. સગાઈ-ગાંઠ વધુ મજબૂત બને છે, અને શાખભાઈઓ પરસ્પર સંબંધના નાતે વિશિષ્ટ પ્રકારની પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવતા જોવા મળે છે.

૧. વંશસાતત્ય :

શાખના સભ્યો પોતાની શાખનો સતત વિસ્તાર વધે તથા તેની આબરૂ વધે તેનો ખ્યાલ રાખતા હોય છે. કોઈ પણ શાખભાઈને સંતાન ન હોય કે પુત્ર સંતાન ન હોય ત્યારે શાખભાઈઓ એક વિશિષ્ટ પ્રકારની વ્યાકુળતા અનુભવે છે. ભીલસમાજમાં વાંઝિયાપણું અપશુકનિયાળ ગણાય છે. એટલે તેવી સ્થિતિ સમગ્ર શાખને માટે શાપરૂપ સમજવામાં આવે છે. સંતાન અને તેમાં પણ પુત્રસંતાનની આવશ્યકતા એ સમાજમાં છે. પુત્ર પિતાના વંશની વૃદ્ધિ કરનાર,

મૃત્યુક્રિયા, કાયટું કરનાર, તેની સામાજિક–આર્થિક જવાબદારી સંભાળનાર, તેની મિલકતનો વારસદાર અને રક્ષક એમ અનેકવિધ પ્રકાર્યાત્મક ભૂમિકાઓ ભજવનાર તરીકે ગણાવવામાં આવ્યો છે. એટલે પુત્ર સંતાન ન હોવું તે તે તેમને માટે બહુ મોટી ચિંતાનો વિષય છે. આવી સ્થિતિમાં શાખભાઈઓ સંતાન કે પુત્રસંતાન શાખભાઈને ત્યાં થાય અને વંશવેલો ચાલુ રહે તેને માટેનાં બાધા, દેવપૂજા, બડવાઈ, દવા-દારૂ, માન્યતા, બીજું લગ્ન કરાવવું અને છેવટે દત્તક વગેરે અનેક પ્રકારના પ્રયત્નો શાખભાઈ માટે કરતા જોવા મળે છે. આ વિસ્તારના ભીલો નિઃસંતાન હોય તેવી પરિસ્થિતિમાં શાખભાઈઓ રાજસ્થાનમાં આવેલા "મંડોક દેવે" આમલી અગિયારસના દિવસે દેવ આગળ ખોળો ભરાવે છે. લોકો માને છે કે દેવ ખુશ થાય તો સંતાન થાય છે. બડવા દ્વારા ભક્તિ વગેરે કરાવી શાખભાઈને ત્યાં સંતાન આવે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. વિસ્તારના રાજપુર ગામમાં ડામોર ગોત્રના મના થાવરાને સંતાનો થતાં ન હતાં. તેણે બડવાઈ કરાવેલી અને પાછળથી થયાં તેમ માહિતી મળી છે. આ ઉપરાંત જંગલની મૂળી, દવા વગેરે લાવી આપીને તેનો ઉપયોગ કરાવડાવીને પણ પ્રયત્નો કરે છે. આ ઉપરાંત તપાસમાં ગરાડુ ગામમાં મુનિયા ગોત્રના ફતા રાવજીને એક જ છોકરી હતી, પણ પુત્ર સંતાન ન હતું. તેથી શાખભાઈઓએ તેને બીજું લગ્ન કરાવડાવ્યું. તેથી પણ સંતાન ન થતાં ત્રીજું લગ્ન પણ કરાવડાવ્યું. ક્યારેક સ્ત્રી પોતે નિઃસંતાન હોય તો પોતાની બહેનને પણ સમજાવી પોતાના પતિની બીજી પત્ની તરીકે લાવવાનો પ્રયત્ન કરે છે, અથવા પોતાના પતિને બીજું લગ્ન કરવા સમજાવે છે.

નિઃસંતાનપણું કે પુત્રસંતાનની સાથે સાથે વંશવેલો ચાલુ રાખનાર વંશજ લગ્ન કરી તેને સંતાનો થાય તેટલી લાંબી પ્રક્રિયા જરૂરી મનાય છે. એટલે સંતાનો કે પુત્રસંતાન થાય તેટલું પણ પૂરતું નથી. તે જીવવાં જોઈએ અને વેલો આગળ વધવો જોઈએ. એટલે સંતાનો થયા પછી મરી જતાં હોય ત્યારે પણ તે ઘણો મોટો ચિંતાનો વિષય બને છે. આવી સ્થિતિમાં પણ શાખ-ભાઈઓ અનેક ધાર્મિક ઉપાયો કરાવતા હોય છે. આ વિસ્તારના ભીલો મધ્યપ્રદેશ ઝાબુઆ જિલ્લામાં બડવા પાસે "કાજળી" ભરાવા જાય છે. "કાજળી ભરાવવી" એટલે સંતાનો શા માટે નથી થતાં તેની પ્રણાલિકાગત જ્યોતિષ જોવાની રીત. ત્યાં જઈને પૂછવાથી તેનું કારણ ખબર પડે અને તેનું યોગ્ય નિવારણ કરવામાં આવે છે. કોઈ ડાકણ કે પૂર્વજ કે ભૂત કે કોઈ પણ પ્રકારનું શું નડતર છે તે શોધી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રી ડાકણ તેનાં સંતાનોને મારી નાખે છે એવી માહિતી મળે તો તેવી સ્ત્રીને મારી નાખવામાં આવે છે, અને કોઈ શાખભાઈ તેની સજા પેટે જેલમાં જવા સુધીની શિક્ષા શાખભાઈ માટે ભોગવવા તૈયાર થાય છે. ક્યારેક બડવાઈ પણ કરાવવામાં આવે છે, ક્યારેક ખતરીને પણ પૂજવામાં આવે છે. બધા શાખભાઈઓ તે સર્વ બાબતોમાં સંગઠિત થઈ તેમાં સક્રિય મદદ કરે છે.

આ ઉપરાંત શાખમાં કોઈને કન્યા મળતી નથી અથવા આર્થિક સ્થિતિ સારી નથી અને કન્યાનું દાપું ચૂકવી શકાય તેમ નથી અથવા કોઈ ખોડખાંપણવાળાં સંતાનો હોય તેવી સ્થિતિમાં કોઈ કુંવારું રહી જાય તે પણ શાખભાઈઓ માટે એક નામોશી ગણાય છે. આર્થિક સ્થિતિને કારણે લગ્ન ન થઈ શકતાં હોય તેવી સ્થિતિમાં બધા શાખભાઈઓ ભેગા થઈ લગ્નનું અને દવાનું ખર્ચ વહેંચી લઈ લગ્ન કરાવી આપે છે, અને શાખભાઈ તરીકેની પોતાની ફરજ કે જવાબદારી બજાવ્યાનું ગૌરવ અનુભવે છે. પોતાની શાખની આબરૂ વધારવામાં સાથ આપ્યો એમ માનવામાં

આવે છે. તેવું જ ખોડખાંપણવાળાં સંતાનોમાં અને તેમાં પણ વિશેષે છોકરીની બાબતમાં તેવી સ્થિતિ હોય અને એ એક માત્ર વંશજ હોય તો દહેજની રકમ વધારે આપીને, સમજાવટ કરીને પણ પરણાવી દે છે. મુનિયા ગોત્રના રતના વાલાને પગે ખોડ હતી તેના દહેજની રકમ વધારે ચૂકવીને પણ તેને શાખભાઈઓએ પરણાવ્યો. તેવું જ છોકરી ખોડવાળી હોય તોપણ નહીંવત્ દહેજ લઈ તેને પરણાવી દેવામાં આવે છે. તપાસમાં ગરાડુ ગામમાં ગંગજી મોતીની દીકરી દીતુને પગે ખોડ હતી તો તેને ઓછું દહેજ આપીને પરણાવી દેવામાં આવેલી. આમ શારીરિક ખોડખાંપણવાળાને પરણાવવાની ચિંતા પણ શાખભાઈઓ કરતા હોય છે. એટલું જ નહિ પણ એવી સ્થિતિમાં કન્યા લઈ આવે યા પરણાવી દે તો તે તેમની સામાજિક કુશળતા ગણાય છે અને સમગ્ર શાખની આબરૂમાં વધારો કરે છે.

૨. રોજિંદા જીવનમાં સહકાર :

વ્યક્તિનો દરજ્જો માન અને આબરૂ શાખમાં વ્યક્તિ કેવો ભાગ—રોલ—ભજવે છે તેને આધારે નક્કી થાય છે. સામાજિક, ધાર્મિક કે આર્થિક પ્રસંગોએ શાખભાઈઓ પરસ્પર સાથ-સહકાર કેવો આપે છે તેને આધારે સમગ્ર શાખની આબરૂ વધે કે ઘટે છે. અમુક શાખવાળા વધુ "સંપીલા" છે અથવા "ઝઘડાળું" છે તેવી છાપ ઉપસી આવે છે. પરિણામે વ્યક્તિ હંમેશાં પોતાનાં સ્થાન, આબરૂ અને માન વધારવાનો પ્રયત્ન કરે છે જેથી સમગ્ર શાખની આબરૂ વધે છે. શાખભાઈને મદદ કરવાનું વલણ વધુ સઘન બને છે, જ્યારે શાખભાઈને ત્યાં મહેમાન આવ્યા હોય તો તે પોતાના પણ મહેમાન છે તેમ માની તેને પોતાને ઘેર પણ કશું નહીં તો છેવટે ચા-પાણી માટે પણ બોલાવી મહેમાનગીરી કરવામાં ફાળો આપે છે. શાખભાઈ એકલો નથી પણ અમે સૌ તેની સાથે છીએ, પડખે છીએ અને સંઘબળ-સંગઠન છે તેમ દર્શાવવાનો પ્રયત્ન થાય છે. શાખ-ભાઈના ઘરમાં દાણા ન હોય તો તે આપવાની પોતાની ફરજ સમજે છે. કોઈ બિમાર હોય તો તેની મદદમાં દોડી જવું, આર્થિક મુશ્કેલીમાં હોય તો પોતા પાસેથી યા માગી લાવીને પણ કામ કાઢી આપવું એમ પોતાની ફરજ માને છે. પોતાને ઘરે દૂધ-દહીં, દવા વગેરે જે કાંઈ હોય તે બીજા શાખભાઈને આપીને ઉપયોગી થવાનું વલણ સ્પષ્ટ જોવા મળે છે. કોઈક દિવસ સારું ખાવાનું બનાવ્યું હોય તો નજીકના શાખભાઈઓનાં છોકરાંને માટે મોકલાવે છે, આમ "વાડકી વ્યવહાર" શાખભાઈઓ વચ્ચે વધુ પ્રમાણમાં થતો જોવા મળે છે, જે તેમનાં સંગઠન અને એકતાને વધુ મજબૂત બનાવે છે.

તેવી જ રીતે શાખભાઈનું ઘર બંધાતું હોય તો પોતાના ખેતરનું કામ છોડીને શાખભાઈને ઘર બાંધવામાં મદદ કરવી કે કેમ એવી દ્વિધા ભાગ્યે જ અનુભવાય છે. શાખભાઈને ત્યાં બાંધકામમાં મદદ કરવાથી પોતાના ખેતરનું કામ રઝળી પડશે અને પોતાને એને પરિણામે નુકસાન થાય એવી ભૌતિક ગણતરીને બદલે શાખ સંબંધની ભાવનાથી મદદ કરવા જવાની પોતાની ફરજ સમજવામાં આવે છે. ખેતીવાડીના કામકાજમાં કોઈ શાખભાઈ પાછળ રહી જાય કે તેની પાસે બળદ, ગાડું કે હળ વગેરે ન હોય કે કામ કરનાર પૂરા સાથી ન હોય તો તે સર્વ પ્રસંગોમાં પોતાનું કામ છોડીને પણ મદદ કરવા જાય છે. જંગલમાં શિકાર કરવા જવું હોય તો શાખભાઈની પસંદગી પહેલી થાય છે. સ્ત્રીઓએ ઘાસ કાપવા જવું હોય, માછલાં પકડવા જવું હોય, લાકડાં વીણવા જવું હોય તો પોતાની શાખની (પતિની) સ્ત્રીઓ સાથે જ જવાનું વલણ વધુ જોવા મળે છે.

૩. ધાર્મિક બાબતોમાં સહકાર :

શાખમાં ધાર્મિક ક્રિયા વખતે દરેક સભ્ય સક્રિય ભાગ લે છે. શાખના પૂર્વજની પૂજા કરવામાં આવે છે. ભીલો માને છે કે સદ્‌ગતિ પામતા પિતૃઓ અમર થાય છે. એ ચારે દિશામાં ફરતા હોય છે, તેઓ આપણાં સર્વ કાર્યો જુએ છે. એટલે ખેતીવાડીમાં સારું ઉત્પાદન ન થતું હોય, ઘરમાં સતત નુકસાન થતું હોય, કે કોઈ માંદું પડતું હોય કે નિઃસંતાન પરિસ્થિતિમાં પણ રક્ષણ મેળવવા માટે કે પૂર્વજોની કૃપાદૃષ્ટિ થાય તે માટે તેમની પૂજાપ્રાર્થના પણ તેઓ કરે છે. દિવાળીના દિવસે તેઓ પૂર્વજની ખત્રી ચઢાવે છે, તથા વરસની આગાહી તથા પાક "હવાકત્રા"-(હવામાન)નું તેને પૂછે છે. તપાસના ગરાડુ ગામમાં દિવાળીના દિવસે ખતરી ચઢેલા ત્યારે શાખના પૂર્વજોએ કહ્યું કે "તમે અમારી સેવાચાકરી કરતા નહીં એટલે ડગરાં, બુકડાં અને મનામાં મરવા લાગ્યાં હૈ." આ જ ગામના પૂજા દલાએ પોતાના પુત્રોને એવું કહેલું કે "ઘરમાં બકરાં કે કૂકડાં મારવાં નહીં, દારૂ પીવો નહીં." પૂજા દલાના મૃત્યુ બાદ તેની શાખના (વંશના) ભૂરકા પૂંજાએ ઘરમાં કૂકડો મારીને ઘરે આવેલા મહેમાનોને ખવડાવ્યો. પરિણામે શાખના પૂર્વજની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી ભૂરકા પૂંજાના ઘરમાં મંદવાડ પેઠો અને છોકરાં એક પછી એક મરવા લાગ્યાં. આવું બનવાથી ભૂરકા પૂંજા પોતાનું ઘર છોડી બીજા શાખભાઈને ત્યાં રહેવા ગયો. ત્યાર પછી તે શાખના શાખભાઈઓએ બકરું-કૂકડું મારવાનું અને દારૂ પીવાનું બંધ કર્યું. આમ શાખના પૂર્વજની મરજી વિરુદ્ધ કરવાથી તે ગુસ્સે થાય છે, અને નુકસાન કરે છે તેવા ભયથી શાખના સભ્યોના વ્યવહારનું નિયંત્રણ અને નિયમન થાય છે.

ધાર્મિક ઉત્સવ પ્રસંગો હોય ત્યારે શાખભાઈઓ બીજા ગામ રહેતા હોય તોપણ તેઓ આવે છે. જો ન આવે તો પૂર્વજ નારાજ થાય છે, ઘરમાં મંદવાડ ભરાય છે તેવી માન્યતા છે. પિતૃના પાળિયા–ચિરાની પૂજા કરવી જોઈએ. એમ ન કરવામાં આવે તોપણ પિતૃ નારાજ થાય છે. જો પૂજા કરવામાં આવે તો તે ખુશ થાય છે અને દુઃખમાંથી ઉગારે છે. તપાસમાં ગરાડુ ગામમાં મુનિયા ગોત્રના દામાણા દીતાની છોકરી થાવરી ઘણા દિવસોથી માંદી હતી. દિવાળીના દિવસે શાખના પૂર્વજ ખત્રીના રૂપમાં તેના શાખભાઈને ત્યાં ચઢ્યા અને કહ્યું કે "મારા નામનો બુલતો કુકડો મારે ને (દારૂની) હરાની ધાર દે દેજો." ત્યાર પછી એ શાખના મગન હીરાએ શાખ પૂર્વજના કહ્યા પ્રમાણે બોલતો કૂકડો મારી દારૂની ધાર આપી એટલે તરત જ થાવરી સાજી થઈ ગઈ. આવા પ્રસંગોને લીધે શાખમાં એકતાની ભાવના પ્રબળ સ્વરૂપે જોવા મળે છે.

૪. પિતૃપૂજા :

દિવાળીના દિવસે શાખભાઈઓ ભેગા થઈને પોતાના પૂર્વજની પૂજા કરે છે, તે પ્રસંગે ફાળો કરી બકરા કે કૂકડાનો ભોગ પણ આપવામાં આવે છે અને દારૂની ધાર પણ આપવામાં આવે છે. ચૌદસ (દેવદિવાળી)ના દિવસે શાખભાઈઓ ભેગા થઈ ખત્રીની ખાસ પૂજા કરે છે. આ વખતે બડવાના શરીર દ્વારા પૂર્વજ આવે છે અને શાખવાળાને ચેતવણી કે રક્ષણની ખાતરી આપે છે. આવે પ્રસંગે કોઈ શાખભાઈ હાજર ન હોય તો બોલાવવામાં આવે છે અને ધમકી પણ આપે છે. આમ પૂર્વજના આવા ડરથી તેઓ શાખમાં સંગઠિત ધોરણે રહી પરસ્પર સામાજિક, ધાર્મિક, આર્થિક કે સાંસ્કૃતિક પ્રસંગોમાં ભાગ લઈ એકબીજાને મદદ કરે છે. માનતા, બાધા, મેળા, લગ્ન,

મરણ તથા જન્મ પ્રસંગે પણ શાખના પૂર્વજને યાદ કરવામાં આવે છે. તેમ ન કરે તો પૂર્વજ નારાજ થાય એવી માન્યતા છે. "જાતર" તથા "ગુંદરું" જેવી ધાર્મિક વિધિઓમાં પૂર્વજને ખાસ આમંત્રવામાં આવે છે. તે પ્રસંગે કોઈ ન આવે તો તેની નોંધ લેવામાં આવે છે. કૂકડાનું, બકરાનું માંસ રાંધવામાં, બળતણ માટે લાકડાં લાવવામાં, રસોઈ-પાણીની વ્યવસ્થા કરવામાં કે આવેલાં સગાંવહાલાંને ભાંગ-દારૂ વગેરે પૂરાં પાડવાની વ્યવસ્થામાં સૌ પોતાનો ફાળો આપે છે. એ બધાં કાર્યો કરવા લાગવાં એ ફરજ છે તેમ સમજવામાં આવે છે. આવી વ્યવસ્થામાં કશી ખામી ન રહે તેની પણ કાળજી લેવામાં આવે છે. નહીં તો ટીકા થાય છે. વ્યવસ્થા સારી કરી હોય તો શાખભાઈઓની આબરૂ વધે છે. આમ એક શાખભાઈને ત્યાં થતો સામાજિક ધાર્મિક વ્યવહાર તેની અસર વ્યક્તિગત નહીં રહેતાં તેના સમગ્ર શાખભાઈઓને સાંકળે છે, અસર કરે છે. સૌ તે પ્રસંગે શાખભાઈ તરીકે પોતાની વિશિષ્ટ કામગીરી બજાવે છે અને તેમાંથી સમગ્ર શાખની આબરૂ ઇજ્જતમાં વધારોઘટાડો થાય છે. આમ એકબીજાના સહકાર વિના જીવવું તેમને માટે મુશ્કેલ નહીં પણ અશક્ય છે. આ પ્રકારની સંબંધોની ફરજ અને હક્કના વર્તન-પ્રણાલિની ગૂંથણીમાંથી જ શાખની સંગઠિતતા ઊભી થાય છે.

૫. સામાજિક બાબતોમાં સહકાર :

શાખભાઈઓની સંગઠિતતા અને સહકારનું વલણ લગ્નની બાબતમાં પણ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કન્યા આપવાની કે લાવવાની હોય, નવો સંબંધ જોડવાનો હોય કે તોડવાનો હોય એ બધી બાબતોમાં શાખભાઈઓની સલાહસૂચના કે સાથસહકાર વિના તે પ્રસંગ શક્ય બનતો નથી. સગાઈ કરવાની હોય તોપણ પોતાના નિકટના સૌ શાખભાઈઓને પૂછવામાં આવે છે. અહીં આપણે સંબંધ જોડીશું તો તેનાથી આપણી શાખની આબરૂ ઘટશે તો નહીંને! અથવા લગ્ન કે સગાઈ બાબતોમાં ગૂંચ પડે ત્યારે તેનો ઉકેલ શોધવામાં શાખભાઈઓની જ મદદ લેવાય છે. આવા પ્રસંગે પોતાને પોતાના શાખભાઈઓનું બળ છે, તેના જોરે તે આબરૂવાળો છે તેમ સ્પષ્ટ દેખાઈ આવે છે. તેઓ ચોરી કે ગુંડાગીરીવાળાં ગામો કે શાખમાં કન્યા આપતા નથી. ક્યારેક કોઈ ગામની કન્યા શાખબેટાને પસંદ હોય અને બીજો કોઈ સામાજિક નિષેધ ન હોય તો તેનું અપહરણ કરી લાવવામાં પણ શાખભાઈઓ જ મહત્ત્વના બને છે; અને આવા પ્રસંગોમાં સફળતા તેમની સમગ્ર શાખની આબરૂમાં ઘણો મોટો વધારો કરે છે. કોઈને ઘરજમાઈ રાખવો હોય, બીજી પત્ની કરવી હોય તો શાખભાઈઓ ભેગા મળી તેમાં સંપૂર્ણ સહકાર આપે છે.

૬. મૃત્યુ :

શાખમાં કોઈને ત્યાં મૃત્યુ થાય એ શાખભાઈઓ માટે ઘણો ઘેરો શોકનો પ્રસંગ બને છે. શાખની સંગઠિતતા અને શાખસંબંધોની સજાગતા, જે શાખના સભ્યોને વિશિષ્ટ પ્રકાર્યાત્મક ભૂમિકાઓ સાથે સાંકળે છે, તે આવા પ્રસંગોએ વધુ તીવ્ર બને. આવે વખતે શાખની સ્ત્રીઓ રડવા માટે પહેલી આવે છે. શાખસભ્યો ખૂબ રડે છે. મૃત વ્યક્તિને બાળવા માટે પોતાના ઘરેથી લાકડાં આપે છે. પાંચ-સાત દિવસ સુધી સમગ્ર શાખમાં શોકની ઘેરી લાગણી ફેલાઈ જાય છે. બે-ત્રણ દિવસ સુધી ચૂલો સળગાવતા નથી. બારમાની વિધિની સંપૂર્ણ જવાબદારી સરખે હિસ્સે વહેંચી લે છે. કાયટાને દિવસે શાખભાઈઓ બધા જ સુંવાળાં, માથાના વાળ, દાઢી તથા મૂછો ઊતરાવે છે.

આમ એ બધા, જેને ઘરે મરણ થયું છે તેના જેટલા પોતાને શોકના સરખા ભાગીદાર ગણાવે છે. એટલું જ નહીં પણ શોક છોડાવવા માટે પણ તેઓ જ જાય છે. શાખમાં કોઈ ઘરે મૃત્યુ થયું હોય તો તે ઘર જેટલા દિવસ સુધી શોક પાળે તેટલા દિવસ સુધી બધા શોક પાળે છે. એટલું જ નહીં પણ મૃત્યુવાળા ઘરે જો કોઈ મીઠાઈ કે અન્ય મીઠી ચીજ વાનગી બનાવવાની શરૂ થાય નહીં કે બનાવાય નહીં ત્યાં સુધી પોતાને ત્યાં પણ તેવો નિષેધ પાળે છે. કોઈ યુવાનનું મૃત્યુ થયું હોય તો શોક વધુ ઘેરો અને ઘણો લાંબો ચાલે છે. કયારેક તો દિવાળી, હોળી જેવા પ્રસંગોએ પણ નૃત્ય, ઢોલ વગાડવો, શૃંગાર કરવો, લગ્નમાં જવું, બાધા, મેળા, માનતા, આખડી તથા તમામ પ્રકારના શુભ પ્રસંગો વગેરે પર પણ શાખંભાઈઓ નિષેધ રાખી શોક પાળે છે. આમ ભીલોમાં મૃત્યુ અને શોક વખતે શાખભાઈ પરત્વે દર્શાવેલી લાગણીઓ અને વર્તન તેમની વંશરચના દ્વારા જોવા મળતી પ્રકાર્યાત્મક ભૂમિકાઓને છતી કરે છે. સગાઈ સંબંધની તેમની ગાંઠ વધુ ને વધુ મજબૂત બને છે તો બીજી બાજુ તેમની એકતાની ભાવનાનું પ્રગટીકરણ થતું જોવા મળે છે અને વંશસંગઠિતતા અને તેની સજાગતા તીવ્રતમ કક્ષાએ પહોંચી જતી જોવા મળે છે.

૭. શાખનું નિયમનકાર્ય :

શાખમાં ઉમ્મરની દૃષ્ટિએ મોટી વ્યક્તિઓ હોય તો શાખભાઈઓ તેમનો માનમોભો અને વિવેક જાળવે છે. તેમનો અવાજ સાંભળવામાં આવે છે. શાખમાંના સમગ્ર વ્યવહારોને નિયમનમાં રાખી નિયંત્રિત્ર કરવાનું કાર્ય તેઓ કરે છે અને સમગ્ર શાખનાં સ્વરૂપ તેની આબરૂ તથા તેની ભાતને ટકાવી રાખવામાં ઘણો ફાળો આપે છે. કોઈ વ્યક્તિનો વંશ વારસદાર ન હોય તો આખો મૃત્યુપ્રસંગ કેવી રીતે ઉકેલવો, તેનો ખર્ચ કેવી રીતે ફાળવવો અને તેની મિલકતની વહેંચણી વગેરે કાર્યો શાખભાઈઓ સાથે મળીને કરવામાં આવે છે. આમ નિઃસંતાન શાખભાઈની સંપત્તિનું નિયમન અને તેના વિભાજનનું કાર્ય શાખના વડીલો ભેગા થઈ ને કરે છે. તપાસના ગરાડુ ગામમાં મુનિયા ગોત્રના મૂળિયા પૂજા તથા તેની મા રાદલીના કાયટા વખતે ભેગા મળી કાયટાનો ખર્ચ કાઢયો હતો. પરિણામે સૌને ફાળે ૨૦ કિલો ચોખા, ૧ કિલો દાળ, ૫૦૦ ગ્રામ ઘી, ૫૦૦ ગ્રામ ખાંડ ફાળામાં આવ્યાં હતાં; જોકે આવે વખતે ગોત્રજ ભાઈઓ પણ પોતાનો ફાળો આપે છે. પણ વંશભાઈઓ કે શાખભાઈઓને તે જેટલું સ્પર્શે છે તેટલી ઘેરી માત્રામાં અસર થતી નથી. આ જ વ્યક્તિને કોઈ વંશવારસદાર ન હોઈ મૃત્યુ પછી તેની જમીન, તથા સંપત્તિ શાખભાઈઓએ અંદરોઅંદર વહેંચી લીધી હતી.

શાખમાંથી કોઈએ અનૈતિક સંબંધો બાંધ્યા હોય તો શાખની આબરૂને તેનાથી ધક્કો લાગે છે. તેવી સ્થિતિમાં ગામપંચ નિર્ણય કરે છે, પણ શાખભાઈઓ તેવી વ્યક્તિ સાથે દરેક પ્રકારનો વ્યવહાર બંધ કરી દે છે, કારણ કે, શાખની આબરૂને ધક્કો લગાડવો એ સૌથી મોટું અપરાધી કૃત્ય મનાય છે. ટૂંકમાં, વ્યક્તિગત સદ્દકાર્ય શાખની સમગ્ર આબરૂને વધારે છે. વ્યક્તિગત અયોગ્ય કાર્ય શાખની આબરૂને નુકસાન પહોંચાડે છે. એટલે એક શાખના સૌ તેની આબરૂ કે બેઆબરૂમાં ભાગીદાર બને છે. પરિણામે આવું બદનામીવાળું કે બેઆબરૂ કરવાવાળા કૃત્યને ધિક્કારે છે, અને તેવી વ્યક્તિનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે અને સર્વે પ્રકારના વ્યવહારો તોડી નાખવામાં આવે છે. તેના ઘરનું પાણી, ભાંગ, ખોરાક કોઈ લેતું નથી કે તેને તેવું કશું

આપતું નથી. લગ્ન, જન્મ કે મરણ કે આર્થિક મુશ્કેલી વખતે કોઈ જ તેને સાથસહકાર આપતું નથી. મૃત્યુ વખતે તેનું લાકડું સ્વીકારવામાં આવતું નથી. સુંવાળાં ઉતારવા દેવામાં આવતાં નથી. અકસ્માતમાં ઘર સળગી જાય, ઘાસ બળી જાય, મૃત્યુ થાય તોપણ કોઈ પગ મૂકતું નથી. તેના ખેતરમાંથી કે તેના આંગણે કોઈ જતું નથી. આ રીતે શાખની આબરૂને નુકસાન પહોંચાડનારનો સામાજિક બહિષ્કાર કરી શિક્ષા કરવામાં આવે છે. તપાસમાં ગરાડુ ગામમાં મુનિયા ગોત્રના મલા સવજીએ એ જ ગોત્રની પારી માલજી છોકરી સાથે અનૈતિક સંબંધો રાખેલા. પારી માલજી સગર્ભા બનતાં શાખભાઈઓ તેમની વૃદ્ધ આગેવાની હેઠળ ગામપંચ ભેગું કરી તેને ગામ બહાર મૂકી આવ્યા અને બધા જ પ્રકારના વ્યવહારો તોડી નાખવામાં આવ્યા. આમ આવા બનાવો બને છે ત્યારે શાખભાઈઓ તેને ઘણું જ ખોટું કાર્ય ગણે છે. શાખની એક વ્યક્તિના લીધે આખી શાખવાળાને મહેણાં-ટોણાં સાંભળવાં પડે છે, સમાજમાં નીચું મોં રાખી ફરવું પડે છે. શાખમાં કોઈ છોકરા-છોકરીનું લગ્ન ગોઠવાય ત્યારે આવી બાબતોની નોંધ લેવાય છે. ક્યારેક શાખની આવી બેઆબરૂ કરનારનું શાખભાઈઓ ખૂન કરાવવા સુધી પણ પહોંચી જાય છે. આમ શાખભાઈ કરતાં સમગ્ર શાખનું સ્વરૂપ અને તેની આબરૂ જાળવી રાખવી તે દરેક શાખભાઈનું પરમ કર્તવ્ય ગણાય છે, અને શાખની આગળ વ્યક્તિને ગૌણ ગણવામાં આવે છે.

શાખમાંથી કોઈ ચોરી કરે, જેલમાં જાય, ખૂન કરે તોપણ શાખની આબરૂમાં ઘટાડો થાય છે. આવી સ્થિતિમાંથી તેવી વ્યક્તિઓને બહાર કાઢવા કે કલંક ભૂસી નાખવા સૌ શાખભાઈઓ પ્રયત્નશીલ રહે છે અથવા તેમનું તે કર્તવ્ય ગણાય છે. ચોરી, ખૂનમાં કોઈ સપડાયો હોય તો શાખભાઈઓ પૈસાનો ફાળો ઉઘરાવી વકીલ રોકી તેને છોડાવી લાવવાનો પ્રયત્ન કરે છે અને પોતાને નિર્દોષ બતાવવાનો પ્રયત્ન કરે છે. આવા બનાવોની વાત ભીલ સમાજમાં ખૂબ ઝડપથી ફેલાઈ જાય છે. એટલે કોઈને કોઈ પ્રકારે તેને દબાવી દેવાની કે નિર્દોષ હોવાની રજૂઆત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે અને શાખની આબરૂને સાચવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ક્યારેક ખોટી જુબાની આપીને સામાવાળાને ધાકધમકી આપીને, રાત્રે તેનું ઘર, ઘાસ કે પાકને બાળી મૂકીને મામલો પતાવી દેવા માટે દબાણ લાવવાના પણ પ્રયત્નો થાય છે. ક્યારેક જમીન, ઘરેણાં કે ઘર ગીરવે મૂકીને પણ શાખભાઈને છોડાવી લાવવાના અને શાખની આબરૂ સાચવવાના પ્રયત્નો જોવા મળે છે. તપાસમાં ગરાડુ ગામમાં ગરાસિયા ગોત્રનો વાલો ભાલિયો ચોરી કરતાં પકડાઈ ગયેલો ત્યારે શાખભાઈ પૈસા ખર્ચીને તેને છોડાવી લાવેલા. વડીલો આવે વખતે શાખભાઈએ આવું ન કરવું જોઈએ, પૂર્વજો નારાજ થાય છે, કુટુંબ ઉપર આફત ઊતરી આવે વગેરે માન્યતાઓ રજૂ કરી વ્યક્તિના વ્યવહારને નિયમિત કરે છે. તો બીજી બાજુ "નાનું છોકરું છે, ભૂલ કરી દીધી", વગેરે ભાવો વ્યક્ત કરીને પોતાની શાખ ઉપરના કલંકને ઓછું કે હળવું કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આમ દરેક વંશભાઈ કે શાખભાઈ પોતાની શાખની આબરૂ વધે તે માટે સતત જાગ્રત રહે અને પ્રવૃત્ત રહે તે અપેક્ષા રખાય છે. સાથે સાથે શાખના દરેક ભાઈઓ પરસ્પરના સહકારના હક્કો અને ફરજોના સંદર્ભમાં સગાઈસંબંધોની એક ગૂંથણી વિકસે છે, તેને આધારે સગાઈગાંઠ વધુ ને વધુ મજબૂત બને છે. વંશસંગઠન વધુ ને વધુ મજબૂત બને તેના માટેનો સૌ પ્રયત્ન કરે તેવી અપેક્ષા રખાય છે. અરે એ જ કર્તવ્ય ગણાય છે અને તેથી વ્યક્તિની

આબરૂ, વંશની આબરૂ વધે છે, પણ વ્યક્તિના ખોટા કૃત્યથી વંશની આબરૂ ઘટે છે તેમ માનવામાં આવે છે. અને તેવું ન થાય તે માટે શાખભાઈઓ સંગઠિતપણે સતત જાગ્રત રહે છે, કડક સજા પણ કરે છે.

ગોત્રવ્યવસ્થા :

અનેક વંશોના સમૂહને "ગોત્ર" અથવા "કુળ" કહેવામાં આવે છે. ગુજરાતના ભીલોમાં એકથી વધારે ગોત્રોની સંખ્યા જોવા મળે છે. વેંકેટચરે ૧૨૨ ગોત્રોની સંખ્યા બતાવી છે, જ્યારે પી.જી. વાણીકરે ૬૪ ગોત્રોની સંખ્યા બતાવી છે. ડૉ. નાથ રતનમાલ વિસ્તારના ભીલોમાં ડઝનથી વધારે ગોત્રો છે તેમ જણાવે છે પણ ગોત્રોની યાદી આપી નથી. ભરૂચના રાજપીપળા વિસ્તારના ભીલોમાં ડૉ. ટી. બી. નાયક ૧૬૫ ગોત્રોની સંખ્યા બતાવે છે. ઝાલોદ વિસ્તારના ભીલોમાંની તપાસમાં નીચે પ્રમાણેના ૧૨૫ ગોત્રોની સંખ્યા જોવા મળે છે.

ઝાલોદ વિસ્તારના ભીલોનાં ગોત્રો

૧	અડ	૨૪	ગુંડિયા	૪૭	નિનામા
૨	અમલિયાર	૨૫	ગરવાળ	૪૮	પણદા
૩	અહરાળિયા	૨૬	ગોલ	૪૯	પરમાર
૪	આહરિયા	૨૭	ગનાડી	૫૦	પસાયા
૫	ઉહળિયા	૨૮	ગરાસિયા પરમાર	૫૧	પળાહ
૬	કટારા	૨૯	ગનાડીઆ ડીંડોડ	૫૨	પારગી
૭	કતીજા	૩૦	ગોહિલ	૫૩	પગોર
૮	કળમી	૩૧	ચારેલ	૫૪	પાંડોર
૯	કામોલ(ળ)	૩૨	ચૌહાણ	૫૫	પગી
૧૦	કિહુરી	૩૩	ચરપોટ	૫૬	પટેલિયા ભીલ
૧૧	કલાઉવા	૩૪	ચંદાણા	૫૭	બબેરિયા
૧૨	કલારા	૩૫	ડાંગી	૫૮	બામણિયા
૧૩	કીટ	૩૬	ડામોર	૫૯	બારિયા
૧૪	કણબી	૩૭	ડીંડોડ	૬૦	બિલવાળ
૧૫	કિરાડીઆ	૩૮	ડોડિયાર	૬૧	બમ
૧૬	ખપેડ	૩૯	તડવી	૬૨	બેડ
૧૭	ખરાડિયા	૪૦	તાવિયાડ	૬૩	બલાત
૧૮	ખડિયા	૪૧	તંબોળિયા	૬૪	બરજોડ
૧૯	ખરાડિ	૪૨	દહમા	૬૫	ભગોરા
૨૦	ખદેડીઆ	૪૩	દેહદા	૬૬	ભાભોર
૨૧	ગણાવા	૪૪	દામા	૬૭	ભૂરિયા
૨૨	ગરાસિયા	૪૫	નિહરતા	૬૮	ભાંઠ
૨૩	મામોડ	૪૬	નળવાયા	૬૯	ભૂંહા

૭૦	ભેદી	૮૯	રાત	૧૦૮	હઠિલા
૭૧	ભોઈ	૯૦	રાવત	૧૦૯	હનોડ
૭૨	ભડજ્યાત	૯૧	રોઝ	૧૧૦	હપન્યા
૭૩	ભૂરા	૯૨	રોત	૧૧૧	ડાંડા
૭૪	મુણિ(ન)યા	૯૩	રણા	૧૧૨	હામોર
૭૫	મકવાણા	૯૪	રણોતી	૧૧૩	હુવોર
૭૬	મછાર	૯૫	વગીલા	૧૧૪	હિહોર
૭૭	મંડોડ	૯૬	વસાવા	૧૧૫	હેલોત
૭૮	માલ	૯૭	વસૈયા	૧૧૬	હાગડી
૭૯	માવી	૯૮	વાંકળા	૧૧૭	હુહવાડ
૮૦	માળી(લી)વાડ	૯૯	વળવાઇ	૧૧૮	ઝલાય
૮૧	મિનામા	૧૦૦	વહોનિયા	૧૧૯	ઝોઠીઆ
૮૨	મેડા	૧૦૧	વડકીયા	૧૨૦	ટીડ
૮૩	મહિડા	૧૦૨	વારકચા	૧૨૧	ધામોત
૮૪	મેણા	૧૦૩	વાઘેલા	૧૨૨	ધરાળા
૮૫	મુન્ડવાડ	૧૦૪	સાંગડા	૧૨૩	લાછુણ
૮૬	મહાનિયા	૧૦૫	સોલંકી	૧૨૪	ઘરોડ
૮૭	રાઠોડ	૧૦૬	સંગોડ	૧૨૫	ઉમા
૮૮	રાણા	૧૦૭	સંગાડિયા		

ભીલો અનેક પિતૃવંશી બહિર્ગામી સમૂહોથી સંગઠિત થયેલા છે. તેને "ગોત્ર" અથવા "અટક" કહેવામાં આવે છે. તે દરેક ગોત્રને પોતાની ઓળખ માટે વિશિષ્ટ નામ હોય છે; તે નામ જન્મ દ્વારા વ્યક્તિને પ્રાપ્ત થાય છે. પરંપરાગત રીતે "ડાંગી" અટકવાળા યા ગોત્રવાળા કટારા ગોત્રમાંથી જુદા પડી ગયેલા હોવાનું માનવામાં આવે છે. પહેલાં એક યુવાન લગ્ન માટે કન્યાની શોધમાં નીકળ્યો અને રસ્તામાં કેટલાક લૂંટારાઓ અને ચોર મળ્યા તેમનો સામનો કરી, તેણે એક ગામમાં પોતાને ગમતી કન્યા જોડે લગ્ન કર્યાં. પેલા યુવાને પોતાની ડાંગ જમીન ઉપર પછાડી તેમાંથી સોનાના સિક્કા નીકળ્યા. આમ તે યુવાનનાં જે સંતાનો થયાં તે "ડાંગી" કહેવાયાં; આ એક પરંપરાગત માન્યતા છે.

કેટલીક અટકો સ્થળોનાં નામ ઉપરથી પણ પડેલી જોવા મળે છે. જેવી કે, "ગનાડી", "ખદેડીઆ", "કિરાડીઆ"; તેવી જ રીતે "ગરાસ" ઉપરથી "ગરાસિયા પરમાર"; તેવી જ રીતે "પીપરો" ગામ ઉપરથી "પિપળિયા પરમાર"; ગનાડીઆના "ગનાડી-આડીંડોડ" કહેવામાં આવે છે. વસ્તુઓનાં નામો ઉપરથી પણ અટક પાડવામાં આવેલી જોવા મળે છે; જેમ કે "રવૈયા" ઉપરથી "રાવત"; તેવી જ રીતે ડીંડોડ અટક પાણીમાં રહેતા "ડીંડુ ડેકળા" ઉપરથી પડી હોવાનું માનવામાં આવે છે. "પલાસ" અટક "ખાખરાના ઝાડ" ઉપરથી રાખવામાં આવી છે. "મુંણાના" ઝાડનો આશરો લીધો ત્યારથી "મુણિયા" કહેવાયા. "હરહેડી" નામના જંગલી જાનવરે તેના પૂર્વજનું રક્ષણ કર્યું ત્યારથી "ગણાવા" કહેવાયા.

" ભૂરાકાળા " ઉપરથી " ભૂરિયા " તથા ચોર લોકોના પગ પારખતા હોવાથી " પગી " કહેવાયા. " કટાર " રાખતા હોવાથી " કટારા " કહેવાયા. " માલવણ "માંથી આવેલા હોવાથી " માલીવાડ " કહેવાયા. ભીલોમાં આવાં સગોત્ર લગ્નનો નિષેધ જોવા મળે છે. તેઓ એક જ પૂર્વજનાં સંતાનો હોવાથી ભાઈ-બહેન માને છે.

એક જ ગોત્રના ભેગા થાય ત્યારે સામાન્ય રીતે ગોત્રનું નામ લેવાતું નથી, પણ જ્યારે પોતાના મિત્રો કે પડોશીઓની સાથે વાત કરે ત્યારે ગોત્રનું નામ લે છે; જેમ કે બહારગામ જતા હોય અને રસ્તામાં કોઈ મળે અને પૂછે કે " કઈ જાતનો હે અલે ? " તો જવાબ આપશે કે " હું હાંડ મુણિયો હો–હું હાંડ માલીવાડ હે "; તેવી જ રીતે ભીલ સમજમાં જમાઈને તેનું વ્યક્તિગત નામ દઈને બોલાવવામાં આવતો નથી પણ તેના ગોત્રનું નામ લઈ ને બોલાવવામાં આવે છે.

ઝાલોદ વિસ્તારના ભીલોમાં ગોત્રભેદ કે ગોત્ર-ગોત્ર વચ્ચે ચઢતા-ઊતરતા દરજ્જાનું સ્વરૂપ જોવા મળતું નથી; જ્યારે રતનમાલ તથા ભરૂચ વિસ્તારના ભીલોમાં ગોત્ર વ્યવસ્થાના સ્તરીકરણનો ભેદ જોવા મળે છે. તેમ છતાં આ વિસ્તારના ભીલોમાં આર્થિક પરિસ્થિતિ, લગ્નસંબંધો, સગાઈ-વસ્તીનું પ્રમાણ તથા અન્ય પ્રકારના વ્યવહારો જેવા કે ભક્તિ, શિક્ષણ, ચતુરાઈ, લડાયક સ્વભાવ, ગુંડાગીરી, ચોરી જેવા વિવિધ પ્રસંગો તથા વ્યવહારોમાં પ્રભાવ (Domination) વધતો હોય તેમ જોવા મળે છે. આવું મહત્ત્વ અને વિશિષ્ટ દરજ્જો કે પ્રભુત્વ ધરાવવાને આ ભીલો " ડંકો વાગવો " તરીકે ઓળખાવે છે. ગામના વિસ્તારની દૃષ્ટિએ ડંકો વાગતો હોય એવાં કેટલાંક ગોત્રો પણ જોવા મળે છે, જે નીચેના કોઠા ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે :

ક્રમ	ગામો	ગોત્રો	ડંકાનું કારણ
૧	ગરાડુ, મૂંડાહેડ	મુણિયા	વસતી, શિક્ષણ
૨	બિયામાળી, બાજરવાડા,	સાંગડા	વસતી
૩	ટીટોડી, કદવાલ	નિસરતા	ભક્તિ
૪	ધાવડિયા	ભાભોર	વસતી
૫	રાજપુર	મછાર	વસતી
૬	વેલપુર, વાંસિયા	વસૈયા	શિક્ષણ, વસતી
૭	ખરસાણા	કટારા	વસતી
૮	મહુડી	ગરાસિયા	વસતી
૯	મોગનહેર, ખૂંટા, ફૂલપરા	ડામોર	વસતી, શિક્ષણ
૧૦	ધોડિયા	અડ	જમીન
૧૧	ચિત્રોડિયા	ગણાવા, કટારા	વસતી
૧૨	નૈનકી	પલાસ	વસતી, શિક્ષણ
૧૩	કારઠ	નિનામા	ગોવિંદ ગુરુના ભગત
૧૪	ભૂતખેડાં	ભૂરિયા	દાદ ગુરુના ભગત
૧૫	ઢાઢિયા	માલીવાડ	વસતી લડાયક સ્વભાવ.
૧૬	ડુંગરી, સાંપોઈ	સમલિયાર	વસતી

આ ઉપરાંત આ વિસ્તારના ભીલોમાં કેટલીક પેટાઅટકો (ગોત્રો) પણ જોવા મળે છે; જેમ કે મછાર અને ડોડિયાર, ભાભોર અને તાવીવાડ, ખરાડી અને વગેલા, ખડીઆ, ડાંગી અને કટારા, મહાણીઆ અને ટોકરીઆ ડાંગી, કોદરિયા, ભૂરિયા અને મેડા, નિસરતા અને પારગી, ઝોડીઆ અને મહિડા, આ બધા પોતાને એક જ પૂર્વજનાં સંતાનો માને છે; બે અથવા બેથી વધુ અટકો મળીને એક અટકના ગણાવે છે. તેઓ અંદરોઅંદર લગ્ન કરતા નથી; ભાઈ–બહેન ગણે છે. જો કોઈ લગ્ન કરે તો પૂર્વજ નારાજ થાય એવી માન્યતા જોવા મળે છે. આર્થિક, ધાર્મિક તથા સામાજિક પ્રસંગોએ એકબીજાને મદદ પણ કરે છે.

ભીલ કુટુંબોનાં કુળોમાં ઉંમર વિશે સ્પષ્ટ યા ચોક્કસ ખબર કે નોંધ હોતી નથી. પરંતુ વડીલપણાની કે વરિષ્ઠપણાની ભાવનાને ભીલ સમાજમાં ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. જેમ જેમ ઘરડા થતા થાય છે તેમ તેમ તેઓ મૃત્યુ નજીક એટલે ઈશ્વરની અને પૂર્વજોની નજીક જઈ રહ્યા હોવાનું માનવામાં આવે છે. ભીલ કુટુંબના કુળમાં વડીલનું કહ્યું સૌ માને છે. વડીલની સાથે આદરની ભાવનાથી ખાટલે બેસતા નથી; અને સાથે બેસીને જમતા પણ નથી. કુટુંબમાં કે કુળમાં ઝગડા થાય ત્યારે વડીલ તેનું સમાધાન કરે છે; કુળના સભ્યોના વ્યવહારોનું નિયમન કરે છે. ચા કે દારૂ વડીલને પ્રથમ આપ્યા વિના પીતા નથી. કુળના બધા સભ્યોની હાજરીમાં એકબીજાને ખોટું ન લાગે તેવું વર્તન કરે છે; જ્યારે વ્યક્તિગત વ્યવહારમાં ફેર પડે છે.

વ્યક્તિ પોતાના ગોત્રને ગૌરવવાળું ગણે છે. જ્યારે કોઈ આફત આવી પડે ત્યારે ગોત્રના સભ્યોની મદદ લે છે. ભીલ સમાજ એવો છે કે જ્યાં ડગલે ને પગલે સગાઈસંબંધોની જરૂર પડેજ છે. આવાં સગાઈજૂથો વિના તેમનો જીવનવ્યવહાર ચાલતો જ નથી. મીઠું, મરચું, હળદર, કેરોસીન વગેરે ખૂટી જાય ત્યારે પડોશીના ઘરમાંથી લઈ આવવું. આમ તેમનું પરસ્પરાવલંબન રહે છે. જો આમ ન થાય તો તેમનું જીવન મુશ્કેલ બની જાય છે. સગાઈજૂથોમાં પરસ્પર સભાનતા છે તેથી એકતા ટકી રહે છે. આમ સામજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્રિયાઓમાં તેમને પરસ્પરના ઉપકારોનું ઋણ અદા કરાવાની વ્યવસ્થિત સામાજિક પ્રણાલિકાઓ આ સમાજે સ્પષ્ટપણે ઊભી કરેલી છે. સામાજિક હિતની ખાતર તેનું પાલન કરે છે. આ દ્વારા તેની પ્રકાર્યાત્મક ભૂમિકાનું સ્વરૂપ વ્યકત થાય છે.

જ્યારે કોઈ પૂછે ત્યારે " હું હાંડ મુણિયો છે; ગણાવાંનો ભાણેજ છું, વસૈયાંનો જમાઈ છું " એવો જવાબ મળે છે. આમ ગોત્રની સાથે ગૌરવ અને આદરપૂર્વક વ્યવહાર કરતા તેઓ જોવા મળે છે. તેને પોતાનાથી સર્વોપરી ગણે છે. આમ વ્યક્તિગત પાસા કરતાં સામાજિક પાસાને વધારે મહત્ત્વ અપાય છે. તપાસના ગરાડુ ગામના નિનામા ગોત્રના બાબુ ગજાની જાન ઝટાવા ગામના ડામોર ગોત્રના ભૂરાને ત્યાં પરણવા ગઈ. રાત્રે દારૂ પીતાં ઝગડો થયો અને ગરાડુ ગામના ડામોર ગોત્રવાળાઓએ માર માર્યો. ઝગડો ભારે જોરદાર ચાલ્યો; સામસામી ગાળાગાળી થઈ. વરના મામા મુનિવા ગોત્રના હતા. પછી લાડીના પિતા ભૂરા ડામોરે કહ્યું કે, " મેં નિનામાંને ત્યાં હગું કર્યું સે મુણિયાને ત્યાં નથી કર્યું." વરના મામા મુનિયા ગોત્રના હતા, જેથી આ સાંભળી મુનિયા ગોત્રના બધા જ માણસો જાન પરણાવ્યા વિના પોતાના ઘરે આવતા રહ્યા. થોડા દિવસો બાદ નિનામા ગોત્રવાળા વરના કાકા, બાબા, બનેવી વગેરે જઈને વરને પરણાવી લાવ્યા, પરંતુ હજી

આજે પણ આ પ્રસંગે પછી ઝટાવાના ડામોર ગોત્ર વચ્ચેની વેરની ભાવના પ્રબળ સ્વરૂપ જોવા મળે છે. જેથી ભૂરા ડામોરને ત્યાંનાં માણસો આજે પણ ગરાડુમાં આવતાં નથી. સામસામી પડકાર ફેંકાયો કે ગરાડુમાં ભૂરા ડામોરને ત્યાંના આવે તો બરાબર મેથીપાક આપવો. આમ ગોત્રનો એક સભ્ય આક્રમણ કરતાં ગોત્રના બધા જ સભ્યો તેના ઉપર તૂટી પડે છે અને વેર વ્યક્તિને બદલે ગોત્ર ગોત્ર વચ્ચે બંધાય છે. ગોત્રના સભ્ય ઉપર આક્રમણ કરવું એટલે પોતાના લોહી ઉપર આક્રમણ કર્યા બરાબર માને છે, જે સમગ્ર ગોત્ર સંગઠિતતાની ભાવનાને અસર કરી મજબૂત કરતું જોવા મળે છે.

તેવી જ રીતે તપાસના ગરાડુ ગામના મુનિયા ગોત્રના સમસુ બદિયાની જાન કલજીની સરસવાણી ગામે પરણવા ગઈ. રાત્રે વરના ઘરે કોઈએ ઘાસ સળગાવી દીધું. ગોત્રના સભ્યોને સમાચાર મળતાં જાનમાંથી દોડીને વરના ઘરે ગયા. આમ ગોત્રના સભ્યોની મદદ અવરનવર લેવી જ પડે છે. ચૂંટણીના સમયે ગોત્રના સભ્યો નક્કી કરી તેને જ મત આપે છે અને કહે છે કે "બદ્દાજાં વૉટ દડહે તાં આપું દડહું આપું વળેકાં એખલા પડહું." બધા જ્યાં મત આપશે ત્યાં આપણે પણ આપીશું, આપણે વળી કયાં એકલા જુદા પડશું ? પોતાના ગોત્રના સભ્યને એક જ પૂર્વજના ભાઈ સમજીને મત આપે છે. આમ ઝગડો, ચૂંટણી, લગ્ન, સગાઈ, મૃત્યુ, જન્મ વગેરે અનેક સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિમાં ગોત્ર સભાનતા આ વિસ્તારના ભીલોમાં જોવા મળે છે. ચૂંટણી જેવાં નવાં વિકસતાં તત્ત્વો પણ એની આજુબાજુના સંદર્ભમાં જ વળાંક લે છે. પોતે ગોત્રના સભ્યો કરતાં કોઈ પણ બાબતમાં જુદા ન પડવાની સભાનતા અને સંગઠિતતાની સ્પષ્ટ અભિવ્યક્તિ આ દ્વારા જોઈ શકાય છે.

સામાન્ય રીતે ભીલોમાં ગોત્ર સંબંધી ઊંચનીચનો ભેદ જોવા મળતો નથી પરંતુ કેટલાક ભીલો ગોવિંદ ગુરુ તથા દાદ ગુરુના ભગતો બન્યા છે. કે ખ્રિસ્તી બન્યા છે. તેઓ પોતાને ઊંચા ગણાવે છે તથા ભીલ પટેલિયાઓ પણ પોતાને ઊંચા ગણાવે છે. ભગત ભીલો અભગત ભીલોને "નુગરા" ગણે છે. તેમના હાથનું પાણી, ભોજન કે ભાંગ પીતા નથી. મરણ પ્રસંગે પોતાના ગોત્રજ ભાઈઓ જ વાળ ઉતારાવે છે. આ વિસ્તારના ભીલોમાં ગોત્ર આંતરસ્તરીકરણ નથી. પણ નવાં વિકસતાં ધાર્મિક તત્ત્વોને પરિણામે ધર્મના સંદર્ભમાં નવીન પ્રકારનું સ્તરીકરણ વિકસ્યું છે.

એક જ ગોત્રના બધા ભીલો પોતાને ભાઈબહેન ગણે છે, જેથી સગોત્ર લગ્નનો નિષેધ પ્રવર્તે છે. પોતે દૂર દૂરનાં ગામોમાં રહેતા હોય અને એકબીજાને ઓળખતા પણ ન હોય તોપણ પોતાને એક જ ગોત્રના હોવાથી ભાઈબહેન ગણે છે, અને ધાર્મિક, સામાજિક અને આર્થિક તથા સાંસ્કૃતિક પ્રસંગે એકબીજાને મદદ કરતા હોય છે. લગ્ન, મરણ, છોકરા-છોકરીની બાધા રાખી હોય યા આખડી છોડવાની હોય ત્યારે ગોત્રના સભ્યોની મદદ અનિવાર્ય બની જાય છે.

ખેતીવાડીના કામકાજમાં પણ ગોત્રના સભ્યો મદદ કરે છે, જેને "લાહ"માં જવું કહે છે. લાહ હોય ત્યારે ગોત્રના બધા જ સભ્યો પોતાનું હળ, બળદ વગેરે લઈને મદદ કરવા આવે છે; તેવી જ રીતે "મકાઈના ડોડા કૂટવાના" હોય ત્યારે પણ ગોત્રવાળા મદદ કરે છે. 'ખતરી' ચઢાવવામાં, "જાતર" કરવી હોય કે પાણી ન આવે ત્યારે "ધાડ" પાડવી હોય, ગામમાં ઢોરોનો રોગ ફાટી નીકળે ત્યારે "ગુંદરું" કરવું હોય, "જુવારા" વાવવા હોય, ત્યારે આવા વિવિધ પ્રસંગોએ ગોત્રના સભ્યોની મદદ લેવી પડે છે.

અકસ્માતના પ્રસંગો જેવા કે, ઘર બળી જાય, ઘાસ બળી જાય ત્યારે ગોત્રના સભ્યો પાણીનું હાથમાં વાસણ લઈ દોડી જાય છે. કોઈકના ઘરમાં રાત્રે ચોરી કે ધાડ પડી હોય ત્યારે પણ સૌ હારમાં તીરકામઠાં, ભાલા, તલવાર, બંદુક, ધારિયું વગેરે હથિયારો લઈને દોડી પડે છે. દોડો...દોડો...દોડો...પોત્યો હે...પોત્યો હે...પોત્યો હે"ની બૂમો પાડે છે,' (આવી પહોંચ્યો છું). તેવી જ રીતે જંગલમાંથી અચાનક કોઈનાં બકરાં, ભેંસ, બળદ કે ગાય વગેરે ઢોર ખોવાઇ જાય ત્યારે ગોત્રના સભ્યો પ્રથમ શોધખોળ માટે દોડી આવે છે. તપાસના ગરાડુ ગામમાં તળાવ ફળિયામાં રહેતા મુનિયા ગોત્રના છગન ભીમાની ભેંસો જંગલમાંથી અચાનક ખોવાઈ જતાં મુનિયા ગોત્રના દરેક સભ્ય તેની શોધખોળમાં મહિનાઓ સુધી આજુબાજુનાં પાડોશી ગામોમાં ફર્યા હતા; તેવી જ રીતે ગરાડુ ગામના ભગતાંમાળી ફળિયાના ગરાશિયા ગોત્રના વસ્તા મતાનું ઘર ગરાશિયા ગોત્રના સભ્યોએ તૈયાર કરી આપેલું. આ ઉપરાંત કૂવો ખોદવામાં, થાપડા પાડવામાં પણ ગોત્રના સભ્યો મદદ કરે છે.

ગોત્રના સભ્યોને પરસ્પર મદદ કરવી, સલામતી રાખવી, બહારગામ કે મજૂરીએ જાય ત્યારે ઘર, બાળકો તથા સ્ત્રીની સંભાળ રાખવી તથા સામૂહિક રક્ષણ કરવું, એ સર્વની સામૂહિક ફરજ મનાય છે. એવી માન્યતા છે કે ગોત્રના કોઈ પણ સભ્ય ઉપર આક્રમણ કરવું એટલે પોતાના લોહી ઉપર આક્રમણ કર્યા બરાબર માને છે અને એવા વખતે આ કુળ સંગઠિત બનીને આક્રમણ કરનારનો સારો એવો મુકાબલો કરે છે; ગોત્રના સભ્યોનું નિયંત્રણ અને નિયમન કરે છે; મેલિનોવસ્કી તેને "સ્વરક્ષણ પદ્ધતિ" ગણાવે છે; જેમ કે બહિર્ગામી રિવાજ દ્વારા લગ્નનું નિયમન કરવું જેના દ્વારા કુળની એકતા અને સંગઠન મજબૂત રીતે ટકી રહે છે. કુળના વડીલો પરંપરાગત રીતે સામાજિક ન્યાય આપવાની સત્તા ભોગવે છે, અને ઝગડાઓનો ઉકેલ લાવે છે. આમ ગોત્ર પોતાના ગોત્રના સભ્યોના સમગ્ર સાંસ્કૃતિક જીવનની જીવનરીતિઓ નક્કી કરે છે અને તે ટકી રહે તે માટેની વ્યવસ્થા કરે છે.

ગોત્રના સભ્યો આર્થિક આવશ્યકતાઓની પૂર્તિ કરે છે; જમીન વગેરે વહેંચી આપે છે; આર્થિક પ્રવૃત્તિમાં સૌ સાથે ભાગ લે છે. ખેતરમાં પાક લણવાનો હોય તો સ્ત્રી, પુરુષો તથા બાળકો મદદ કરે છે. "લાહ"ની પ્રથામાં ગોત્રના સભ્યો ફરજિયાત મદદ માટે આવે છે. આમ અર્થોત્પાદનની વિવિધ પ્રવૃત્તિઓમાં ગોત્રના સભ્યો સામૂહિક ધોરણે કામ કરતા જોવા મળે છે અને ગોત્રસંગઠનની ભાવના સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગોત્રનો આગેવાન ધાર્મિક વિધિઓ કરે છે. ગામમાં ઢોરનો રોગ ફેલાયો હોય ત્યારે "ગુંદરું" બેસાડવાની વિધિમાં ગોત્રના સભ્યો ફાળો ઉઘરાવીને સામૂહિક ધોરણે આ વિધિ કરે છે; તેવી જ રીતે "જાતર"નો વિધિ પણ ગોત્રના સભ્યોના સહકારથી ઉજવાય છે. ગોત્રજ સભ્યોના સહકાર વિના આવી વિધિઓ વ્યક્તિગત ધોરણે કરવી કઠિન છે. આવાં વિધિ–વિધાનોથી ગોત્રજ સભ્યોમાં ભાવાત્મક એકતા કેળવાય છે; તેવી જ રીતે લગ્ન વખતે પણ ગોત્રના સભ્યો બહેન કે ફોઈનાં આણાં લેવા, સગાંઓને નોતરાં આપવાં, આર્થિક તથા અન્ય પ્રકારની મદદ કરે છે. જન્મ વખતે ગોત્રના સભ્યો ભેગા થઈ જાય છે અને તાત્કાલિક દાયણને બોલાવી લાવે છે યા નજીકના પ્રસૂતિગૃહમાં ગાડું જોડીને લઈ જાય છે. માથાં ધોવડાવવાની વિધિમાં પણ ગોત્રજ સભ્યો હાજર રહે છે.

માંદગી કે મૃત્યુ પ્રસંગે ગોત્રવાળા તાત્કાલિક ભેગા થઈ જાય છે અને જરૂરી મદદ કરે છે. કાયદું કરી ન શકે તેવી સ્થિતિમાં ગોત્રના સભ્યો ફાળો કરીને પણ આર્થિક કે અન્ય પ્રકારની મદદ કરે છે. દેવદિવાળી (ચૌદસ) ના દિવસે ગોત્રના બધા સભ્યો ભેગા થઈને પૂર્વજની પૂજા કરે છે. દિવાળીના દિવસે બધા ભેગા થઈને પાળિયાની પૂજા કરે છે. જો આમ ન થાય તો પૂર્વજો નારાજ થશે અને આફત આવશે, ખેતીવાડીમાં બરકત નહીં આવે તથા આવી આફત ગોત્રની કોઈ એક વ્યક્તિ ઉપર નહીં પણ ગોત્રના બધા જ સભ્યો ઉપર આવશે, એવી ભાવનાથી તેઓ સામૂહિક ધોરણે સંગઠિત બનતા જોવા મળે છે.

આમ ઝાલોદના ભીલોની સામાજિક સંરચનાને ટકાવી રાખવામાં વંશ અને ગોત્રની પ્રકાર્યાત્મક ભૂમિકા મહત્ત્વનો ભાગ ભજવે છે; તે દ્વારા સામાજિક જીવનની સંરચનાનું સ્વરૂપ સ્થિર, નિયંત્રિત અને ગતિશીલ રહે છે. તેમના જીવનના વિવિધ પ્રસંગોમાં વંશ અને ગોત્ર–સભાનતા તથા વંશ અને ગોત્ર સંગઠિતતાની ઘણી મોટી માત્રા જોવા મળે છે. આથી જ અનેક પરિવર્તનો છતાં ઝાલોદ વિસ્તારના ભીલોની સમાજવ્યવસ્થામાં અવ્યવસ્થા જોવા મળતી નથી. પરસ્પરનો સહકાર અને માનમર્યાદાભર્યાં વર્તનો, સગાઈસંબંધો, પાડોશી સંબંધો, પરસ્પરાવલંબન જેવી બાબતો વિશેષ ધ્યાન ખેંચે છે.

ગુજરાતના તત્ત્વચિંતક શ્રી. નર્મદાશંકર દે. મહેતા

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

વર્તમાન પેઢીના વાચકો પૈકી બહુ થોડા સાહિત્યરસિકોને ખ્યાલ હશે કે ઈ.સ. ૧૮૮૨માં શ્રીમન્નૃસિંહાચાર્યજીદ્વારા સ્થપાયેલી બિનસાંપ્રદાયિક સ્વરૂપની અધ્યાત્મસંસ્થા 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ના કેટલાય વિદ્વાનોએ વિપુલ સાહિત્ય સર્જ્યું છે, એટલું જ નહીં પણ એ સંસ્થા-દ્વારા સનાતન મૂલ્યોનાં સંરક્ષણ અને સંમાર્જનનું પ્રશસ્ય કાર્ય કર્યું છે. તેમાં ગુજરાતના પ્રખર તત્ત્વવિચારક 'વેદાંતમાર્તણ્ડ' દી. બ. શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતાનો ફાળો વિશિષ્ટ અને નોંધપાત્ર છે.

સર્વશ્રી ગોવર્ધનરામ, નરસિંહરાવ, હરિલાલ અને કેશવલાલ ધ્રુવ, મણિલાલ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, પ્રો. બ. ક. ઠાકોર વગેરે પંડિતયુગના મહારથીઓમાં પોતાનું આગવું સ્થાન ભોગવનાર પ્રચંડ મેધાસંપન્ન શ્રી નર્મદાશંકરભાઈની કાર્યક્ષમતા, વિદ્વત્તા, સત્યનિષ્ઠા અને અધ્યાત્મપરાયણતાને ડૉ. રાધાકૃષ્ણન, વિઠ્ઠલભાઈ પટેલ, સરદાર પટેલ, મોરારજીભાઈ દેસાઈ જેવા અગ્રણી રાષ્ટ્રીય નેતાઓથી માંડી સર્વશ્રી મુનશી, કાકાસાહેબ, ડોલરરાય માંકડ, પંડિત સુખલાલજી, વિજયરાય વૈદ્ય, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રામપ્રસાદ બક્ષી, અનંતરાય રાવળ, પ્રો. દાવર, ઉમાશંકર જોષી, પ્રતાપરાય મોદી...વગેરે પ્રથમ પંક્તિના વિદ્વાનોએ ગોવર્ધનયુગના સ્મરણીય સારસ્વત, જ્ઞાનગગનના ગરુડ, વ્યવહારકુશળ વિદ્યાપુરુષ, સમન્વયદૃષ્ટિયુક્ત ઇતિહાસકાર, ઋષિ નર્મદ, Philosopher Administrator...જેવાં વિરલ બિરૂદોથી નવાજેલ છે.

આ સમર્થ સાક્ષરનો જન્મ સાક્ષરભૂમિ નડિયાદમાં તેમના મોસાળમાં–મસ્ત કવિ બાલાશંકરને ઘેર-૨૩-૮-૧૮૭૧ના રોજ થયો હતો. ૧૮૯૪માં બી.એ.માં સૌ પ્રથમ આવતાં તેમને તે સમયે દુષ્પ્રાપ્ય એવું સંસ્કૃતનું ભાઉ દાજી ઈનામ અને ગુજરાત કૉલેજની માસિક રૂા. ૧૦૦ની દક્ષિણા ફેલોશીપ મળેલાં. પરંતુ નૈસર્ગિક અભિરુચિને અનુકૂળ એવા મળી રહેલા અધ્યાપકપદનો ત્યાગ કરી આ સમર્પિત શિષ્યે પોતાના સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના સંકેત અનુસાર ૧૮૯૬માં ધંધુકામાં રૂા. ૨૦ના પગારની કારકુની સ્વીકારી ટૂંક વખતમાં જ તેઓ આ નોકરીમાં જ મામલતદાર અને ડે. કલેકટર તથા અમદાવાદ અને મુંબઈની મ્યુનિસિપાલિટીઓના સૌ પ્રથમ ચીફ ઑફિસર અને કમિશ્નરના ઉચ્ચ પદ સુધી પહોંચી ગયા. કેવી સદ્‌ગુરુશ્રદ્ધા !

ઉચ્ચ પ્રકારની વહીવટી કાર્યદક્ષતા માટે—આઈ.સી.એસ. થયા વિના જ—બ્રિટિશ સરકાર તરફથી 'દીવાન બહાદુર'ના ઈલ્કાબનું બહુમાન મેળવનાર સ્વદેશાભિમાની નર્મદાશંકર માટે શ્રી. વિઠ્ઠલભાઈ અને સરદાર પટેલ જેવા સ્વાતંત્ર્યસંગ્રામના સેનાનીઓ અપૂર્વ આદર ધરાવતા એટલું જ નહીં પણ તેમની સલાહ માગતા અને સ્વીકારતા પણ ખરા. ઇંગ્લેન્ડ ગયેલા શ્રી. વિઠ્ઠલ-ભાઈને તા. ૯-૬-૧૯૨૭ના રોજ શ્રી. નર્મદાશંકર મહેતાએ—તે સમયની કોંગ્રેસની કાર્યપદ્ધતિ

પાર્લામેન્ટરી કમિશન, હિંદુમુસ્લિમ ઐક્ય, દેશી રિયાસતો વગેરે...સળગતા પ્રશ્નો પર સ્વચ્છ સ્પષ્ટ અને દીર્ઘદૃષ્ટિદ્યોતક પ્રકાશ નાખતા—અંગ્રેજીમાં લખેલા લાંબા પત્રમાંથી તેમની વિચક્ષણ બુદ્ધિ, વેધક દૃષ્ટિ, તીવ્ર દેશભક્તિ, સ્પષ્ટવકતૃત્વ અને તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વની પ્રતીતિ થાય છે. દા.ત.

(1) India requires a combination of Mahatma Gandhi's self-control in speech and Patel's timely hammering on the public platform. Mere use of speech without right action is abuse of our logos."

(2) The present body of the Government of India Act, 1919...is an **ASHTAVAKRA**.

(3) Hindu-Muslim problem is a question of internal policy and not of external one.... The communal electorate must go at the earliest opportunity."

'સ્થાનિક સ્વરાજ્ય'ના નિષ્ણાત અને 'અમદાવાદના વિધાયક' નર્મદાશંકરે સો વર્ષ પહેલાંના અમદાવાદ નગરના નવનિર્માણની જે યોજનાઓ તૈયાર કરી હતી તેના ફળરૂપે આજનું અમદાવાદ અડીખમ ઊભું છે. વિઠ્ઠલભાઈના આગ્રહભર્યા નિમંત્રણથી તેમણે વાંદરામાં અને પછી બૃહદ્ મુંબઈમાં કોર્પોરેશનના **પ્રથમ** ડેપ્યુટી કમિશ્નર અને પછી કમિશ્નર તરીકે છ વર્ષ સુધી પ્રશસ્ય સેવાઓ આપી. નિવૃત્તિ પછી લગભગ અઢી વર્ષ પર્યંત તેમણે ખંભાત રાજ્યના દીવાન તરીકે કાર્ય કર્યું હતું. આજીવન નિષ્કામ બુદ્ધિથી કર્મયજ્ઞ ચાલુ રાખનાર આ તપસ્વી પુરુષે પક્ષાઘાતે આપેલા થોડા ફરજિયાત આરામને સ્વીકારી ૨૦-૩-૧૯૩૯ના રોજ સદ્‌ગુરુચરણમાં ચિત્તને પરોવી દેહત્યાગ કર્યો. આ લઘુલેખમાં તો હું તત્ત્વચિંતનના ક્ષેત્રમાં શ્રી મહેતાએ કરેલા બહુમૂલ્ય મૌલિક પ્રદાન પ્રતિ માત્ર અંગુલિનિર્દેશ કરીશ.

પચીસ વર્ષની વયે નર્મદાશંકરભાઈને મુંબઈ વિદ્યાપીઠનું સુજ્ઞ ગોકુલજી ઝાલા વેદાન્ત પારિતોષિક—જે 'વેદાન્ત સિદ્ધાંતભેદ' (મૂળ અંગ્રેજીમાં An Account of the Doctrinal Differences among the Various Followers of Shankaracharya —completed in 1896) માટે મળ્યું હતું, તેની પુનઃ પ્રસિદ્ધિ ૧૯૦૨માં અને ૧૯૦૯માં થઈ હતી. ત્યાર બાદ સં. ૧૯૭૦ના માર્ગશીર્ષના 'વસન્ત'માં આચાર્ય આનંદશંકરે ભારતીય તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ સંકલિત ઈતિહાસ રચાતો નથી એ ભાવની કરેલી ટીકા–ટકોરને અનુલક્ષીને તેમના વિદ્યાર્થી નર્મદાશંકરે ૧૯૧૯માં બીડું ઝડપ્યું અને ગુજરાત વર્નાક્યૂલર સોસાયટીના આમંત્રણના પ્રત્યુત્તરરૂપે બે દળદાર ગ્રંથોમાં **'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ'** પ્રકટ થયો. એક વાત અત્રે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે પ્રો. દાસગુપ્તા અને ડૉ. રાધાકૃષ્ણનનાં પુસ્તકો તો છેક ૧૯૨૩માં પ્રસિદ્ધ થયાં છે. એ હકીકત જ નર્મદાશંકરભાઈની કૃતિઓની મૌલિકતા, અપૂર્વતા અને ઉપયોગિતા સૂચવે છે. વિશેષમાં તત્ત્વવિદ્ વિદ્વાનોએ પ્રકટ કરેલા લગભગ પરંપરાગત અભિપ્રાયોથી અલગ મૌલિક મતનું શ્રી. મહેતાએ સંસ્થાપન કર્યું છે. દા.ત. તેમણે

(૧) વલ્લભવેદાન્તને શ્રી રામાનુજથી પણ પહેલું સ્થાન આપ્યું છે;

(૨) પાશુપત શાક્ત-વૈષ્ણવ મતોને કર્મ-બ્રહ્મમીમાંસાની પૂર્વે સ્થાન આપ્યું છે; અને

(૩) ઉપનિષદ્ પછી તરત જ—જૈનબૌદ્ધદર્શનોને નહીં પણ—સાંખ્યયોગદર્શનોને સ્થાન આપ્યું છે.

આમ ક્રમવિપર્યય કરવા માટે તેમણે સંખ્યાબંધ સમર્થ અને સચોટ દલીલો અને પુરાવાઓ રજૂ કરેલાં છે.

પંડિતયુગના ગણ્યાગાંઠયા સાક્ષરોએ છૂટાછવાયા લેખો અને એક બે કૃતિઓ દ્વારા દર્શન-સાહિત્યની મર્યાદિત પ્રમાણમાં સેવા કરી છે. તેમાંય શ્રી મણિલાલ દ્વિવેદી જેવાએ તો વકીલ કે મિશનરી બનીને કલમ ઉપાડી છે. ધ્રુવસાહેબ કે ગોવર્ધનરામ જેવી પર્યેષક દૃષ્ટિ બહુ થોડાની. પણ તેમનાં લખાણો થોડાં અને છૂટાંછવાયાં. સ્વધર્મસંરક્ષકનો ઐકાન્તિક સ્વાંગ અને સાંપ્રદાયિક અભિનિવેશ ધારણ કર્યા સિવાય, કેવળ સ્વતંત્ર સત્યાન્વેષક તટસ્થ તાત્ત્વિક દૃષ્ટિથી (અંગ્રેજી અનુવાદોના આધારે જ નહીં!) સંપ્રાપ્ત સંસ્કૃત ગ્રન્થોનું મર્મગ્રાહી પરિશીલન કરીને હિંદના તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ ક્રમબદ્ધ ઇતિહાસ સમગ્ર ભારતમાં સૌથી પ્રથમવાર આપીને નર્મદાશંકરભાઈએ સમસ્ત દર્શનસાહિત્યની તથા ગુર્જરગિરાની અપૂર્વ અને અમૂલ્ય સેવા બજાવી છે. ખાસ કરીને વૈદિક અને બૌદ્ધ—જૈન વિચારધારાઓના પરસ્પર પડેલા પ્રભાવ સંબંધમાં તેમણે પરંપરાપ્રાપ્ત ઐકાન્તિક અભિપ્રાયોથી પર રહીને, કેવળ જ્ઞાનસિદ્ધાંતને જ અનુલક્ષીને, નીડરતાથી સ્પષ્ટપણે પોતાના નિર્ણયો પ્રકટ કર્યા. પ્રવર્તમાન ભ્રમોનું નિરસન કરીને તેમણે ચિંતનક્ષેત્રની ચુસ્ત વાડાબંધી તોડી નાખી અને ભારતીય દર્શનનો પૂર્વાપર ક્રમપ્રભાવ તથા વિકાસ પારખીને સ્વતંત્ર કડીબદ્ધ અભ્યાસ કરવાની જે નવી કેડી પાડી એ એમનું મહત્ત્વનું મૌલિક પ્રસ્થાન કે પ્રદાન કહી શકાય. ત્રણેય દર્શનશ્રેણીની સરિતાઓ ભારતવર્ષના ઊંચાનીચા સર્વ પ્રદેશોને પાવન કરતી એક જ પ્રવૃત્તિ હોવાની તેમણે પહેલી જ વાર ઘોષણા કરી અને જણાવ્યું કે:

"બ્રાહ્મણોના, બૌદ્ધોના અને જૈનોના વિચારોનો જેઓ સમન્વય કરી જાણતા નથી તેને મારી અલ્પમતિ તત્ત્વજ્ઞ કહી શકતી નથી."[1]

પ્રત્યેક ગ્રન્થકારનો તેના પૂર્વજ સાથે સંબંધ બતાવવો અને તત્કાલીન દર્શનાન્તરના પ્રતિપાદનથી એના ઉપર થયેલી સ્વીકાર યા વિરોધરૂપ અસર પણ નજરે પડે તો પ્રગટ કરવી, એ ધ્રુવ સાહેબના આદર્શનું પરિપૂર્ણ પરિપાલન નર્મદાશંકરભાઈએ કર્યું છે. તેથી તો શ્રી અનંતરાય રાવળે એક સ્થળે સાચું કહ્યું છે કે:

"નર્મદાશંકર એમના વિદ્યાગુરુ આનંદશંકરની જેવી જ ઊંચી કક્ષાના ધર્મશાસ્ત્રજ્ઞ અને સંસ્કૃતના પંડિત, પણ એમનું પાંડિત્ય મુકાબલે શાસ્ત્રપંડિત કે દર્શનશાસ્ત્રીનું વિશેષ. કૂટ શાસ્ત્ર-ગ્રંથોમાં અવગાહન કરવાથી કયારેય જરાય ન ત્રાસતા દેખાતા નર્મદાશંકરનું શાસ્ત્રપાંડિત્ય કદાચ મણિલાલ અને આનંદશંકર કરતાં વધારે પણ હોય."

---

૧ 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' પ્રસ્તાવના, પૃ. ૩૨.

શ્રી મહેતાની અદ્વિતીય પ્રતિભાદ્યુતિથી આલોક્તિ થયેલા બીજા બે ગ્રન્થમણિ તે **'શાક્તસંપ્રદાય'** અને **'ઉપનિષદ્ વિચારણા'** છે. મૌલિક અર્થઘટન, તટસ્થ નિરપેક્ષ સર્વગ્રાહી તાત્પર્યગામી દૃષ્ટિ અને ઐતિહાસિક પદ્ધતિથી વર્ણન-ચિંતનના સમન્વયપૂર્વક વિવેચન કરવાની રીત, આ બે ગ્રન્થોને પણ ગૌરવવન્તા બનાવે છે. વિદ્વાનોમાં લગભગ અસ્પૃશ્ય રહેલા 'શક્તિવાદ' વિષયના આ તલસ્પર્શી અભ્યાસગ્રન્થમાં નર્મદાશંકરે તારવેલાં કેટલાંક તાત્પર્ય નિર્ણયો તથા દૃષ્ટિબિંદુઓ અભ્યાસીઓ માટે નવા પ્રદેશનાં દ્વારો ખુલ્લાં કરી આપે છે. યોગીશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ મંત્રતંત્રાદિનું અનુભવાત્મક જ્ઞાન પ્રાપ્ત કરનાર શ્રી મહેતાએ શાક્તસંપ્રદાય'માં પહેલી જ વાર શક્તિવાદનો ક્રમબદ્ધ ઇતિહાસ તથા તેના સિદ્ધાંતોનો બધા ધર્મોમાં કયા ક્રમે કેવી રીતે સત્કાર થયો અને ગુજરાતી સાહિત્ય પર પણ તેની ક્યારે કેવી અસર થઈ–તે વિષેની વિસ્તૃત માહિતી તાત્ત્વિક આલોચના સહ આપેલી છે.

ઔપનિષદિક વિચારોની પર્યેષક બુદ્ધિથી પરીક્ષા કરી તેના પ્રતિવાદ્ય વિષયોની **'ઉપનિષદ્ વિચારણા'નાં** ૨૩ પ્રકરણોમાં શ્રી મહેતાએ જે રીતે સમાલોચના કરી છે તેમાં પણ તેમની મૌલિક વિશિષ્ટ દૃષ્ટિ તરી આવે છે. વેદાનુસાર અને વેદબાહ્ય દર્શનોનો સંબંધ, ઉપનિષદ્કાળની સામાજિક અને રાજકીય સ્થિતિ, ઉપનિષદ્વિદ્યાએ યુરોપ-અમેરિકામાં પ્રસરીને ત્યાંની તત્ત્વવિચારણા પર પાડેલો પ્રભાવ, પાયથાગોરસ, પ્લેટો, એરિસ્ટોટલ સ્પિનોઝા, કેન્ટ, હેગલ, ...વગેરે ચિંતકોની વિચારધારા સાથે ઉપનિષદ્વિદ્યાની સમ્યક્ તુલના, તથા ઉપનિષદ્ સાહિત્યના મુખ્ય પ્રવર્તકો-મંત્રદ્રષ્ટાઓ-ના ક્ષર-અક્ષર વ્યક્તિત્વનું સુરેખ ચરિત્રચિત્રાંકન...વગેરેના સર્વાંગી નિરૂપણમાં શ્રી મહેતાની તટસ્થ તાર્કિક વિવેચનની અને સમન્વયની દૃષ્ટિ દેખાઈ આવે છે. આ ગ્રન્થમાં પણ તેમણે પરંપરિત મતથી ભિન્ન અભિપ્રાયો સ્પષ્ટપણે દર્શાવ્યા છે. દા.ત. સ્વાધ્યાયક્રમ માટે તેઓ કહે છેઃ

"મૂલ ઉપનિષદ્ સાહિત્યનો અભ્યાસ કર્યા પછીથી જ ન્યાયપ્રસ્થાન એટલે બ્રહ્મસૂત્રનો અભ્યાસ કરવો યોગ્ય છે. હાલનો ક્રમ અવળો છે, અને તેથી ઉપનિષદોના મર્મો જેવા જોઈએ તેવા સ્ફૂટ થતા નથી." (પૃ. ૨૩૮)

આ અપૂર્વ ગ્રન્થત્રિપુટીના હિન્દી, અંગ્રેજી અને બીજી ભાષાઓમાં અનુવાદ થાય એ ઇષ્ટ છે. આ ઉપરાંત, વિષય પરત્વેનું અભ્યાસસિદ્ધ પ્રભુત્વ, આંતરપ્રતીતિસામર્થ્ય અને વ્યક્તિત્વથી વિલસિત પ્રૌઢ ગૌરવાન્વિત વાગ્મિતાથી અલંકૃત એવાં-અખો, મણિલાલ, કવિ બાલ, ગોવર્ધનરામ, દયારામ, ગુજરાતમાં ધાર્મિક-તાત્ત્વિક સાહિત્યની સ્થિતિ વગેરે વિષયો પરનાં-વ્યાખ્યાનોમાં અને તેમણે લખેલાં કેટલાક પુસ્તકોનાં પ્રવેશકો અને અવલોકનોમાં શ્રી મહેતાનાં ઔદાર્ય, સમન્વયવૃત્તિ, શાસ્ત્રીયતા, તાટસ્થ્ય, નીડર સ્પષ્ટવક્તૃત્વ આદિ ગુણોથી સંપન્ન મૌલિક પ્રતિભાની તથા તેમનામાં જાગ્રત રહેલા વિવેચકની પ્રતીતિ થાય છે. શ્રીમાન્ વિશ્વવંદ્યરચિત 'યોગિનીકુમારી' નવલકથાના પ્રવેશકમાં તેઓ વિસ્તારથી વેધક શૈલીમાં 'સરસ્વતીચંદ્ર'ની સમીક્ષા કરતાં કહે છે કે,

"...નવલકથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાંથી તુરીય પદે ગઈ" ...અને ચોથા ભાગનું પીઠ વિનાનું "ચિત્ર આકાશના ગંધર્વનગર જેવું થયું. ગંધર્વનગર સુંદર ખરું, પણ તેમાં વસવાનો મનુષ્યોને અધિકાર નહિ; કદાચ સાચું હોય તો પણ 'ગંધર્વનો અવતાર' આવે ત્યારે અને અપ્સરાનો યોગ થાય ત્યારે !"

એ જ પ્રવેશકમાં પૃ. ૩૮ પર નવલકથા વિષે તેમણે ધરેલી લાલબત્તી આજે પણ સૂચક છે અને તેમની વિવેચનપદ્ધતિની નિર્દેશક છે :

"ઘણી નવલકથાઓ ઉદ્દામભાવ તરફ ખેંચી જનારી લખાઈ છે અને લખાય છે. તે સાહિત્યશરીરની વાત, પિત્ત અને કફની વિકૃત અવસ્થાઓ છે. તેમાં દોષોનું સામ્ય નથી. શરીરમાંથી વાત, પિત્ત અને કફનો નાશ કરવા કોઈ સુજ્ઞ ઇચ્છતો નથી, પરંતુ તેનું સામ્ય જાળવી જીવનમાં તેની ઉપયોગિતા સાધવા માગે છે, તેવી જ રીતે નવલકથામાં મનુષ્યજીવનના ભાવો વિકારને પામવા ન જોઈએ પણ સ્થાયી રસરૂપ બનવા જોઈએ."

'ભક્તકવિ દયારામ'માં લૌકિક રતિ અને અલૌકિક માધુર્યભક્તિનાં આંદોલનભેદની ચર્ચા, અખાની ચાર કૃતિઓ પરની સુદીર્ઘ ગંભીર તત્ત્વચર્ચા, શ્રીમન્નૃસિંહાચાર્યજીની 'ત્રિભુવનવિજયી ખડ્ગ' નવલકથાના તત્ત્વરૂપકનું રહસ્યસ્ફોટન કરતો દીપ્તિપૂર્ણ ઉપોદ્ઘાત, કવિ બાલની 'સૌન્દર્યલહરી'ની અપૂર્ણ અનુવાદકૃતિનો જ્ઞાનગર્ભિત પ્રવેશક, 'સ્નેહમુદ્રા'નો મર્મપ્રકાશક અભ્યાસલેખ, તથા બીજા અંગ્રેજી-ગુજરાતીમાં લખેલા ધર્મ-તત્ત્વવિષયના લગભગ સવાસો લેખો એક સમર્થ સર્જક, વિવેચક અને ચિંતકની પ્રસન્નગંભીર મૂર્તિ ખડી કરી દે છે. Evolution of the conception of Pranav, Hindu Eugenics, An influence of Buddhism on Vedant, Bhagvad Gita વગેરે ત્રીસ ઉપરાંત અંગ્રેજીમાં લખાયેલા વિવેચનલેખો તથા સંસ્કૃતમાં ગોવિંદનાથકૃત શંકરાચાર્યચરિતમ્‌નું સંપાદન વગેરે પર પ્રથમ પંક્તિના વિદ્વાનોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે...શ્રી ઉમાશંકર જોશી, શ્રી નર્મદાશંકરભાઈની તલસ્પર્શી વિદ્વત્તા, ઊંડી રસિકતા, વ્યાપક સમતોલ પર્યેષક દૃષ્ટિનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે,

"અખેગીતા-ના ૭મા કડવામાં ૐકારમાંથી સૃષ્ટિસર્જન કેવી રીતે થયેલું એનું કવિએ કરેલું વર્ણન નર્મદાશંકરભાઈએ પ્રણવવિદ્યાની આપેલી સમજૂતી વિના પામવું મુશ્કેલ છે."

અંતમાં એક વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ સમગ્ર સ્વાધ્યાયતપને ઋષિયજ્ઞ માનનાર પ્રકાંડ પંડિત નર્મદાશંકરભાઈ આદર્શ શ્રેયસ્સાધકના સિદ્ધાંત પ્રમાણે સાહિત્યને સાધ્ય નહીં પણ **સર્વોત્તમ સાધન** તરીકે માનતા. તે પોતે જ અન્ય સાધકકવિની 'જગન્નાથ રસતરંગિણી'ની કવિતાની સમીક્ષા કરતાં નમ્રતાપૂર્વક કહે છે કે :

"હું તો એક તટસ્થ અથવા કાંઠા ઉપર બેઠેલો સહૃદય ઉપભોગી છું. મને બહુ તરવાનો અથવા નાહવાનો શોખ નથી; પરંતુ મારા ઘણા મિત્રો જલવિહારી છે, તેના અનેક પ્રકારના તરવાના રંગો અને ચમત્કારોને જોઈ જાણી શકું છું."

આ છે ઉચ્ચ આધ્યાત્મિક શિખરને સર કરી બેઠેલા વ્યુત્પન્ન વિદ્વાનની ભવ્ય વિનમ્રતા. સમર્થ લેખિની ચલાવનાર આ સાક્ષર પોતાના ગુરુના આશ્રમમાં માર્જની પકડીને કૃતકૃત્યતા અનુભવતા. એ શ્રદ્ધામૂર્તિ પ્રપન્ન સાધકશિરોમણિ પોતાની સઘળી સિદ્ધિ અને સફળતાનું મૂળ અને અન્ત્ય પોતાના સદ્‌ગુરુની અસીમ કરુણામાં જ જોતા. એવા મેધાવી પ્રાજ્ઞ ભક્ત, ગુજરાતના પખર તત્ત્વચિંતકને હું પ્રણામાઞ્જલિ અર્પું છું અને પૂર્વ-પશ્ચિમના તત્ત્વજ્ઞાનની સુંદર તુલના કરતા એમના જ વિચારવિશેષના અવતરણથી વિરમું છું :

" હિંદના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસ કરતાં વિલક્ષણતા એ છે કે પશ્ચિમમાં તત્ત્વજ્ઞાનની શ્રેણીનો પ્રવાહ ચાલતો ચાલતો શમી જાય છે ત્યારે એક મહાવિચારકના શ્રમથી પુનઃ બાહ્ય પ્રવાહરૂપે નવા દેહમાં નીકળી આવે, પુન: આગળ ચાલતાં લોપ પામે અને નવા વિચારના બલથી વળી નવા દેહમાં જાગે. એમ સરસ્વતીનો લુપ્ત-અલુપ્ત પ્રવાહ હિમાલયથી માંડી પશ્ચિમ મહાસમુદ્રમાં ભળે. હિંદુસ્તાનનો તત્ત્વજ્ઞાનનો પ્રવાહ ગંગાનદી જેવો પૂર્વગામી છે અને તે અનન્ત નાની મોટી નદીઓના પ્રવાહોથી નિશ્ચિત થયેલો સમૃદ્ધ બની પૂર્વ સાગરમાં ભળે છે. તે ગંગાનદીનાં પ્રયાગાદિ સંધિસ્થાનોમાં તે તે નાની મોટી નદીના પ્રવાહના તરંગો આછા આછા ઓળખાય છે. તે તે નદીઓ ગંગામાં મળતાં પહેલાં પોતપોતાના ભિન્ન અસ્તિત્વ અને તેની ભવ્યતા અથવા રમ્યતા ત્યજતી નથી. તત્ત્વજ્ઞાનની આ ભિન્ન પ્રસ્થાનશ્રેણીઓ ગંગા, યમુના અને સરસ્વતી વડે ઉત્પન્ન થયેલ ત્રિવેણી જેવી છે."

મૌલવી મહેશપ્રસાદજી સાધુ
(પુરાણી પેઢીના ફારસી-અરબીના હિંદુ વિદ્વાન)

છોટુભાઈ રણછોડજી નાયક

કેટલાક લોકો અમુક બાબત અંગે પોતાનો અંગત વિચાર ધરાવતા હોતા નથી પરંતુ અન્ય વ્યક્તિઓનું અનુકરણ કરી પોતાની જાતને મહાન લેખાવવા પ્રયત્નો કરતા હોય છે. અન્યની 'હા'માં હા ભણી દરેક વિચારસરણી ઉપર લબ્બેક કહેતા હોય છે. પોતાનો અંગત આદેશ કે પોતાનું અંગત ધ્યેય નિશ્ચિત રાખી તેને વળગી રહેવાની ચિંતા તેઓ રાખતા નથી. આવી અનિષ્ટ બાબતોમાંથી કોઈ જેને સ્પર્શ કરી ન ગઈ હોય એવા જે લોકોના સંપર્કમાં હું આવ્યો છું તેઓ પૈકીની જે વ્યક્તિ વિશે મને લાગ્યું તે આદરણીય મહાપુરુષ, પુરાણી પેઢીના ફારસી, અરબી અને ઉર્દૂના વિદ્વાન મૌલવી મહેશપ્રસાદજી (સાધુ) હતા. તેમની સાથે મારો પ્રથમ પરિચય ઈ. સ. ૧૯૪૯ના નવેમ્બરની ૫મી તારીખે મુંબઈમાં થયો હતો.

લગભગ સાડા પાંચ ફૂટની ઊંચાઈનું અને નહિ સ્થૂલ અને નહિ દૂબળું એવું કદાવર કાઠું, ઘઉંવર્ણો ચહેરો, આકર્ષક લલાટ નીચે ચમકદાર આંખો, સાદી ધોલાઈના સાફસુથરા સફેદ પોશાકમાં લોંગકોટ, પાયજામો અને બનારસી પગરખાંમાં તેમનો દેદાર સામા માણસને પ્રભાવિત કરી દે એવો હતો. તેમની બોલચાલની પદ્ધતિમાં નમ્રતા અને સૌમ્યતા હતાં, પોતાની માન્યતાનો અડગપણે અમલ કરવામાં તે મને ટેવાયેલા જણાયા અને તે સાથે અન્યની માન્યતાઓ અને અન્યના વિચારોને સમજવાને તેઓ અતિ ઉત્સુક માલૂમ પડ્યા. મેં ન તો તેમની વાતમાં કોઈ પ્રકારની સંકુચિતતા નિહાળી અને ન તો કોઈ જાતનું રૂઢિચુસ્તપણું તેમનામાં હોય એવું મને સમજાયું. ડૉ. સર મોહમ્મદ ઇકબાલના શબ્દોમાં કહીએ તો 'નર્મ-દમ ગુફ્તગૂ ગર્મ-દમ જુસ્ત-જૂ...' (અર્થાત્ નમ્ર સાદે વાતચીત પરંતુ તીવ્ર પ્રકારની સંશોધન-વૃત્તિ)ના પૂરેપૂરા આદર્શરૂપ મને તે લાગ્યા. આ પ્રકારના પ્રથમ સંપર્કપ્રસંગે તેઓશ્રી વિશે સર્વાંગે ઘણી જ આકર્ષક છાપ મારા દિમાગ ઉપર પડતાં, તક જોઈ મુલાકાત માટે સમય માગી તેમની સાથે મેં પાછળથી ગાઢ સંબંધ કેળવ્યો.

ભારતમાં ફારસી, અરબી અને ઉર્દૂના સાહિત્ય-ક્ષેત્રમાં વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર એવા એ મૌલવી મહેશપ્રસાદજીનો જન્મ ઉત્તર પ્રદેશમાં આવેલા ફતેહપુરના કાયસ્થાન નામના ગામમાં કાયસ્થ (શ્રીવાસ્તવ) ન્યાતના એક રંક કુટુંબમાં ઈ. સ. ૧૮૯૧માં થયો હતો. તેમના દાદા તેમ જ તેમના પિતા પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. પિતાની છત્રછાયા તો તેની બાળવય દરમિયાન જ તેમના શિર ઉપરથી ખસી ગઈ હતી, વિદ્યાભ્યાસનો આરંભ ઉર્દૂ શીખવતી મદ્રેસામાં કરીને તેમણે 'જમુના મિશન પ્રયાગ'નું સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું હતું. દરમિયાન પોતાના કુટુંબની મુશ્કેલ સમસ્યાઓનો હિંમતપૂર્વક સામનો કરતાં કરતાં ઈ.સ. ૧૯૧૬માં

લાહોરની ઓરિયેન્ટલ કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે તેમણે પ્રવેશ મેળવ્યો હતો, અને ત્યાં પોતાના અભ્યાસના મુખ્ય વિષયો અરબી અને ફારસી રાખ્યા હતા. તે કૉલેજના પ્રિન્સિપાલ અબ્દુલ્લા ટોંકી જે અરબી ભાષાના વિદ્વાન તરીકે લેખાતા હતા, તેમની પાસે રહી તેમણે અરબી ભાષા અને સાહિત્યનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો હતો. તેની ફળશ્રુતિ તરીકે મહેશપ્રસાદજીએ ઈ.સ. ૧૯૧૮માં 'મૌલવી આલિમ' અને 'મૌલવી ફાઝિલ'ની ઉપાધિઓ સંપાદન કરી હતી. તે પછી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં અરબી અને ફારસીના અધ્યાપકના સ્થાન માટે સ્વ. મદનમોહન માલવિયાજીની પસંદગી આ હિંદુ યુવાન મૌલવી ઉપર ઊતરી હતી. ત્યાં તેઓ સફળતા અને પ્રતિષ્ઠા સાથે નિષ્ઠાપૂર્વક પોતાનું કાર્ય બજાવી રહ્યા હતા. ઈ.સ. ૧૯૫૧ના જૂન માસમાં તેમનો નિવૃત્ત થવાનો સમય હતો પરંતુ વિશિષ્ટ યોગ્યતાના કારણે તેમની સેવાની કદર કરી મુદત વધારવામાં આવી હતી. તે પછી તેમનું સ્વાસ્થ્ય કથળતાં હવાફેર માટે બે મહિનાની રજા લઈ તે રસૂલાબાદ પહોંચ્યા, પરંતુ ઑગસ્ટની તા. ૨૯મીને બુધવારની રાત્રિએ ૧૦ વાગે આ દુનિયાને અલ્‌વિદા કહીને તે બીજી દુનિયા તરફ સિધાવી ગયા.

'બચા હૈ ન કોઈ બચેગા ફના સે,
હરએક ઝિંદગીકા હૈ એક દિન મુકર્રર.'

મહેશપ્રસાદજી અતિ ચારિત્ર્યશીલ, ઉદાર, આનંદી અને મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. તે હતા :

'ખલીકો, ઝીલિયાકત, પાકતીનત ઔર સંજીદા દિલ,
ગરઝ તઅ્‌રીફ મજ્‌મૂઅએ મહાસિન કી કયા હો?'

[સુશીલ, સદાચારી, પવિત્ર સ્વભાવ અને ગંભીરતાના ગુણો ધરાવનાર–ટૂંકમાં સદ્‌ગુણોના ભંડાર માટે બીજો શું પરિચય હોય ?]

'આપણે ભલા તો આખી દુનિયા ભલી' એ વિચારમાં અડગ વિશ્વાસના કારણે તેમના સ્વભાવમાં નીડરતા હતી. તે રહેતા હતા. મુસલમાનોના મહોલ્લામાં અને કોમી તંગદિલી કે કટોકટીમાં પણ છૂટથી નિર્ભયપણે ત્યાં હરતા ફરતા રહેતા હતા.

એક ઉર્દૂ શાયરે કહ્યું છે તેમ :

'ગુલિસ્તાને જહાઁમેં ફૂલ ભી હૈં ઔર કાઁટે ભી,
મગર જો ગુલ કે જોયા હૈં ઉસે કયા ખાર કા ખટકા?'

[દુનિયાની ફૂલવાડીમાં ફૂલ તેમ જ કાંટા હોય છે પરંતુ જે ગુલાબને શોધતો હોય તેને કાંટાની શી ચિંતા ?]

બનારસ વિશ્વવિદ્યાલયમાં પોતાના વિષયના ઉપરાંત અન્ય વિષયોના વિદ્યાર્થીઓને પણ એમના વિનયી સ્વભાવ તથા ઊંડા અભ્યાસને લઈને તે વિવિધ રીતે મદદરૂપ થઈ પડતા હતા અને તેઓમાં તે અતિ પ્રિય હતા.

શાયર મુનીરે કહ્યું છે તેમ :

અમીર ઉનસે રાઝી, ગરીબ ઉનસે ખુશ,
ગરઝ ઉનસે શાદાં[1] હરએક ખાસોઆમ;
મોહબ્બતસે હરએકસે મિલતે રહે,
ઇસીમેં હુઈ ઉમ્ર ઉનકી તમામ.

વિનોદની વાતો કરવામાં તે દિલચસ્પી ધરાવતા હતા. વહોરાઓનું મૂળ સ્થાન ગુજરાતનો પ્રદેશ; તેથી એક દિવસ મારી સાથેની વાતચીતમાં વહોરાઓના મૃત્યુ સમયના તેમણે કોઈક ઠેકાણે સાંભળેલા રિવાજની વાત એક દિવસ છેડી. તેની યાદ હજુ મારા દિમાગમાંથી અદશ્ય થઈ નથી. તેમણે કહ્યું, "હવે શી પરિસ્થિતિ છે તે વિશે મને માહિતી નથી, પરંતુ કોઈ એક અનુયાયી આ દુનિયા છોડી જતો ત્યારે તે મરનારના વારસો જે રકમ મુલ્લાસાહેબને આપે તે અનુસાર તેઓ ઓછી કે વધુ સગવડવાળી જગ્યા જન્નતમાં કરી આપવાની ચિઠ્ઠી ફરિસ્તા જિબ્રીલ[2] ઉપર લખી આપતા હતા. એક વખત રમઝાન મહિનામાં રોજા ચાલુ હતા અને ખુદ મુલ્લાસાહેબ ગંભીર બીમારીમાં પટકાઈ પડ્યા; ડૉકટરને ઈલાજ માટે બોલાવવામાં આવ્યા. તેમણે મુલ્લાસાહેબને શકિત ન આવે ત્યાં સુધી પૂરતો આરામ લેવાની તથા રોજા નહિ રાખવાની સલાહ આપી અને જણાવ્યું કે જો તેમ કરવામાં નહિ આવે તો તબિયત ઉપર માઠી અસર થવાનો ભય છે. એ સાંભળી ગભરાઈ જઈને મુલ્લાસાહેબે ડૉકટર સાહેબને સંબોધીને જણાવ્યું કે રોજા ન રખાય-પળાય તો આખિરત-(અર્થાત્ બીજી દુનિયા)માં સખત અઝાબ(અર્થાત્ યાતના)ની વઈદ (અર્થાત્ ધમકી) છે. હાજરજવાબી અને ઠઠ્ઠાખોર ડૉકટરે ઠાવકા થઈને તરત જ જણાવ્યું કે આપ એ બીક રાખશો મા. હું આપને સર્ટિફિકેટ લખી આપીશ જે આપ ભાઈ જિબ્રોલને બતાવી દેજો. તેઓશ્રી યોગ્ય કરી દેશે અને આપને વાંધો આવશે નહિ. એ સાંભળી મુલ્લાસાહેબને સંતોષ થઈ ગયો અને મોં મલકાવીને ચુપ થઈ ગયા." તે પછી મહેશપ્રસાદજીએ આગળ વધી હસતાં હસતાં કહ્યું કે "ડૉકટર સાહેબ મુલ્લાસાહેબનો સંતોષ જોઈ પોતાની હસી ઉપર સંયમ ન રહેતાં કોઈક બહાને બહાર નીકળી ગયા. એ વાત મને યાદ આવે છે ત્યારે એકલો હોઉં તોપણુ હું મારી હસી ખાળી શકતો નથી."

આવી રમૂજી વાતો કરતાં ફારસી અને અરબી સાહિત્યોનાં ક્ષેત્રોને લગતી એ ભાષાઓના અભ્યાસીઓ સાથે વાતો કરતાં તે કદી થાકતા ન હતા.

સ્વ. મદનમોહન માલવિયાજી સાથેનો તેમનો સંબંધ ઘણો ગાઢ હતો. વિશ્વવિદ્યાલયના કારોબારને અંગે જે કોઈ સૂચના મહેશપ્રસાદજી કરતા તેને તે આનંદથી આવકારતા અને તેનો અમલ પણ કરતા હતા. કંઠે રખાતા વેદોમાંના મૂળ ઉચ્ચારણમાં કદાચ અશુદ્ધિ આવી જાય એવા ડરથી સ્ત્રીઓ અને શૂદ્રો બહુધા ઊંડા જ્ઞાનના અભાવને કારણે વેદોના અભ્યાસ માટે અધિકારી ગણાતાં ન હતાં. એ પરંપરાગત ચાલી આવતી બાબત હતી અને જડ ઘાલી ગઈ હતી. કહેવાય છે

---

૧ અર્થાત્ પ્રસન્ન ચિત્ત.

૨ ઇસ્લામ મુજબ અલ્લાહના માનીતા ફરિસ્તાઓ પૈકી સૌથી મહાન જિબ્રીલ ગણાય છે. તે અલ્લાહના હુકમ લખે છે અને અલ્લાહના આદેશો પેગમ્બરને પહોંચાડે છે.

કે મહેશપ્રસાદજીને આ માન્યતામાં એક પ્રકારનો અન્યાય હોવાનું જણાયું તેથી તેમણે તે દૂર કરવાને માલવિયાજીને ભલામણ કરી અને માલવિયાજીએ એ પ્રસ્તાવની કદર કરીને બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં વેદનો અભ્યાસ વિદ્યાર્થિનીઓ કરે એવી વ્યવસ્થા કરી દીધી.

ઈ. સ. ૧૯૨૮માં મહેશપ્રસાદજીએ ઈરાનની મુસાફરી કરી હતી. તેમના પોતાના કહ્યા મુજબ ત્યાં તે સંજોગોવશાત્ વધારે સમય રોકાઈ શક્યા ન હતા. તેને લઈને પોતે નક્કી કરેલ કાર્ય ત્યાં બજાવી શક્યા ન હતા, તેથી તેમને અફસોસ રહી ગયો હતો. એ મુસાફરીનો હેવાલ તેમણે 'મેરી ઈરાન-યાત્રા' નામક હિંદીમાં લખેલી પુસ્તિકામાં આપેલો છે. તેમણે "મુન્તખબાતે ફારસીએ જદીદ" (અર્વાચીન ફારસીમાંથી પસંદ કરેલી વાનગીઓ) નામક દશ પાઠોવાળી એક પુસ્તિકા, ઈરાનમાં ચાલતાં ફારસી પાઠચપુસ્તકોમાંથી સામગ્રી મેળવીને, ભારતમાં ફારસીનો અભ્યાસ કરનાર શાળાઓના વિદ્યાર્થીઓની જ્ઞાનવૃદ્ધિ માટે શાળા, સમય, મનુષ્ય, જાનવર, વનસ્પતિ, ખનિજ, ગણિત, ભૂગોળ, સાંસ્કૃતિક કેળવણી અને ઇતિહાસ એવા વિષયો લઈ સવાલ–જવાબ-રૂપે તૈયાર કરેલી છે.

ઉપર જણાવ્યા મુજબ ઈ. સ. ૧૯૪૯માં નવેમ્બરની ૫મી, ૬ઠ્ઠી અને ૭મી તારીખોએ મારી તેઓ સાથે પ્રથમ મુલાકાત મુંબઈમાં થઈ હતી. અખિલ ભારતીય પ્રાચ્યભાષા પરિષદનું પંદરમું અધિવેશન ત્યાં ભરાયું હતું. તેમાં તેઓશ્રી અરબી–ફારસી વિભાગના વિભાગીય પ્રમુખ હતા. તેમણે તેમાં આપેલું ભાષણ પાંડિત્યપૂર્ણ હતું. તેમાં તેમણે અરબી અને ફારસી ભાષા દેશોના ભારત સાથેના પુરાણા સમયથી ચાલ્યા આવેલા પરંપરાગત સંબંધોની છણાવટ કરી હતી, અને અરબી અને ફારસીનો સંસ્કૃત સાથેનો જે સંબંધ ચાલ્યો આવે છે તે કેટલે અંશે અરબી અને ઈરાની સાહિત્યકારો અને સંશોધકોને ઉપયોગી નીવડે એમ છે તેની સમજ આપીને તેમણે સૂચવ્યું હતું કે આરબો અને ઈરાનીઓએ સંસ્કૃતનો અભ્યાસ કરી તેનો લાભ ઉઠાવવો જોઈએ અને ભારતના વિદ્વાનોએ અરબસ્તાન અને ઈરાનમાં પહોંચી સંસ્કૃતની મહત્તા અને તેમને માટે તેની ઉપયોગિતાનો ખ્યાલ આપવો જોઈએ.

વસ્તુતઃ ઈરાનના પરંતુ સામાન્ય રીતે ભારતના ઇતિહાસકારો જેમને આરબો હોવાનું ગણાવતા આવ્યા છે એવા મુસલમાન વેપારીઓ પુરાણા જમાનામાં વિદેશમાં જતા આવતા હતા. તેઓમાંના કેટલાકે મુસાફરી દરમિયાન અન્ય લોકો વિશેની જાણેલી અને જોયેલી હકીકતોની નોંધ તેમનાં સફરનામાઓમાં કરેલી છે. તેઓમાં સૌથી વિશેષ પ્રાચીન સુલૈમાન સૈરાફી બસરી[૧] નામે હતો. તેણે અિલ્અિલતુત્ તવારીખ (અર્થાત્ ઇતિહાસોની સાંકળ[૨]) નામક સફરનામું અરબીમાં ઈ. સ. ૮૫૧માં લખ્યું હતું તેનો અનુવાદ મૌલવી મહેશપ્રસાદજીએ હિંદીમાં કર્યો હતો અને તે અનુવાદ-ગ્રંથનું નામ 'સુલૈમાન સૌદાગરકા યાત્રા વિવરણ' આપ્યું હતું. તેમાં અનુવાદક તરીકે તેમણે પોતાનું નામ 'સાધુ' રાખેલું છે. એમાંની ભાષા સાદી અને સરળ છે અને વાંચતાં તે અનુવાદ નહિ પરંતુ મૌલિક પુસ્તક હોય એવું રસપ્રદ જણાય છે.

---

૧ તે મૂળ ઈરાનના નૈઋત્ય ખૂણામાં આવેલા ફાર્સ પ્રાંતમાં આવેલા સૈરાફનો વતની હતો પરંતુ પાછળથી તેણે બસરા નગરમાં વસવાટ કર્યો હતો.

૨ એ અરબી પુસ્તક પેરિસના ગવર્નમેન્ટ પ્રેસમાં છપાયેલું છે.

મહેશપ્રસાદજી એક સમર્થ સંશોધક હતા. ભારત માટે ગૌરવરૂપ એવા ઉર્દૂના ગદ્ય અને પદ્ય લેખક મિર્ઝા અસદુલ્લાહખાન ગાલિબે (મૃ. ઈ. સ. ૧૮૬૯) રંગ, નસલ, મઝહબ, કોમ વગેરેથી અલિપ્ત રહી ઈન્સાનિયતને એકતાની દોરીમાં પરોવવા તેમની કૃતિઓમાં પ્રયત્નો કરેલા છે, તે આ દેશનો એક મહાન વારસો છે. મૌલવી મહેશપ્રસાદજીના સંશોધનનો ખાસ વિષય ગાલિબના ખત્તો એટલે કે પત્રોનો છે. ગાલિબે તેમના શાગિર્દો, દોસ્તો અને અન્ય વ્યક્તિઓ ઉપર લખેલા ખત્તો અને રુક્કાઓની સંખ્યા ઘણી મોટી છે. તેમની લેખનશૈલી નિરાળી છે, તેમાં વિચારો અદા કરવાની પદ્ધતિ બે માણસો સામસામા બેસી વાતો કરતા હોય એવી છે. તેમાં કૃત્રિમતા દૃષ્ટિગોચર થતી નથી અને તે ઉર્દૂ વિવેચન-સાહિત્યના દિલાસારૂપ છે. ઉર્દૂએ મુઅલ્લા (અર્થાત્ ઉત્તમ ઉર્દૂ), ઊદે હિંદી (અર્થાત્ હિંદનું ઉદ) વગેરે જેવા નામથી એમના સંગ્રહો કેટલાક વિદ્વાનોએ એકત્ર કરેલા છે અને કેટલાકનું પ્રકાશન પણ થયેલું છે. મૌલવી મહેશપ્રસાદજી પણ ગાલિબના ખત્તો, રુક્કા, લિફાફા અને તે સર્વ ઉપરનાં સિરનામાં, વગેરે મેળવી તે ઉપર લેખો લખતા રહેતા હતા. અગાઉ સંપાદિત થયેલા સંગ્રહોમાં જેમનો સમાવેશ ન થયેલો હોય તેવા ખત્તોના બે સંગ્રહો 'મકાતીબે ગાલિબ(અર્થાત્ ગાલિબના પત્રો)ના નામથી તેમણે તૈયાર કર્યા હતા. તે પૈકી એક ખંડનું 'ખુતૂતે ગાલિબ' (અર્થાત્ ગાલિબના ખત્તો) નામથી હિંદુસ્તાન એકેડેમી, અલહાબાદ તરફથી પ્રકાશન થયું હતું અને બીજા ખંડના પ્રકાશનનું કામ ખતમ થાય તે અગાઉ મહેશપ્રસાદજીના જીવનનું છેલ્લું પૃષ્ઠ ફરી ગયું હતું.

એ ઉપરાંત સાધુ મહેશપ્રસાદજીએ ગીતા અને ઉપનિષદ ઉપર પણ થોડુંક લખ્યું હતું. તે પણ અપ્રકાશિત રહી ગયું હતું.

મહેશપ્રસાદજીએ ગાંધીવાદી[1] સિદ્ધાંતો તો સારી રીતે પચાવ્યા હતા પરંતુ તે સાથે તે ચુસ્ત આર્યસમાજી હતા. આર્યસમાજ પંથના પ્રચાર અર્થે લાભદાયક થાય તે ઉદ્દેશથી તેમણે એ વિષય ઉપર અનેક પુસ્તિકાઓ સરળ હિંદીમાં લખેલી છે. તેઓ પૈકી 'શ્રી સર સૈયદ અહમદ-ખાન[2] ઔર શ્રી સ્વામી દયાનન્દ સરસ્વતીજી'[3]ના વિષય ઉપર એક છે, તેમાં સર સૈયદ અહમદખાન સ્વામી દયાનન્દ વિશે જે મત ધરાવતા હતા તેની સ્પષ્ટપણે છણાવટ કરેલી છે. 'મહર્ષિ દયાનન્દ સરસ્વતી', 'મહર્ષિ જીવનદર્શક', 'મહર્ષિ દયાનન્દ કહાં ઔર કબ", 'દયાનન્દ કાલમેં રેલમાર્ગ,' સ્વામી દયાનન્દ ઔર કુરાન', ગાય ઔર કુરાન', 'અમર સત્યાર્થપ્રકાશ,'[4] 'સત્યાર્થપ્રકાશ પર વિચાર', 'સત્યાર્થ વિષયક ભ્રમ' અને 'આર્ય દયાનન્દ આવર્ત અર્થાત્ શ્રી સ્વામીજી કે ભ્રમણકા ચિત્ર' વગેરે તેમની એ વિષય ઉપર અન્ય પુસ્તિકાઓ છે. 'વિદ્યામન્દિર

---

૧ મહાત્માજીને પ્રથમ વાર મળવા બનારસથી અમદાવાદ તે ઈ. સ. ૧૯૨૦માં આવ્યા હતા.

૨ સર સૈયદ અહમદખાનનું મૃત્યુ ઈ. સ. ૧૮૯૮માં થયું હતું. તેમનું વ્યક્તિત્વ વિશિષ્ટ પ્રકારનું હતું. તેમના સમયના ઉર્દૂના તેઓ સમર્થ સાહિત્યકાર હતા. મજહબ, નીતિ અને સામાજિક વિષય ઉપર અનેક ગ્રંથો તેમણે રચેલા છે.

૩ એનો અંગ્રેજી અનુવાદ પણ પ્રાપ્ય છે.

૪ એ ઉર્દૂ તેમ જ અંગ્રેજી ભાષામાં પ્રાપ્ય છે.

ઔર મનોરંજક હિસાબ' નામક પુસ્તિકા બાળકોને તેમના અભ્યાસમાં ઉપયોગી નીવડે એ હેતુથી તેમણે લખી હતી.[1]

આમ મૌલવી મહેશપ્રસાદજીની સાહિત્યિક, સામાજિક અને અભ્યાસવિષયક પ્રવૃત્તિઓમાં આશ્ચર્યજનક વિવિધતા હતી, જાણે 'સદ ઈમામ![2] બઝીરે કુલાહ દાશી' (અર્થાત્ ટોપી નીચે સો અમામા તેઓ ધરાવતા હતા). તેમને ગુજરી ગયાને બાવીસ વરસનાં વહાણાં વહી ગયાં છતાં બનારસ યુનિવર્સિટીમાં તેમ જ આર્યસમાજીઓ તેમ જ અરબીફારસી સાહિત્યકારોના વર્તુળોમાં તેમની યાદ તાજી છે:

'બારે દુનિયામાં રહો ગમઝદા[3] યા શાદ રહો,
ઐસા કુછ કરકે ચલો યહાં કે બહુત યાદ રહો.'

---

૧ એ તમામનું પ્રકાશન 'આલિમ-ફાઝેલ બૂકડિપો, અલહાબાદ તરફથી થયેલું છે.

૨ આલિમ ફાજેલ લોકો માથા ઉપર જે પાઘડી કે ફેંટો અગાઉના જમાનામાં પહેરતા તેમાં તેમની વિદ્વત્તાના પ્રમાણનો નિર્દેશ થતો હતો.

૩ અર્થાત્ ગમગીન.

ગ્રન્થાવલોકન

આદિકવિની આર્ષવાણી : સંપાદક અને પ્રકાશક : ડૉ. ઈશ્વરલાલ ર. દવે, રાજકોટ–૨, પૃ. સંખ્યા ૧૬૪, કિંમત રૂા. ૬.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આર્થિક સહાયથી પ્રકાશિત થયેલા 'આદિકવિની આર્ષવાણી' પુસ્તકમાં, સંતકવિ નરસિંહ મહેતાનાં તત્ત્વદર્શી અને જ્ઞાનલક્ષી ૨૮ પદોનો આ સંગ્રહ છે. આ ૨૮ પદોમાંનાં પાંચ પદ, જે તે હસ્તપ્રતોમાંથી સંશોધિત કરીને પ્રથમ વાર જ પ્રકટ કરવામાં આવ્યાં છે એ એની વિશેષતા છે. અહીં આપેલાં ૨૮ પદોની વાચના માટે સંપાદકે જે તે જ્ઞાન-ભંડારો અને વિદ્વાનો પાસેથી ઉપલબ્ધ થયેલી પંદર હસ્તપ્રતોનું નિરીક્ષણ કર્યું છે. પાઠાન્તર નક્કી કરવામાં વિદ્વાન સંપાદકે નીચે પ્રમાણેનું ધોરણ અપનાવ્યું છે. "મોટે ભાગે પંક્તિઓનો જે પાઠ વધુ લોકપ્રચલિત બન્યો હોય તેને સ્વીકૃત વાચનામાં પ્રથમ પસંદગી આપવામાં આવી છે. સિવાય કે આવો પાઠ જ્યારે અર્થનો અનર્થ કરતો જણાય કે લહિયાની સ્પષ્ટ ભૂલ હોય તેવું લાગે ત્યારે ઓછો પ્રચલિત પાઠ પણ પસંદ કર્યો છે. કાવ્યનાં રસ અને રહસ્ય સાથેનું સામંજસ્ય પણ વિચારાયું છે. પાઠાંતરની ચર્ચા જરૂર જણાઈ ત્યારે ટિપ્પણમાં કરી છે."

જૈન તેમ જ જૈનેતર ભંડારોમાંથી ઉપલબ્ધ થતી જતી સામગ્રીને આધારે, પ્રાક્‌નરસિંહ તેમ જ નરસિંહ યુગના કવિઓમાં જો કોઈ પણ 'આદિકવિ'ના બિરુદનો અધિકારી હોય તો તે નરસિંહ જ છે એમ નિર્વિવાદપણે કહી શકાય. આદિ કવિની વિભાવના સ્પષ્ટ કરતાં 'ઉપોદ્‌ઘાત'-માં ડૉ. દવે લખે છે :—આદિ કવિ એટલે પ્રથમ કવિ એટલું જ અભિપ્રેત નથી ; પ્રથમ સમર્થ કવિ, જેનું કાવ્યકલાનું કૌશલ ઉત્તમ કોટિનું હોય, પોતાના યુગ પર ગાઢ જેનો પ્રભાવ હોય, એટલું જ નહિ પણ હજી સુધી જેનો પ્રભાવ સાહિત્ય તથા પ્રજામાનસ પર રહ્યો હોય, તેવા કવિને માટે આદિ કવિ બિરુદ વાપરી શકાય." સંપાદકની આ સમજ સાથે સૌ કોઈ સમંત થશે. આ કસોટીએ શરૂનાં લગભગ ૨૦ પાનામાં નરસિંહની કવિ તરીકેની સમતોલ ને સ્વસ્થ મૂલવણી તેમણે કરી છે. એ પછી પાઠાંતર સમેત નરસિંહ મહેતાનાં ૨૮ પદો આપ્યાં છે. પદોને અન્તે પ્રત્યેક પદનું વાર્તિક તેમ જ ટિપ્પણ આપ્યું છે. આ વાર્તિક તેમ જ ટિપ્પણનો આશય 'મૂળ તત્ત્વવિચારને સમજાવવાનો કે સુસંવાદી અર્થઘટનનો' છે. વાર્તિકની પદ્ધતિ કાવ્યનાં સ્વરૂપ અને તત્ત્વવિચાર પ્રમાણે બદલાતી રહે છે. વાર્તિકોમાં ક્વચિત્ ક્વચિત્ નરસિંહના તત્ત્વજ્ઞાનનો સાંપ્રત સન્દર્ભમાં મૂલવવાનો પ્રયત્ન પણ છે. 'ઉપસંહાર'માં 'વેદાન્ત વિચારધારા અને નરસિંહનું તત્ત્વદર્શન'નો નાનકડો અભ્યાસ-લેખ છે અને અન્તે પરિશિષ્ટ'માં 'નરસિંહ અને કબીરની તત્ત્વદર્શી કવિતા : એક તુલનાત્મક દૃષ્ટિ'શીર્ષકવાળો બારેક પાનાંનો વિદ્વત્તાપૂર્ણ લેખ છે. 'દારિદ્રયભરપુર' (પૃ. ૮૫), પરિક્ષિત (પૃ. ૮૬) જેવી જોડણીભૂલો તેમ જ પૃ. ૧૫૧ ઉપરની ૧૪ લીટીઓમાંના આઠ મુદ્રારાક્ષસો સ્હેજ કાળજીથી ટાળી શકાયા હોત. "રામનામ શું તાળી રે લાગી' એ **થનગનાટ** નરસિંહમાં હોઈ શકે" અને ચાર લીટીના અંતર પછી આવતું વાક્ય

"રામનામ શું તાળી રે લાગી' એ **રસિકતા છે.'** (પૃ. ૯૭) એમાં થનગનાટ અને રસિકતા સ્પષ્ટ થવાં જોઈએ. એ જ પાના ઉપર 'પંદરસો વર્ષ પછી સંત મોહનદાસને સંત નરસિંહની આ સંતવાણી સ્પર્શી ગઈ' ત્યાં પંદરસોને બદલે પાંચસો જોઈએ.

'આદિકવિની આર્ષવાણી'નું સુશ્લિષ્ટ સંપાદન ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી નીવડશે એમાં શંકા નથી. આના અનુસંધાનમાં સંકલ્પિત, નરસિંહવિષયક ચાર ગ્રંથો વિદ્વાન સંપાદક સત્વરે પ્રકટ કરશે તો સાહિત્યની ગણનાપાત્ર સેવા થઈ ગણાશે.

રણુજિત એમ. પટેલ (અનામી)

* * *

મહાસતી અનસૂયા : લેખક : કવિચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહ, પૃષ્ઠ ૩૧+૨૩૨ કિંમત રૂ. ૬=૮૦. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧.

જેને 'આર્યાવર્તની નારીની ગૌરવ પ્રતિષ્ઠા કરતું ગુજરાતી રંગભૂમિનું પૌરાણિક નાટક' તરીકે ઓળખાવવામાં આવ્યું છે અને જે નાટક તે સમયની ગુજરાતી રંગભૂમિની પરિસ્થિતિ અનુસાર શરૂઆતમાં નાટકમંડળીના માલિકના નામે પ્રસિદ્ધ થયું હતું તે સાઠ વર્ષ પછી તેના મૂળ રચયિતા નડિયાદના શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહના નામે પ્રકટ થાય છે એ ઘટનાનો યશ સાચી રીતે જ સારસ્વત શ્રી રમણીકલાલ જયચંદભાઈ દલાલના ફાળે જાય છે.

જૂની ગુજરાતી રંગભૂમિનો એ જમાનો હતો જેમાં નાટ્યસર્જકો મોટે ભાગે નાટક-મંડળીના નટોની જેમ પગારદાર માસ્તરો' હતા અને તેમને નાટકમંડળીના 'શેઠ'ની સૂચનાનુસાર નાટ્યરચના કરવાની હતી. એ 'શેઠો' પ્રવર્તમાન પરિસ્થિતિમાં પ્રેક્ષકગણની રુચિને લક્ષમાં રાખી 'માસ્તર'ને નાટ્યરચના કરવાની પ્રેરણા (!) આપતા. આથી નાટ્યકારની સ્વકીય પ્રતિભાને પ્રકાશમાં આવવાનો માર્ગ લગભગ હતો જ નહિ.

એવી પરિસ્થિતિમાં પણ 'સતી અનસૂયા' નાટક જે સૌ પ્રથમ ૧૯૦૮માં પ્રસિદ્ધ થયું તેને જનતાનો એટલો તો સુંદર આવકાર પ્રાપ્ત થયો કે "શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળી"ના માલિક શ્રી મૂળજીભાઈ આશારામ ઓઝાએ લેખક તરીકે પોતાનું નામ આપી એ નાટકની પાંચ હજાર પ્રતો છપાવી. આમ હોવા છતાં એ નાટકના સર્જક શ્રી ફૂલચંદભાઈ હતા એ વસ્તુ ઠીક ઠીક જાણીતી હતી.

શ્રી ફૂલચંદભાઈએ એકંદરે છ નાટકો લખ્યાં હતાં જે લોકપ્રિય બન્યાં હતાં. વીસમી સદીના આરંભનો એ સમય પ્રેક્ષકગણની દૃષ્ટિએ નાટકોની બોલબાલાનો હતો. જનમનરંજનનું એ એક માત્ર સાધન હતું એમ કહીએ તો ચાલે. ભવાઈ યુગ છેક આથમી ગયો ન હતો. તેમાં ભજવાતા વેશોની ભાષાછૂટ લોકરંજન અર્થે નાટકના પ્રદેશમાં પણ પ્રવેશી ગઈ હતી અને નાટ્ય મંડળીઓની હરીફાઈના એ કાળમાં શિષ્ટ ન જ ગણાય એવાં અનેક તત્ત્વો નાટકોમાં પ્રવેશેલાં હતાં. આથી નાટ્યસંસ્થાઓ માટે શિષ્ટજનસમાજ અને વિદ્વાનોમાં એક પ્રકારનો અણગમો હતો.

આવા વાતાવરણમાં 'શેઠ'ની આજ્ઞાનુસાર ધાર્મિક નાટક લખવાનું કાર્ય કેટલું દુષ્કર બને એ સમજી શકાય એવું છે. શ્રી ફૂલચંદભાઈની આ નાટ્યકૃતિને અવલોકતા પહેલાં આ સંદર્ભનો ખ્યાલ હોવો આવશ્યક બને છે.

આ નાટક ત્રિઅંકી છે અને તત્કાલીન સમાજની નાટ્યવૃત્તિને ખ્યાલમાં રાખીને લખાયું છે એથી એમાં નિરર્થક લંબાણનું તત્ત્વ પ્રવેશ્યું છે. નાટકો રાત્રિના નવ-સાડા નવથી માંડીને ત્રણેક વાગ્યા સુધી ચાલવાં જોઈએ એવો તે કાળનો શિરસ્તો હતો. આથી નાટ્યવસ્તુ મર્યાદિત સમયમાં રજૂ થઈ શકે એવું હોય છતાં પણ એમાં દરેક અંકમાં અનેક પ્રવેશો ઉમેરી છ કલાકનું લંબાણ એ સહી શકે એ પ્રકારની યોજના બિચારા 'માસ્તરે' કરવી પડતી ! આ સર્જક પણ એ સંજોગાધીન હોઈ એમને પણ એવી અણગમતી પરિસ્થિતિ સ્વીકારવી પડી હશે અને નાટકમાંના બિનજરૂરી પ્રવેશો પણ ઉમેરવા પડ્યા હશે.

આ નાટકનું વસ્તુ જ એટલું મર્યાદિત છે કે એને ત્રિઅંકી નાટક સ્વરૂપે રજૂ કરવા જતાં અનેક ગૌણ વસ્તુઓ ટેકારૂપે એમાં ઉમેરવી પડે. પહેલા અને બીજા અંક વચ્ચે લગભગ કશો જ અનુસંધાન તંતુ વરતાતો નથી તે બીજા અને ત્રીજા અંક વચ્ચે વરતાય છે. કોઈ પણ નાટકનું આવશ્યક અંગ એ છે કે એણે પહેલેથી છેડે સુધી પ્રેક્ષકના ततः किम् ? રૂપી જિજ્ઞાસારસને પોષ્યા કરવો. આ નાટકના પહેલા અંકમાં આઠ જેટલા પ્રવેશો હોવા છતાં આઠમા પ્રવેશને અંતે પણ જિજ્ઞાસારસની તીવ્રતા સધાતી નથી. નારદ અને વિષ્ણુ ભગવાનના સંવાદને અંતે જ્યારે દુષ્ટો નીતિમાર્ગનું ઉલ્લંઘન કરી અકર્મ કરે છે, ત્યારે અધર્મનું ખંડન કરી ધર્મનું પ્રતિપાદન કરવા ને દુષ્ટોનો સંહાર કરવા હું અજન્મા, અધિકારી ને પ્રાણી માત્રનો ઈશ્વર હોવા છતાં, મારી પ્રવૃત્તિનું અવલંબન કરી, મારી માયાથી હું યુગે યુગે અવતાર ધારણ કરું છું, એમ આશ્વાસનની વાણીના ઉચ્ચારણથી બીજા અંક માટેની જિજ્ઞાસાને લગભગ કશો જ વેગ મળતો નથી.

એથી ઊલટું, બીજા અને ત્રીજા અંક વચ્ચે સ્પષ્ટ અનુસંધાન જોવા મળે છે, કારણ બીજા અંકને અંતે જ નાટકમાં બનતા બનાવો દ્વારા એમાં ગતિ પ્રવેશે છે. બીજા અંકમાં લગભગ ચૌદ જેટલા પ્રવેશો છે. તેમાં અગિયારમા પ્રવેશ સુધી તો પ્રમાણમાં રસદૃષ્ટિએ ગૌણ લેખાય એવા પ્રવેશો છે. અગિયારમા પ્રવેશથી નાટકના મુખ્ય પ્રસંગ અંગેની ક્રિયાનો આરંભ થાય છે જે ત્રીજા માત્ર છ પ્રવેશવાળા અંકમાં પૂરી થાય છે.

સતી માહાત્મ્યનું પુરસ્કરણ કરનારા નાટકમાં સતીધર્મથી બિલકુલ વિરુદ્ધ પ્રકારનું આચરણ કરનારાં પાત્રોની કથા અથવા કથાઓ આવે એ સમજી શકાય એવું છે. આ નાટકમાં પતિવ્રતા સતી અનસૂયાના પ્રભાવે પ્રથમ અંકમાં રૂડાની પત્ની ફૂવડ ઉપરાંત જયકોર, ચંચળ, વિજયા વગેરે અનેક સ્ત્રીઓ અનસૂયાના પતિભક્તિ બોધથી સન્માર્ગે જતી નિરૂપિત થઈ છે પણ એ જ અનસૂયાના પાત્રમુખે છઠ્ઠા પ્રવેશમાં બોલાવવામાં આવે છે : 'અહો ! લક્ષ્મી, સાવિત્રી ને પાર્વતી ! જુદાં જુદાં સ્વરૂપે મારા સતીત્વની કસોટી કરવા આવ્યાં છે ? એ મહાદેવીઓને પણ પતિવ્રતાનો પ્રભાવ બતાવું. (પ્રકાશ) મૂરખ ! મારા બોલ મિથ્યા કરવા સ્વયં લક્ષ્મી, સાવિત્રી અને પાર્વતી પણ સમર્થ નથી.' અનસૂયા જેવા ઉત્કૃષ્ટ પાત્રના મુખમાં આવા અભિમાનસૂચક શબ્દો શોભતા નથી.

‘કુંવારી કન્યાને સ્વર્ગમાં આવવાનો અધિકાર નથી માટે પાછી જા. પતિસેવા કરીને આવજે!’ એવા ઇન્દ્રના આદેશાનુસાર અંધ કૌશિકને પતિ તરીકે સ્વીકારનાર નર્મદાને કૌશિક આરંભમાં જ કહે છે કે, ‘તારા સમાગમથી ખરેખર! મારો ઉદ્ધાર થઈ ગયો.’ પણ એ જ કૌશિક આ પ્રતિવ્રતા નારીના સાંનિધ્યમાં અન્ય સ્ત્રીને ગુસ્સે થઈને ‘તારો બાપ આંધળો! તારી મા આંધળી! સુરદાસ કહેતાં શરમ આવે છે?’ વગેરે વાકયો બોલે છે તેથી તત્કાલીન પ્રેક્ષકસમાજનું મનોરંજન સધાતું હશે પણ એ પાત્રને સુસંગત નથી, કારણ એ જ પાત્ર પાછું પુરુષોની શ્રેષ્ઠતાની વિદ્વત્તાભરી વાતો કરતું હોય છે. માંડવ્ય ઋષિ એમને ‘નિર્દંભ આંધળો!’ કહે છે ત્યાં ફરી એ ક્રોધાવિષ્ટ થઈ કહે છે ‘હવે આંધળો આંધળો કહ્યા વિના મૂગો મરને. કે ચમત્કાર બતાવું?’ (લાકડી ઉગામે છે) આ દંડાનો એક એવો સપાટો લગાવી દઈશ કે સીધો યમદ્વાર જ પહોંચી જઈશ.’ આમ નર્મદાના પતિ તરીકેની ઉત્કૃટતા એ પાત્રમાં વિકસતી નથી.

તે જ પ્રમાણે માંડવ્ય ઋષિના પાત્રનું છે. સમાધિમાં રહેનારા મુનિ જેમને બચાવવા માટે લેખકને સાક્ષાત્ ધર્મરાજાનો રંગભૂમિ ઉપર પ્રવેશ કરાવવો પડ્યો અને ધર્મરાજા તરફથી જેમને ‘તમે સંયમી છો, વેદનો સાર પામ્યા છો’ વગેરે દ્વારા પ્રમાણપત્ર મળે છે એવા ઋષિ શૂળી તરફ દષ્ટિપાત કરતાં ‘સારું થયું કે હું સમાધિસ્થ હતો એ દશામાં જ આ બધું ઊકલી ગયું. નહિ તો આ ભયંકર શૂળીની વેદના શી રીતે સહન થાત?’ જેવાં વાકયો બોલે એ તેમના ઋષિપદને જેબ આપતાં નથી. વળી સુરદાસ કૌશિક ભજન ગાતા ગાતા આવે છે અને સમાધિમાં નહિ પણ સંપૂર્ણ જાગ્રતાવસ્થામાં છે એવા માંડવ્ય પર પડે અને એકાએક ઋષિ તેને ‘સૂર્યોદય થતાં જ શબવત્ થા’ એવો શાપ આપે એ તો કેવળ નર્મદાના પાતિવ્રત્યને ક્રિયાત્મક કરવા માટેની તરકીબ છે એ સ્પષ્ટ જણાઈ આવે છે. માંડવ્ય પણ ‘જાગ રે જીવ! સંભાળને શ્રીહરિ,’ ગાતા કૌશિકને ઉદ્દેશી ‘મહા મદથી છકેલા આ મનુષ્યે અંધ બની મારા જેવા તપધારી બ્રાહ્મણને પાદુપ્રહાર કરતાં પાછું જોયું નહિ. એ શિક્ષાને પાત્ર જ છે’ જેવાં દેખીતી રીતે જ અપ્રતીતિકર વાકયો ઉચ્ચારે એથી નાટકની ક્રિયાને અવકાશ મળે છે પણ પાત્રાલેખન સગવડિયું બની જાય છે.

એ જ પ્રમાણે પતિ સાથે કુભારજાની જેમ વર્તતી કડવીનો ત્યાગ કરી અનુભવાનંદ જ્યારે અજ્ઞાતવાસ સ્વીકારે છે ત્યારે કડવી પિતૃગૃહ છોડી આખરે અનસૂયા માતાના આશ્રમમાં જાય છે. ત્યાં એને અનુભવાનંદનો ફરી મેળાપ થાય છે. પત્ની પતિને વર્ષો પછી મળે તોપણ તુરત ઓળખી કાઢે. અહીં તો બંને વચ્ચે લાંબો વાર્તાલાપ કરાવીને જ તેને અંતે બંનેનું મિલન સધાયું છે જે નાટ્યાત્મક કરતાં નાટકી વધારે લાગે છે.

પણ આ સૌ ત્રુટિઓ માટે લેખક જે તે સમયમાં ‘શેઠ’ના દોર્યા દોરાતા હતા તેમને શી રીતે દોષપાત્ર લેખાય? આજે આ જ નાટક એમને ફરી લખવાનું હોય તો એમાંના કેટલાય પ્રવેશો એ જુદી રીતે જ લખે એ નિર્વિવાદ છે.

આ નાટકનું ઉત્તમાંગ તે એનાં ગીતો છે. કવિચિત્રકાર ફૂલચંદભાઈ પુષ્ટિમાર્ગી હોઈ એમનામાં રહેલી સંગીતકલાને ભક્તિગીતોની રચનામાં સવિશેષ અભિવ્યક્તિ મળી છે. એ જમાનામાં એ ગીતો બહુજન સમાજમાં શોખથી ગવાતાં.

'અહો! બ્રહ્મનાદ ગાજે,
શો બ્રહ્મનાદ ગાજે,
રૂડો રાસ રચ્યો આજે બ્રહ્માંડમાં.'

જેવા મનમોહક રાસનું અભિવાદન તો કવિ ન્હાનાલાલ જેવા સાક્ષરરત્ને કર્યું હતું. તે ઉપરાંત

'મારે મોઢે મનાવી, રાજી કહેવરાવી, કલાવી પટાવી પૂછો શું તમે?'
'આંખ વિના અંધારું રે!'
'ચાહો જો તમે નરેશ દેશને કરવા આબાદાન'

વગેરે અનેક ગીતો તે સમયના ગુજરાતી ગૃહજીવનના અલંકારરૂપ બની ગયાં હતાં. નવરાત્રિ પ્રસંગે સ્ત્રીઓ તેમ જ લગ્નના વરઘોડામાં બેન્ડવાળા આ ગીતો શોખથી ગાતાં.

ધાર્મિક નાટક તરીકે તત્કાલીન સમાજને મનોરંજન સાથે પતિસેવાનું માહાત્મ્ય અને સતીનું સામર્થ્ય આ બંને બાબતો લેખકે અસરકારક રીતે રજૂ કરી છે. મહાસતી અનસૂયાના પાત્રને પૂરતો ઉઠાવ મળે એ રીતે કવિશ્રીએ નર્મદાના પાત્રની રચના કરી અન્ય પાત્રોનું મિશ્રણ પણ નાટકના મુખ્ય રસને પોષક બને એ રીતે કર્યું છે. તે સમયનાં નાટકોમાં નાટક સાથે સંબંધ ન ધરાવતાં 'કૉમિક' પાત્રોવાળાં પ્રહસનો રજૂ થતાં. આપણા કવિશ્રીએ એથી થતી રસક્ષતિનો ખ્યાલ રાખી હાસ્યરસને પણ નાટક સાથે સુસંગત એવાં પાત્રો દ્વારા જ પીરસ્યો છે એ એમની વિશેષતા છે. આવી કલાકૃતિને મૂલવવા જતાં અત્યારના સમાજની રુચિનો કે અત્યારનાં સુરુચિનાં ધોરણોનો વિચાર ભાગ્યે જ થઈ શકે. એ દૃષ્ટિએ જોતાં તે સમયનાં અભિનયક્ષમ નાટકોમાં કવિ-ચિત્રકાર ફૂલચંદભાઈનાં નાટકોનું સ્થાન આગવું જ ગણાય, એવાં નાટકોમાં 'મહાસતી અનસૂયા'-નું સ્થાન અભિનેય નાટકોના માર્ગસૂચક સ્તંભ તરીકેનું રહેવાનું.

ભાઈલાલ કોઠારી

* * *

[૧] '**प्रकृति से वर्षाज्ञान–पूर्वार्द्ध:**' પૃ. ૧૫ + ૨૯ + ૧-૨૪૦ + ૭૩. [૨] **प्रकृति से वर्षाज्ञान–उत्तरार्द्ध:** પૃ. ૨૧ + ૪૦ + ૧-૨૭૦ + ૩૭. બેઉના લેખક: ડા. જયશંકર દેવશંકરજી શર્મા; પ્રકાશક: શ્રી અગરચંદ નાહટા, સંચાલક: રાજસ્થાની સાહિત્ય પરિષદ, બીકાનેર. મૂલ્ય–દરેક ખંડનું રૂપિયા પાંચ.

વર્ષા કૃષિપ્રધાન ભારતના પ્રાણ સમાન છે. આથી વર્ષાની આગાહી માટેની જન-જિજ્ઞાસા પ્રાચીન કાલથી જ ઉત્કટ છે. વરાહમિહિરે આનો પડઘો પાડતાં કહ્યું છે:—

"अन्नः जगतः प्राणः प्रावृट्कालस्य चान्नमायतम् ।
यस्मादतः परीक्ष्य प्रावृट्कालः प्रयत्नेन ॥"

પ્રાવૃટ્કાલની પરીક્ષા ભારતભરમાં આમ-જનતા માટે પરમ રસનો વિષય બની છે. પંજાબથી કન્યાકુમારી સુધી અને કચ્છથી આસામ પર્યંત વર્ષાવિજ્ઞાનને લગતી વિવિધ કહેવતો પ્રચલિત છે અને બહુધા તે કંઠોપકંઠ પ્રચાર પામે છે. અલબત્ત, પ્રત્યેક પ્રદેશની વર્ષાવિષયક પરિસ્થિતિ અનુસાર તેમાં વીગતોની થોડીક ભિન્નતા હોય છે.

પણ કમી વરસાદવાળા પ્રદેશો, કે જ્યાં અવારનવાર અનાવૃષ્ટિનો ભય માથે ઝઝૂમતો હોય છે ત્યાં, વર્ષાવિજ્ઞાનને લગતી કહેવતો તથા આગાહીસૂચક વાક્યોની પ્રચુરતા જોવા મળે છે. તેવા પ્રદેશનો કૃષિકાર વર્ષના પ્રારંભથી જ વાયુ, વાદળ, વીજળી વગેરેનું બારીક અવલોકન કરતો રહે છે અને તે ઉપરથી પરંપરાપ્રાપ્ત કહેવતોના આધારે તે આગામી વર્ષાઋતુ વિષે અનુમાનો તારવે છે. એ પરંપરાગત જ્ઞાનમાં કવચિત્ અનુભવના આધારે સુધારો-વધારો પણ થતો હોય છે.

રાજસ્થાનનો મોટો ભાગ અને ઉત્તર ગુજરાત વારંવાર અલ્પ વૃષ્ટિ કે અનાવૃષ્ટિનો ભોગ બને છે. તેથી આ પ્રદેશની જનતા વર્ષાઋતુની સફળતા કે નિષ્ફળતાની આગાહી જાણવા ખૂબ જ આતુર રહે છે. તેની આ ઉત્કટ આતુરતાએ ત્યાં વર્ષાવિજ્ઞાનની અનેક કહેવતોને જન્મ આપ્યો છે. ભડલી અને ડંક-ડાક જેવા લોકકવિઓ પણ તે ઉત્કટ આતુરતામાંથી જન્મ્યા છે, એમ કહી શકાય.

ભડલી, ડાક, ઘાઘ, ખના વગેરે લોકજ્યોતિષના ઉદ્‌ગાતા અને પ્રચારકો ભારતભરમાં જાણીતા છે. પ્રદેશવાર તેમની વાણી પ્રચલિત છે, પણ આપણા અવલોક્ય ગ્રંથો રાજસ્થાનના વર્ષા-વિજ્ઞાનની કહેવતો સાથે સંબંધિત છે એટલે આપણે તે વાત વિશેષરૂપે વિચારીએ.

રાજસ્થાનમાં વર્ષાની આગાહીને સ્પર્શતી સેંકડો કહેવતો અને અનુભૂત વચનો પ્રચલિત છે. કેટલીક કહેવતો ભાષિક રૂપાંતર સાથે સ્થળાંતરિત પણ થયેલી જણાય છે. કૃષિ અને વર્ષાવિષયક આવી કહેવતો વગેરેનો સંગ્રહ, સ્વ. જગદીશસિંહજી ગહલોત, સ્વ. રામનરેશ ત્રિપાઠી વગેરેએ અગાઉ કરેલો છે. ઉત્તર પ્રદેશમાં કલેક્ટર તરીકે રહેલા એક ગુજરાતી સનંદી અમલદાર શ્રી વી. એન. મહેતાએ પણ ' યુક્ત પ્રાન્ત કી કૃષિ સંબંધી કહેવતો 'નો સંગ્રહ કરી તેમાં રાજસ્થાની કહેવતો પણ પ્રકારાન્તરે આપી છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે આ કહેવતોનું ઠીક ઠીક આદાન-પ્રદાન થયેલું છે. તે દષ્ટિએ આ અવલોકનકારે સંપાદિત કરેલ ' ભડલી વાક્યો 'ની પહેલી આવૃત્તિ સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય (અમદાવાદ) તરફથી સં. ૨૦૨૦માં પ્રગટ થઈ હતી તેમાં પણ રાજસ્થાની કહેવતોની વિચારણા કરી છે.

પણ રાજસ્થાનની કૃષિ કહેવતો અને વર્ષાવિજ્ઞાનનો અખૂટ ભંડાર ફંફોસી તેમાંથી એ પ્રદેશની બને તેટલી વધારેમાં વધારે કહેવતો તારવી, તુલના તથા સમજૂતી સાથે રજૂ કરનાર એક વિસ્તૃત ગ્રંથની જરૂર હતી. તે જરૂરિયાત મહદ્ અંશે સંતોષાય તેવી રીતે ' પ્રકૃતિ સે વર્ષા-જ્ઞાન 'ના બે દળદાર ખંડ પ્રગટ કરવા બદલ તેના લેખક શ્રી જયશંકર શર્મા તથા પ્રકાશક અગરચંદ નાહટા, જેઓ પોતે પણ આ વિષયના અભ્યાસી છે, તેમને ધન્યવાદ ઘટે છે.

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલની ભૂમિકા સાથે પ્રગટ થયેલા પૂર્વાર્દ્ધમાં પ્રવર્ષણ પ્રકરણથી પ્રારંભ કરી વાયુ દ્વારા વર્ષાજ્ઞાન સુધીના વિવિધ પ્રકારોને સ્પર્શતાં પદ્યમય કથનો ક્રમવાર રજૂ કરવામાં આવ્યાં છે. નક્ષત્રો અને ગ્રહોના યોગથી સૂચિત થતું વર્ષાજ્ઞાન, ગર્ભપ્રકરણ (જેમાં વર્ષાનો ગર્ભ રહેવાની વાત અને તેના પ્રસવ અર્થાત્ વૃષ્ટિની આગાહી વગેરે સમાવિષ્ટ થાય છે), ઉદ્‌ભિજ પદાર્થો દ્વારા વર્ષાજ્ઞાન, પ્રાણીઓ દ્વારા વર્ષાજ્ઞાન, વાદળો દ્વારા વર્ષાજ્ઞાન તથા વાયુઓ અને ઋતુઓ દ્વારા વર્ષાજ્ઞાન તેમ જ ગ્રહણ અને સંક્રાંતિ પરથી નિષ્પન્ન થતું વર્ષાજ્ઞાન વગેરે પૂર્વાર્દ્ધના વિષયો છે.

દોહા, ચોપાઈ આદિ રાજસ્થાનીય પદ્ય એકમોની નીચે હિંદી ભાષામાં સમજૂતી આપેલી છે. બેઉ ખંડોમાં તે પ્રમાણે હિંદી અનુવાદ ગદ્યમાં આપેલો છે તેથી સામાન્ય વાચકોને માટે સરળતા થઈ છે.

ઉત્તરાર્દ્ધ જે ડૉ. સૂર્યનારાયણ વ્યાસના 'કુછ શબ્દ' સાથે પ્રગટ થયો છે તેમાં ચૈત્ર માસથી પ્રારંભ કરીને ફાગણ સુધીના બારે માસનું વર્ષાજ્ઞાન જુદી જુદી તિથિઓવાર રજૂ કરેલું છે. ગુજરાતમાં માન્યતા છે કે, ભડલીએ દરેક તિથિવાર એક એમ વર્ષનાં ૩૬૦ વાકયો કહેલાં છે. અહીં દરેક તિથિનાં વાકયો તો મળતાં નથી, પણ કોઈ એક જ તિથિનાં બે, પાંચ કે સાત વાકયો જુદા જુદા ભાવાર્થવાળાં મળે છે. એ રીતે તિથિવિષયક યોગોની તુલના તથા ચકાસણી માટે પર્યાપ્ત સામગ્રી ઉપલબ્ધ થાય છે.

સંવત્સરની સર્વ પ્રથમ વર્ષાને પ્રવર્ષણ' કહેલી છે. એ પ્રવર્ષણકાલ ઉપરથી સુભિક્ષ કે દુર્ભિક્ષની આગાહીની રીત બતાવી છે, તે ગુજરાતીમાં ખાસ પ્રચલિત નથી. પણ આ પ્રકરણ સંપાદકે કોઈ જ્યોતિષ ગ્રંથમાંથી પદ્યમાં ભાષાંતરિત કરીને મૂકયું છે કે અસલ પ્રચલિતરૂપે છે તે સ્પષ્ટ સમજાતું નથી, કારણ પૂર્વાર્ધની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે : "કુછેક જ્યોતિષ ગ્રંથોમેં સે રાજસ્થાનીમેં અનુવાદ કર મૈંને યહ ગ્રંથ પૂર્વાર્દ્ધ ઔર ઉત્તરાર્દ્ધ કે રૂપ મેં તૈયાર કિયા હૈ।" મતલબ કે કવચિત્ કોઈ સામગ્રીને સંપાદકે અત્રતત્રથી પ્રાપ્ત કરી રાજસ્થાની પદ્યમાં ઢાળેલી છે. પણ જ્યાં આ પ્રમાણે કર્યું હોય ત્યં મૂળસ્થાનના ઉલ્લેખ સાથે પાદટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ, તે પ્રમાણે થયું નથી. પરિણામે કોઈ કોઈ પદ્ય-કથનોની મૌલિકતા વિષે સંશય પેદા થાય છે.

ઉદાહરણ તરીકે નીચેનું કથન જોઈએ :

"पूरवाखाडा होय जद, मिगसर सुकला आवै ।
गरमधारण होवण लागे गरग रुसी फरमावै ॥" (पूर्वार्द्ध पृ. ८६)

ગર્ગ ઋષિના કથન પ્રમાણે માગશરના શુકલ પક્ષમાં જે દિવસે પૂર્વાષાઢા નક્ષત્ર હોય તે દિવસથી વરસાદના ગર્ભનો સમય શરૂ થાય છે. આમાં આવતો 'ફરમાવૈ' ફારસી શબ્દ આ પદ્ય, પંક્તિઓની પ્રાચીનતા વિષે સંદેહ ખડો કરે છે. મારા નમ્ર મત પ્રમાણે આ વરાહ-મિહિરકૃત બૃહત્સંહિતાના નીચેના શ્લોકનો રાજસ્થાની અનુવાદ છે :

"मार्गशिर शुक्लपक्ष प्रतिपत्प्रभृति क्षपाकरेषाढाम् ।
पूर्वां वा समुपगते गर्भाणाम् लक्षणं ज्ञेयम् ॥"

માગશરની શુકલ પ્રતિપદાથી જે દિવસે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવે તે દિવસથી બધા ગર્ભોનાં લક્ષણ જાણવા.

તેવી જ રીતે ગર્ભનો પ્રસવ થવાનો કાલ પૃ. ૧૬ ઉપર પદ્યમાં રજૂ કરેલો છે તે પણ મૌલિક જણાતો નથી.

"શુકલ પક્ષ જો હોય તો, કૃષ્ણ પક્ષ કે માંય,
દિન ફી વેલા હોય તો, રાત સમય કે માંય.
પ્રાતઃ સંધ્યા હોય તો, સાયં લેવો જોય;
જો સંધ્યા સાયં હુવૈ, તો પ્રાતઃ વિરખા હોય."

આની સાથે સરખાવો નીચેનો સંસ્કૃત શ્લોક :

"सितपक्षभवाः कृष्णे शुक्ले कृष्णा द्युसंभवा रात्रौ ।
नक्तं प्रभवश्चाहनि सन्ध्याजाताश्च सन्ध्यायाम् ॥"

બીજાં પણ આવાં સ્થાન બતાવી શકાય, પણ વિસ્તાર અનાવશ્યક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જૂનાં પ્રચલિત કથનોની સાથે અનુવાદ કરેલા પદ્યાંશો ઉલ્લેખ કર્યા વગર અત્ર તત્ર ઉમેરી દેવાથી અભ્યાસીઓને ભ્રમમાં પડવાનો પ્રસંગ આવે.

પૂર્વાર્દ્ધની પ્રસ્તાવના પૃ. ૨૯ ઉપર 'વૃષ્ટિપ્રબોધ' ઉપરથી એક ગુજરાતી પદ્ય ઉદ્ધૃત કર્યું છે. તેની પહેલી બે પંક્તિઓ :

"આષાઢ સુદી પંચમીને દિવસે, જલબિંદુ જો પડશે રે;
માસ આષાઢ હી મેહજ આવી, સહુ સૂણજો ઉલ્લાસે રે."

આ પંક્તિઓની ભાષા, અતિ પ્રસ્તાર, ઢાળ વગેરે જોતાં તે પ્રાચીન પરંપરાની રચના જણાતી નથી. કોઈ પદ્યકારે કોઈ બીજા કથાનક ઉપરથી કરેલો શિથિલ અનુવાદ લાગે છે.

સંપાદકે તેમની ઉત્તરાર્દ્ધની પ્રસ્તાવનામાં તથા અન્યત્ર ગુજરાતી ભડળીવાક્યોનાં અવતરણ આપ્યાં છે. પ્રસ્તાવનામાં તે ઉદાહરણો નીચે 'ભડળીવાક્યો' એમ મોઘમ લખેલું છે. સંપાદકનું નામ આપ્યું નથી. આ અવલોકનકારે સંપાદિત કરેલાં ગુજરાતી ભડળીવાક્યો આ ગ્રંથના સંપાદકે જોયાં હોવાનું સહજ અનુમાન થાય; જોકે ચોક્કસ રીતે એમ કહેવાનું સાધન મળતું નથી.

સંપાદકે અનેક પાઠાંતરો પાદટીકામાં આપ્યાં છે, ત્યાં ગ્રંથ, કે કંઠસ્થ હોય તો પથકનો ઉલ્લેખ થવો જોઈતો હતો. વળી એક જ ભાવાર્થવાળાં કથનો સ્વલ્પ પાઠભેદને કારણે સ્વતંત્ર કથનો તરીકે છાપ્યાં છે, તે પણ અનાવશ્યક ગણાય. મહત્ત્વનાં પાઠાંતર હોય તો પાદટીકામાં યોગ્ય રીતે દર્શાવી શકાય.

અખાત્રીજના અનેક યોગ ઉત્તરાર્દ્ધમાં બતાવેલા છે, તેવો ને તેટલો વિસ્તાર ગુજરાતી ભડળીવાક્યોમાં જોવા મળ્યો નથી. શિયાળવાંના અવાજ ઉપરથી આગામી વર્ષાની આગાહીની કેટલીક વાતો ગુજરાતના ખેડૂતોમાં પ્રચલિત છે. પણ તેનાં કડીબદ્ધ વાક્યો ઉપલબ્ધ થયાં નથી, આ દૃષ્ટિએ આ ગ્રંથમાં શિયાળના જુદી જુદી દિશામાંના તથા રાત્રીના જુદા જુદા પ્રહરોના અવાજ ઉપરથી જે ભાવિકથન વિસ્તારપૂર્વક સૂચિત કરેલું છે તે અવલોકનીય બને છે.

જુદા જુદા વ્યવસાય-ધંધા કરનારા જેવા કે વણકર, ધોબી, ઢોલી, કુંભાર, હજામ, સોની, સુથાર વગેરેના અનુભવો ઉપરથી શીઘ્ર વર્ષાના જે સંકેતો દોહાઓ દ્વારા સૂચિત કરેલા છે તે રસપ્રદ અને વિજ્ઞાનસંમત છે. યથા :

"ધોળી રે ધોખૌ મિટયો, મન મેં હુયૌ હુલાસ।
ખમીર ઊઠ્યો હૈ દેગ મેં, હુઇ મેહ રી આસ॥"

ધોબીએ કપડાની દેગમાં ખમીર ઉઠેલું જોઈ, વર્ષા નજીક આવી એમ સમજી આનંદ અનુભવ્યો. તેવી જ રીતે કુંભાર-પ્રજાપત ચિંતાતુર થાય છે:

"કરૈ પ્રજાપત જોર, પણ વાસણ બિગડે ચાક પર।
મેહ મચાયો શોર, રોજી કિણ વિધ ચાલસી॥"

ચાક પર કાચાં વાસણ ઉતારતો કુંભાર બહુ કાળજી રાખે છે, છતાં વાસણ બરોબર ઊતરતાં નથી. વર્ષા નજીક આવી તેનું આ ચિહ્ન છે, એમ સમજી તે રોજીની ચિંતામાં પડે છે.

વાયુના પ્રવાહ વેદોક્ત માતરિશ્વાના હાથમાં વર્ષાની લગામ હોય એમ લાગે છે. આ ગ્રંથમાં અને પ્રસ્તાવનામાં સંપાદકે વાયુપ્રવાહ દ્વારા સૂચિત થતા વર્ષાજ્ઞાનની કાળજીભરી આલોચના કરી છે, તે આ વિષયના અભ્યાસીઓ માટે ખાસ અવલોકનીય છે.

રાજસ્થાનીમાં જેને 'પરવા' કહે છે તે પૂર્વમાંથી વાતો વાયુપ્રવાહ છે. તેવી જ રીતે વાયવ્ય કોણમાંથી આવતા વાયુના પ્રવાહને રાજસ્થાનીમાં 'સૂર્યો' કહે છે. 'પરવા' ભાદરવામાં જોરદાર હોય તો ભારે વર્ષા થાય છે. આ હકીકતનો સૂચક 'સૂર્યો' તથા 'પરવા' નો સંવાદ જાણવા જેવો છે. સૂર્યો પરવા બાઈને પૂછે છે: "તૂં ગડા મેંહ કઠાસૂં લાઈ!" (તું આટલો બધો મેહ ક્યાંથી લાવી?). પરવા ગર્વથી જવાબ આપે છે:

"ઘડી બે ઘડી જે ચાલણ પાઊં, તો ઘર બૈઠી પણિહાર ભરાઊં।
ખૂંટાં બૈઠ્યા પાડા પાઊં, જદ સૂર્યોકી બૈન (પરવા) કૈવ્હાઊં॥"

જો મને ઘડી બે ઘડી ચાલવાનું–પ્રવાહિત થવાનું મળે તો એટલો વરસાદ લાવું કે, પાણિયારીને કૂવા તળાવે જવું ન પડે અને પાડાં-ભેંસ વગેરેને તેમના ખીલે બેઠાં બેઠાં પાણી પીવડાવું; તો જ હું સૂર્યોની બહેન પરવા ખરી કહેવાઉં.

છેવટે, વર્ષાવિજ્ઞાન-ભડળી સાહિત્યની ઉક્તિઓમાં આવતા વદિ અને સુદિના ઉલ્લેખો જે દ્વિધા ખડી કરે છે તેનો વિચાર કરવો ઇષ્ટ છે. અભ્યાસીઓ માટે આ મોટી ગૂંચવણ છે. ગુજરાતમાં અમાસે માસ પૂરો થાય છે અને શુકલ પક્ષના પડવાથી નવો માસ શરૂ થાય છે, જ્યારે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પુમાન્ત માસ ગણાય છે. પૂનમે એક માસ પૂરો થાય છે અને વદિ પડવાથી નવો માસ શરૂ થાય છે. પરિણામે બેઉ પ્રદેશોમાં પ્રત્યેક મહિનાનો શુકલ પક્ષ તો એકસરખો હોય છે; પણ ગુજરાતી કારતક માસનો કૃષ્ણ પક્ષ તે રાજસ્થાનમાં માગશરનો કૃષ્ણ પક્ષ ગણાય છે. ગુજરાતના કારતક વદિ પડવાથી રાજસ્થાનમાં માગશર મહિનો બેસી જાય છે.

આથી ભડલી વાકયોમાં જ્યાં વદિ કહી હોય ત્યાં તે ગુજરાતના મહિનાની વદિ જાણવી કે રાજસ્થાનના મહિનાની તે પ્રશ્ન ખડો થાય છે. 'પહેલો પક્ષ' (પખવાડિયું) એમ કહ્યું હોય ત્યાં રાજસ્થાની કે ગુજરાતી મહિનાનો પહેલો પક્ષ સમજવો કે કેમ તે પણ દ્વિધાજનક છે. ગુજરાતનાં કેટલાંક ભડલી વાકયો રાજસ્થાનમાં ગયાં છે અને ત્યાંથી ઘણાં અહીં આવ્યાં છે. એટલે આ વિષે ચોક્કસ નિયમ બાંધવાનું શકય નથી. સંદર્ભ, બીજા યોગોની તુલના અને સતત અભ્યાસ આમાં

માર્ગદર્શક થઈ શકે. છતાં આ ગ્રંથના ઉત્તરાર્ધની પ્રસ્તાવનામાં આ વિષે ચર્ચા કરીને સંપાદકે શુકલ પક્ષના આરંભ સાથે જ માસની શરૂઆત ગણવી તે જયોતિષસંમત માનેલ છે. શુદ્ધ જયોતિષજ્ઞાન ઉપરથી ઊતરેલી કહેવતો માટે તો આ બરોબર છે. પણ લોકપ્રચલિત કહેવતો માટે તો તેમના સંદર્ભાદિ અનુસાર જ અભ્યાસીએ યોગ્ય નિર્ણય કરવો ઇષ્ટ લેખાશે.

કંઈક લાંબું બનેલું આ અવલોકન સમાપ્ત કરતા પહેલાં એક કૂટસ્થાનના નિર્દેશ કરી સ્પષ્ટતા કરવી આવશ્યક લાગે છે. ગ્રંથના પૂર્વાર્ધમાં પૃ. ૩૯ ઉપર રોહિણી નક્ષત્રને લગતાં બે કથનો ટાંક્યાં છે. બંનેનો ભાવાર્થ સરખો છે, છતાં બેઉની નીચે ભિન્ન ભિન્ન સમજૂતીઓ આપેલી છે અને તે બેઉ અર્થહીન જેવી લાગે છે. વાકચ આ પ્રમાણે છે :

રોહિણી કે દિન રોહિણી ઘડી એક જો હોય;
કાલ પડત અતિ આકરો, વિરલો જીવે કોય.

સંપાદકનો અર્થ :—" જે દિવસે રોહિણી નક્ષત્ર હોય તે દિવસે લગ્નમાં સૂર્ય રોહિણીની વચ્ચે એક ઘડી માટે આવી જાય તો ભયંકર દુકાલ પડે." અહીં લગ્નમાં સૂર્યનું આવવું એ શબ્દપ્રયોગ અર્થહીન છે. ક્ષિતિજમાં ઊગતી–ઉદયમાન દરેક રાશિને લગ્ન કહે છે. સવારે સૂર્ય ઉદય વખતે સૂર્યની જે રાશિ હોય તે રાશિનું લગ્ન તે વખતે ગણાય છે. બબે કલાકે લગ્ન બદલાય છે. એટલે સંપાદક શું કહેવા માગે છે તે સમજાતું નથી. વળી તેની નીચે એ જ વાકચનું પાઠાંતર આપી કંઈ નવો જ કલ્પિત અર્થ સમજાવે છે : " સૂર્ય રોહિણી નક્ષત્ર પર આવી જાય અને એક ઘડી ભર પણ આકાશમાં વીજળી દેખાય તો ભયંકર અકાલ પડે."

અહીં વીજળી શબ્દ કયાંથી અને શા માટે નાખ્યો તે સમજાતું નથી. સૂર્ય રોહિણીમાં આવી લગભગ ૧૪ દિવસ રહે છે. ત્યાં સુધી એક ઘડી પણ વીજળી થાય તો દુકાળ પડે એવો અર્થ શી રીતે ઘટાવી શકાય ? રોહિણીનો અર્થ 'વીજળી' એવો પણ શી રીતે થાય ?

આ કૂટસ્થાન સમજાવવા જતાં આ અવલોકન લખનારે પણ તેના 'ભડળીવાકચો'ના સંપાદનમાં ગોથું ખાધું હતું. પણ હવે સ્પષ્ટ અર્થ બેસાડ્યો છે તે અહીં રજૂ કરું છું: "ચંદ્રના રોહિણી નક્ષત્રમાં એક ઘડી પણ સૂર્યનું રોહિણી નક્ષત્ર આવે તો દુકાળ પડે." રોહિણીમાં સૂર્ય તા. ૨૪ મેથી ૬/૭ જૂન સુધી રહે છે. તે દરમ્યાન ચંદ્ર રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે તો (રોહિણી કે દિન રોહિણીનો) યોગ થાય છે. દર વરસે આ યોગ બનતો નથી. સં. ૨૦૨૭ તથા સં. ૨૦૨૯માં આ યોગ થયો હતો.

'પ્રકૃતિ સે વર્ષાજ્ઞાન'ના બેઉ ખંડો આવકારપાત્ર છે. ગુજરાતી અને બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ આવા માહિતીપૂર્ણ ગ્રંથો રચાય તે ઇષ્ટ છે. એથી જુદા જુદા પ્રદેશોના વર્ષાવિજ્ઞાનને લગતા પરંપરાગત સાહિત્યની તુલના માટેની ભૂમિકા સરળ બનશે.

જેઠાલાલ ત્રિવેદી

* * *

સાભાર સ્વીકાર

૧ **હેમાંજલિ :** લે. બાલકૃષ્ણ ચૂનીલાલ જોષી, પ્રકાશક : બાલકૃષ્ણ ચૂનીલાલ જોષી, સોનાવાલ બિલ્ડિંગ સામે, પ્રો. માણેકરાવ રોડ, રાવપુરા, વડોદરા-૧, પૃ. ૩૨.

૨ **રાજા ટોડરમલ :** લે. ડૉ. જે. એમ શાહ, પ્રકાશક : ડૉ. જે. એમ શાહ, આચારવાડી ખડકી, ભરૂચ. પૃ. ૨૪, કિંમત : રૂા. ૧=૨૫.

૩ **યુગપુરુષ પંતજલિ :** લે. જેઠાલાલ નારાયણ ત્રિવેદી, પ્રકાશક : ધનરાજ ઘાસીરામ કોઠારી, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૪૪૪, કિંમતઃ રૂા. ૧૦=૦૦.

૪ **ભગવાન પતંજલિ :** લે. ડૉ. જે. એમ શાહ, પ્રકાશક : ડૉ. જે. એમ શાહ, આચારવાડી, ખડકી, ભરૂચ. પૃ. ૪૩૨, કિંમત : રૂા. ૧૦=૫૦.

૫ **જ્ઞાન-ગંગોત્રી ગ્રંથશ્રેણી-૧૪ : ઇજનેર દર્શન :** લે. બંસીધર ગાંધી, એન. આર. દવે અને બીજા, પ્રકાશક : કાંતિભાઈ અમીન, રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પૃ. ૩૭૨, કિંમત : રૂા. ૩૦=૦૦.

૬ **ભાષાવિજ્ઞાનના અર્વાચીન અભિગમો :** લે. પ્રબોધ બેચરદાસ પંડિત, પ્રકાશક : શ્રી ઇશ્વરભાઈ જે પટેલ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પૃ. ૫૬, કિંમત : રૂા. ૩=૦૦.

૭ **સંસ્કારલક્ષી શિક્ષણ :** લે. શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ, પ્રકાશક : મંત્રીઓ, શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિ, C/o ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯, પૃ. ૪૯૦, કિંમત : રૂા. ૧૫=૦૦.

૮ **નરસૈંમહેતા : વ્યક્તિત્વ અને કર્તૃત્વ :** લે. જેઠાલાલ ત્રિવેદી, પ્રકાશક : જેઠાલાલ નારાયણ ત્રિવેદી, (ઉ. ગુજરાત) રાંધેજા, પૃ. ૨૦૮, કિંમત : રૂા. ૭=૦૦.

સ્વાધ્યાય

પુસ્તક ૧૧ : અંક ૨ — જાન્યુઆરી, ૧૯૭૪

વસંતપંચમી — વિ. સં. ૨૦૩૦

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	વીસમી સદીના ઇંગ્લેંડમાં ફિલસૂફીનો વિકાસ—સુનયના હ. દિવેટિયા	૧૨૧–૧૨૮
૨.	ધર્મયશોનિધિ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ...	૧૨૯–૧૪૫
૩.	કાલિદાસની કૃતિઓ—બિપિનચંદ્ર કાપડિયા	૧૪૬–૧૫૯
૪.	ગુરુફાગ (પંદરમી સદીનું એક અજ્ઞાત ફાગુકાવ્ય)—અગરચંદ નાહટા	૧૬૦–૧૬૩
૫.	ઝાલોદ વિસ્તારના ભીલોમાં વંશ અને ગોત્રવ્યવસ્થા—અરવિંદ ભટ્ટ, અમરસિંહ મુનિયા...	૧૬૪–૧૮૦
૬.	ગુજરાતના તત્ત્વચિંતક શ્રી નર્મદાશંકર દે. મહેતા—મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર) ...	૧૮૧–૧૮૬
૭.	મૌલવી મહેશપ્રસાદજી સાધુ—છોટુભાઈ રણછોડજી નાયક ...	૧૮૭–૧૯૨
૮.	ગ્રન્થાવલોકન :	
	(૧) આદિકવિની આર્ષવાણી ...	૧૯૩–૧૯૪
	(૨) મહાસતી અનસૂયા ...	૧૯૪–૧૯૭
	(૩) प्रकृतिसे वर्षाज्ञान-पूर्वार्द्ध, उत्तरार्द्ध ...	૧૯૭–૨૦૨
	(૪) સાભાર સ્વીકાર ...	૨૦૩

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.**: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૭=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી	૬=૦૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૨=૦૦
૯.	**હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૪=૫૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, ૨	૧=૭૫
૩.	,, ,, ,, ૩	૪=૦૦
૪.	**નિરુત્તમા**	૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ: મનનિકા સહિત)	૧=૭૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦
૯.	**મ્હારાં સોનેટ** (બીજી આવૃત્તિ: બીજું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૩=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૨=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક: ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૧=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૨=૦૦

પ્રાપ્તિસ્થાન:
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,
વડોદરા



વરસ વીતતાં વાર નથી લાગતી અને આપની દીકરીના લગ્નનો અવસર આવી પહોંચે છે. આને લગતો ખર્ચ કરવા માટે આપે જોગવાઈ કરી છે?
દેના બેંકમાં બચતખાતું અથવા ફિક્સડ ડિપોઝિટ ખાતું ખોલીને અત્યારથી જ નિયમિત બચત કરવા માંડો.

દેના બેંકની બીજી ૬ બચત યોજનાઓ :
સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ યોજના • માસિક સેવિંગ્સ -કમ-એન્યૂઇટી યોજના • વિવિધલક્ષી ડિપોઝિટ યોજના
કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી બચત ડિપોઝિટ યોજના.

દેના બેંક
(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

Ratan Batra/DB/G/237

everest/365 k /ACW Guj


જયારે જીવન મૂલ્યો બદલાય છે....
પહેલા એમ કહેવાતું
"अष्टपुत्रा भव"
હવે—
"માત્ર બે બાળકો જ બસ છે"
જીવન તો વહેતી સરિતા છે
એને કોઇ ચોક્કસ સ્થળે સ્થગિત.
કરી શકાય નહી...
જમાનો બદલાય એમ જૂનાં મૂલ્યો
બદલાય છે...
નવા મૂલ્યાંકન સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...
કુટુંબ નિયોજન
વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ



જ્યોતિ

ઉત્પાદક:
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed



everest/716a/JY g

બૅન્ક ઑફ બરોડા હવે આપશે નાણાંકિય સહાય વિચક્ષણ વિદ્યાર્થીઓ માટે.



કોલેજના શિક્ષણ માટે, અનુસ્નાતક અભ્યાસ માટે અથવા ટેકનીકલ કે વ્યાવસાયિક વિષયોના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે તેમજ વધુ તાલીમાર્થે વિદેશપ્રવાસ માટે વિદ્યાર્થીઓને હવે નાણાંકિય સહાય મળી રહેશે.

વધુ વિગતો માટે આપની નજીકની બૅન્ક ઑફ બરોડાની શાખાના એજન્ટને મળો. એ આપને તમામ જરૂરી માર્ગદર્શન આપશે.

આપની પ્રગતિનું સોપાન—

બેંક ઑફ બરોડા

ભારતમાં તથા પરદેશો – બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ ફીજીટાપુઓ અને ગિયાનામાં મળીને ૬૨૫ ઉપરાંત શાખાઓનું જૂથ.

Shilpi BOB-1/72-1510 Guj

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૬=૮૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૩=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૯	**માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૫=૬૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૨=૦૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૪=૫૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર	૧૩=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૦=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૨=૦૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૦=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૪=૬૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૧=૦૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૯=૦૦
૨૪	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૩=૦૦
૨૫	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૬=૦૦
૨૬	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૦=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,

રાજમહેલ રોડ, વડોદરા



સૂર્યમન્દિર, ભાંખર (મહેસાણા જિલ્લો)

[કવરપેજના ફોટા : ડૉ. હરિલાલ ગૌદાનીના સૌજન્યથી]